અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૩ ડિસેમ્બર ૨૦૨૪, સોમવાર
વિક્રમ સંવત ૨૦૮૧, માગશર વદ ૮
વર્ષ : ૧૬
અંક : ૧૭૨
તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ
કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### વડાપ્રધાન મોદીને મળ્યુ કુવૈતનું સર્વોચ્ચ સન્માન । નરેન્દ્ર મોદીને મળેલુ આ ૨૦મું આંતરરાષ્ટ્રીય સન્માન છે

# 'ધ ઓર્ડર ઓફ મુબારક અલ કબીર'થી વડાપ્રધાન મોદીને સન્માનિત કરાયા

। (એજન્સી) કુવૈત, તા.૨૨ ।

વડાપ્રધાન મોદી બે દિવસની કુવૈત મુલાકાતે છે. ૪૩ વર્ષ બાદ કોઈ ખાડી દેશની મુલાકાત લેનાર પીએમ મોદી પ્રથમ ભારતીય પ્રધાનમંત્રી છે. કુવૈતે પીએમ મોદીને તેમના સર્વોચ્ચ સન્માન 'ધ ઓર્ડર ઓફ મુબાર અલ કબીર' થી સન્માનિત કર્યા છે. કોઈ દેશ દ્વારા મોદીને અપાયેલુ આ ૨૦ મું આંતરરાષ્ટ્રીય સન્માન છે. 'ધ ઓર્ડર ઓફ મુબારક અલ કબીર' કુવૈતનો નાઈટહુડ ઓર્ડર છે. આ ઓર્ડર મિત્રતાના પ્રતિક રૂપે રાષ્ટ્રાધ્યક્ષો અને વિદેશ પ્રમુખો તેમજ વિદેશી શાહી પરિવારોના સદસ્યોને આપવામાં આવે છે. આ પહેલા બિલ ક્લિન્ટન, પ્રિન્સ ચાર્લ્સ અને જ્યોર્જ બુશ સહિતના નેતાઓને આ સન્માન મળી ચુક્યુ છે.

શનિવારે બે દિવસની મુલાકાતે કુવૈત પહોંચેલા પીએમ મોદી ૪૩ વર્ષમાં ખાડી દેશની મુલાકાત લેનારા પ્રથમ ભારતીય વડાપ્રધાન છે. કુવૈતની મુલાકાત લેનાર છેલ્લા ભારતીય વડાપ્રધાન ઈન્દિરા ગાંધી હતા, જેમણે ૧૯૮૧માં કુવૈતની મુલાકાત લીધી હતી. ભારત કુવૈતના ટોચના વ્યાપારિક ભાગીદારોમાંનું એક છે. કુવૈતમાં સૌથી વધુ પ્રવાસી ભારતીયો વસે છે. આ ગલ્ફ કન્ટ્રી ભારતના ટોચના વેપારી ભાગીદારોમાંનો એક છે. કુવૈત સાથે દ્વીપક્ષીય વ્યાપાર નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ૧૦.૪૭ મિલિયન અમેરિકન ડોલર રહ્યો છે. કુવૈત ભારતનું છઠ્ઠું સૌથી મોટું ક્રૂડ ઓઈલ સપ્લાયર છે, જે દેશની ૩ ટકા ઉર્જા જરૂરિયાતો પૂરી કરે છે. કુવૈતમાં ભારતીય નિકાસ પ્રથમવાર યુએસ $2 બિલિયન સુધી પહોંચી છે, જ્યારે કુવૈત ઈન્વેસ્ટમેન્ટ ઓથોરિટી દ્વારા ભારતમાં રોકાણ US$10 બિલિયનને વટાવી ગયું છે.



### વડાપ્રધાન મોદીને મળેલા આંતરરાષ્ટ્રીય સન્માનોની યાદી

| | |
|---|---|
| જુલાઈ ૨૦૨૩ | : ફ્રાન્સે પીએમ મોદીને લીજન ઓફ ઓનરથી સન્માનિત કર્યા. |
| જૂન ૨૦૨૩ | : ઇજિપ્તમાં ઓર્ડર ઓફ ધ નાઇલ થી સન્માનિત કરાયા. |
| મે ૨૦૨૩ | : પાપુઆ ન્યુ ગિની દ્વારા કમ્પેનિયન ઓફ ધ ઓર્ડર ઓફ લોગોહુ પુરસ્કાર. |
| મે ૨૦૨૩ | : પીએમ મોદીને ફિજીમાં કમ્પેનિયન ઓફ ધ ઓર્ડર ઓફ ફિજીથી સન્માનિત કરવામાં આવ્યા. |
| મે ૨૦૨૩ | પલાઉ ગણરાજ્ય દ્વારા પીએમ મોદીને અબાકાલ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા. |
| ૨૦૨૧ | : ભૂટાને પીએમ મોદીને ડ્રૂક ગ્યાલ્પોથી સન્માનિત કર્યા. |
| ૨૦૨૦ | : અમેરિકાએ પીએમ મોદીને લીજન ઓફ મેરિટ એવોર્ડથી સન્માનિત કર્યા. |
| ૨૦૧૯ | : પીએમ મોદીને બહેરીન દ્વારા કિંગ હમાદ ઓર્ડર ઓફ ધ રેનેસાંથી સન્માનિત કરવામાં આવ્યા. |
| ૨૦૧૯ | : માલદીવે નિશાન ઇઝુદ્દીનના ઓર્ડર ઓફ ધ ડિસ્ટિંગ્વિશ્ડ રૂલથી પણ નવાજ્યા. |
| ૨૦૧૯ | : રશિયાએ પીએમ મોદીને ઓર્ડર ઓફ સેન્ટ એન્ડ્રૂ એવોર્ડથી સન્માનિત કર્યા. |
| ૨૦૧૯ | : PM મોદીને UAE દ્વારા ઓર્ડર ઓફ ઝાયેદ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા. |
| ૨૦૧૮ | : પીએમ મોદીને ગ્રાન્ડ કોલર ઓફ ધ સ્ટેટ ઓફ પેલેસ્ટાઈન એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા. |
| ૨૦૧૬ | : મોદીને અફઘાનિસ્તાન દ્વારા સ્ટેટ ઓર્ડર ઓફ ગાઝી અમીર અમાનુલ્લા ખાન એવોર્ડ એનાયત કરવામાં આવ્યો. |
| ૨૦૧૬ | : વડાપ્રધાનને સાઉદી અરેબિયા દ્વારા ઓર્ડર ઓફ અબ્દુલ અઝીઝ અલ સઉદથી નવાજવામાં આવ્યા હતા. |

## ન્યૂઝ બ્રિફ

### મારે ત્રણ કંપનીઓ સાથે કોઈ સીધો સંબંધ નથી : રોબિન ઉથપ્પા



। નવી દિલ્હી, તા.૨૨ ।

ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર રોબિન ઉથપ્પાએ હાલમાં જ સોશિયલ મીડિયા પર એક ટ્વિટ કરીને તેના પર લાગેલા આરોપો અંગે સ્પષ્ટતા આપી છે. ઉથપ્પાએ જણાવ્યું હતું કે તેમનો સ્ટ્રોબેરી લેન્સરિયા પ્રાઈવેટ લિમિટેડ, સેંટૌરસ લાઈફસ્ટાઈલ બ્રાન્ડ્સ પ્રાઈવેટ લિમિટેડ અને બેરી ફેશન હાઉસ - ત્રણ કંપનીઓ સાથે કોઈ સીધો સંબંધ નથી. રોબિન ઉથપ્પાએ ૨૦૧૮-૧૯માં આ કંપનીઓને નાણાકીય યોગદાન તરીકે લોન આપી હતી, જેના બદલામાં તેમને ડિરેક્ટર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. જોકે, તેમણે સ્પષ્ટતા કરી હતી કે આ કંપનીઓમાં તેમની કોઈ એક્ઝિક્યુટિવ ભૂમિકા નથી અને ન તો તેઓ રોજબરોજના કામકાજમાં સામેલ હતા.

### અમેરિકન કોર્ટના ચુકાદા બાદ કોંગ્રેસે કેન્દ્રને પૂછ્યા સવાલ

। નવી દિલ્હી, તા.૨૨ ।

પેગાસસ સ્પાઈવેર મામલે ફરી એકવાર કોંગ્રેસે મોદી સરકારને ઘેરી લીધી છે. કોંગ્રેસ નેતા રણદીપ સિંહ સુરજેવાલાએ મોદી સરકારને અનેક પ્રશ્નો કરતાં જવાબો માગ્યા છે. હાલમાં જ અમેરિકાની એક કોર્ટે ઈઝરાયલના એક એનએસઓ ગ્રૂપને દોષિત ઠેરવતાં ભારતમાં ફરી આ મામલો વકર્યો છે. ઈઝરાયલના એનએસઓ દ્વારા ડિવાઈસમાં પેગાસસ સ્પાઈવેર દાખલ કરી ૧૪૦૦ લોકોની માહિતી હેક કરવાનો આરોપ હતો. આ ૧૪૦૦ વોટ્સએપ યુઝર્સમાં ૩૦૦ ભારતીયો સામેલ હતાં. પીડિતોમાં ભારતમાંથી પત્રકારો, રાજકારણીઓ, કેન્દ્રીય મંત્રીઓ અને સરકારી અધિકારીઓ સામેલ છે. એનએસઓ ગ્રૂપે વારંવાર કબૂલ્યું હતું કે, આ ડીલ માત્ર સરકાર અને સરકારી એજન્સીઓ સાથે થઈ હતી.

### ભારતના વારસામાંથી ઘણું શીખી શકાય છે : જયશંકર

# ભારત તેના નિર્ણયો પર અન્ય લોકોને 'વીટો' લગાવવા દેશે નહીં : વિદેશ મંત્રી એસ જયશંકર

#### જયશંકરે કહ્યું કે જ્યારે ભારત વૈશ્વિક ચેતનામાં વધુ ઊંડાણપૂર્વક જોડાય છે, ત્યારે તેના પરિણામો ખરેખર ગહન હોય છે

। (એજન્સી) મુંબઈ, તા.૨૨ ।

વીટો પાવરના ઉપયોગને લઈને અનેક પ્રકારના પ્રશ્નો ઉભા થયા છે અને તેના ઉપયોગને લઈને દબાણ બનાવવા માટે ઘણા દેશો દ્વારા પ્રયાસો પણ કરવામાં આવી રહ્યા છે. આ અંગે વિદેશ મંત્રી એસ જયશંકરે કોઈપણ દેશનું નામ લીધા વગર સ્પષ્ટ મેસેજ આપ્યો છે.

તેમણે કહ્યું કે, ભારત ક્યારેય અન્ય લોકોને તેના નિર્ણયો વીટો કરવાની મંજૂરી આપશે નહીં અને કોઈપણ ડરને ધ્યાનમાં લીધા વિના રાષ્ટ્રીય હિત અને વૈશ્વિક સુખાકારી માટે જે યોગ્ય હશે તે કરશે. જયશંકરે કહ્યું કે ભારત આજે એક મહત્વપૂર્ણ મોરચે ઊભું છે. જ્યાં તેને વિકાસની નવી સંભાવનાઓ દેખાઈ રહી છે. જો કે કેટલીક જૂની સમસ્યાઓ હજુ પણ રહે છે. જેનો ઉકેલ લાવવાની જરૂર છે. મુંબઈમાં એક કાર્યક્રમમાં બોલતા એસ જયશંકરે



કહ્યું કે, જ્યારે ભારત વૈશ્વિક ચેતનામાં વધુ ઊંડાણપૂર્વક જોડાય છે, ત્યારે તેના પરિણામો ખરેખર ગહન હોય છે.

તેમણે કહ્યું હતું કે બિનઆરોગ્યપ્રદ આદતો, તણાવપૂર્ણ લાઈફસ્ટાઈલ અથવા વારંવાર હવામાનની ઘટનાઓ સાથે સંઘર્ષ કરતી દુનિયામાં ભારતના વારસામાંથી ઘણું શીખી શકાય છે, પરંતુ વિશ્વને તે ત્યારે જ ખબર પડશે જ્યારે દેશવાસીઓ તેના પર ગર્વ કરશે. જયશંકરે કહ્યું કે, ગ્લોબલાઈઝેશનના યુગમાં ટેક્નોલોજી અને પરંપરાને સાથે લઈને ચાલવું પડશે. તેમણે કહ્યું કે ભારત અનિવાર્યપણે પ્રગતિ કરશે. પરંતુ તેણે તેની ભારતીયતા ગુમાવ્યા વિના આ કરવું પડશે. તો જ આપણે બહુધ્રુવીય વિશ્વમાં સાચા અર્થમાં અગ્રણી શક્તિ તરીકે ઉભરી શકીશું.

આંતરરાષ્ટ્રીય શાંતિ અને સુરક્ષા જાળવવાની પ્રાથમિક જવાબદારી UNSCની છે. તેની સત્તાઓમાં શાંતિ જાળવણી કામગીરીમાં યોગદાન, આંતરરાષ્ટ્રીય પ્રતિબંધો લાગુ કરવા અને સુરક્ષા પરિષદના ઠરાવો દ્વારા લશ્કરી પગલાં લેવાનો પણ સમાવેશ થાય છે. હાલમાં યુએનએસસીના પાંચ સ્થાયી સભ્યો પાસે વીટો પાવર છે. વીટો પાવર એટલે કોઈપણ નિર્ણયને રોકવાની ક્ષમતા. આ રીતે સમજો, જો ૫ દેશોમાંથી કોઈ એક દેશ કોઈપણ નિર્ણયને રોકવા માંગે છે, તો તે વીટો પાવરનો ઉપયોગ કરીને તે નિર્ણયને રોકી શકે છે.

### કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીને નોટિસ પાઠવવામાં આવી

। બરેલી, તા.૨૨ ।

ઉત્તર પ્રદેશના બરેલી જિલ્લા કોર્ટે જાતિ ગણતરી પર નિવેદન આપવા બદલ લોકસભામાં વિપક્ષ નેતા અને કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીને નોટિસ પાઠવી છે. અરજદાર પંકજ પાઠકે અરજીમાં જણાવ્યું હતું કે, અમને લાગે છે કે, ચૂંટણી દરમિયાન જાતિ ગણતરી પર રાહુલ ગાંધી દ્વારા આપવામાં આવેલા નિવેદનો દેશમાં ગૃહ યુદ્ધ શરૂ કરાવી શકે છે. અમે અગાઉ પણ એમપી-એમએલએ કોર્ટમાં તેમની વિરૂદ્ધ કેસ દાખલ કર્યો હતો. ત્યારબાદ જિલ્લા જજ કોર્ટમાં પણ અપીલ સ્વીકારવામાં આવી હતી. અને રાહુલ ગાંધીને નોટિસ ફટકારાઈ હતી. નોટિસમાં ૭ જાન્યુઆરીની તારીખ આપી હતી.

### અમિત શાહ વિરુદ્ધ કોંગ્રેસ ખોલ્યો મોરચો

# આંબેડકરને લઈને ૨૪મીએ કૂચ, ૨૭મીએ રેલી યોજાશે

#### બાબાસાહેબ ભીમરાવ આંબેડકર વિશે અમિત શાહની ટિપ્પણીને લઈને કોંગ્રેસ ભાજપ પર પ્રહારો કરી રહી છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

રાજ્યસભામાં બંધારણ પર ચર્ચા દરમિયાન કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના નિવેદન સામેનો વિરોધ હજુ પણ સમાપ્ત નથી થઈ રહ્યો. આ નિવેદનના વિરોધ દરમિયાન સંસદમાં પણ હંગામો જોવા મળ્યો હતો. કોંગ્રેસ આ મામલાને કોઈપણ રીતે ખતમ થતો જોવા માંગતી નથી. આ જ કારણ છે કે કોંગ્રેસ હવે આ નિવેદનના વિરોધમાં દેશભરમાં એક નવું અભિયાન શરૂ કરવા જઈ રહી છે. ૨૪મી ડિસેમ્બરે આંબેડકર સન્માન કૂચ કાઢવાની સાથે કોંગ્રેસ ૨૭મી ડિસેમ્બરે બેલગાવીમાં એક મોટી રેલીનું આયોજન કરવા જઈ રહી છે. કોંગ્રેસના સાંસદ કેસી વેણુ ગોપાલે કહ્યું કે, વર્તમાન સમયમાં બંધારણની પ્રાસંગિકતાને ધ્યાનમાં રાખીને કોંગ્રેસે સંસદમાં તેના પર ચર્ચાની માંગ કરી હતી. ભાજપે કોંગ્રેસના નેતાઓનું અપમાન કરવાનો પ્રયાસ કર્યો હતો. આ સિવાય સંસદમાં અમિત શાહના નિવેદનથી તમામ નેતાઓ દુખી થયા છે. તેમણે કહ્યું કે અમિત શાહે, બાબા સાહેબનું અપમાન કર્યું છે. તેમણે કહ્યું કે હજુ સુધી આ મામલે અમિત શાહ કે પીએમ મોદીએ આંબેડકર મુદ્દે કરાયેલા ઉચ્ચારણો અંગે માફી માંગવામાં આવી નથી. આ જ કારણ છે કે હવે કોંગ્રેસ માફી માંગવા માટે સમગ્ર દેશમાં આ મુદ્દો ઉઠાવવા જઈ રહી છે. ડૉ. આંબેડકરના અપમાનના વિરોધમાં કોંગ્રેસ પાર્ટી ૨૪મી ડિસેમ્બરે દેશભરમાં આંબેડકર સન્માન માર્ચ કાઢશે. આ માહિતી કેન્દ્રીય મહાસચિવ કેસી વેણુગોપાલે આપી છે.

## જમ્મુ-કાશ્મીરમાં ૧.૨૭ લાખ રેશનકાર્ડ રદ કરવામાં આવ્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

આજે પણ ભારતમાં એવા ઘણા લોકો છે જેઓ પોતાના માટે બે ટાઈમ ભોજનની પણ વ્યવસ્થા કરી શકતા નથી. ભારત સરકાર આવા લોકોને રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ એટલે કે NFSA હેઠળ ઓછા ભાવે રાશન પૂરું પાડે છે. સરકાર આ સુવિધાનો લાભ લેવા માટે રેશન કાર્ડ જારી કરે છે. જેનો ઉપયોગ કરીને રાશન ડેપોમાંથી રાશન લઈ શકાય છે. રાશનકાર્ડ વગર ઓછા ભાવે રાશનની સુવિધા મેળવી શકાતી નથી. તાજેતરમાં સમાચાર આવ્યા છે કે ભારતના આ રાજ્યના ૧.૨૭ લાખ રેશનકાર્ડ રદ કરવામાં આવ્યા છે. જાણો કે જો કોઈનું રેશનકાર્ડ કેન્સલ થાય તો તે કેન્સલ થઈ જાય છે. તો પછી તેના માટે ફરીથી અરજી કેવી રીતે કરી શકાય? ભારતમાં ગરીબો અને જરૂરિયાતમંદોને રાશન કાર્ડ આપવામાં આવે છે. આ માટે સરકારે કેટલાક પાત્રતા માપદંડો નક્કી કર્યા છે. લોકોએ તે પાત્રતા માપદંડોને પૂર્ણ કરવા પડશે. ત્યાર બાદ જ તેમને રેશન કાર્ડ આપવામાં આવે છે. પરંતુ કેટલીકવાર જે લોકો અયોગ્ય હોય છે.

## સંભલમાં મંદિર બાદ હવે ૨૫૦ ફૂટ ઊંડી વાવ મળી

। (એજન્સી) સંભલ, તા.૨૨ ।

ઉત્તર પ્રદેશના સંભલમાં સતત નવા-નવા ખુલાસા થઈ રહ્યા છે. આ દરમિયાન ચંદૌસીમાં શનિવારે મહેસૂલ વિભાગે એક જમીનનું ખોદકામા કર્યું તો તેની નીચે વિશાળ વાવ મળી છે. હકીકતમાં, ચંદૌસીનો લક્ષ્મણ ગંજ વિસ્તાર ૧૮૫૭ પહેલાં હિન્દુ બહુમતિ ધરાવતો હતો. અહીં સૈની સમાજના લોકો રહેતા હતાં. પરંતુ, હવે અહીં મુસ્લિમ વસતી વધારે સંખ્યામાં છે. સંભલમાં ૪૬ વર્ષ જૂનું મંદિર મળ્યા બાદ DM ને એક ફરિયાદ પત્ર આપવામાં આવ્યો હતો, જેમાં કહેવામાં આવ્યું હતું કે, લક્ષ્મણ ગંજમાં પહેલાં બિલારીની રાણીની વાવ હતી. ત્યારબાદ ડીએમએ તપાસનો આદેશ આપ્યો હતો. શનિવારે મહેસૂલ વિભાગથી નાયબ મામલતદાર ધીરેન્દ્ર સિંહ વિસ્તારના નકશાની સાથે ત્યાં પહોંચ્યા હતાં. જ્યારે બાબડી વસાહતની વચ્ચોવચ એક વિસ્તારનું ખોદકામ કરવામાં આવ્યું તો જમીનમાંથી પ્રાચીન ઈમારતો નીકળવાનું શરૂ થઈ ગયું. નાયબ મામલતદારે જણાવ્યું કે, ખોદકામ દરમિયાન બે માળની ઈમારત જોવા મળી રહી છે.

### ભાજપના ધારાસભ્ય સહિત ૧૬ સામે એફઆઈઆર નોંધાઈ

। (એજન્સી) બદાયૂં, તા.૨૨ ।

બદાયૂંની બિલસી વિધાનસભા બેઠક પરથી ભાજપ ના ધારાસભ્ય હરીશ શાક્ય અને તેમના ભાઈ સહિત ૧૬ લોકો વિરુદ્ધ સિવિલ લાઈન્સ પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો છે. આ લોકો પર જાતીય સતામણી, નકલી કેસમાં ફસાવવા અને કરોડોની જમીન હડપ કરવાનો આરોપ મુકાયો છે. ACJM-2 કોર્ટે આ મામલે કેસ નોંધવાનો આદેશ આપ્યો હતો. પોલીસને આદેશનું પાલન કરતાં ૧૦ દિવસમાં રિપોર્ટ રજૂ કરવા નિર્દેશ કરાયો હતો. ત્યારબાદ તેમની સામે કેસ નોંધવામાં આવ્યો છે.

### મલ્લિકાર્જુન ખડગેના એનડીએ સરકાર પર પ્રહાર

# ચૂંટણી નિયમોમાં ફેરફાર એ ઈલેક્શન કમિશનની સ્વતંત્રતા પર હુમલા સમાન

#### મોદી સરકારે ચૂંટણી પંચની સ્વતંત્રતા પર હુમલો કર્યો હોવાનો મલ્લિકાર્જુન ખડગેએ દાવો કર્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

કેન્દ્ર સરકાર દ્વારા હાલમાં જ વોટિંગ નિયમોમાં કરવામાં આવેલા ફેરફાર મુદ્દે કોંગ્રેસાધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ એનડીએ સરકાર પર પ્રહારો કર્યા છે. તેમજ મોદી સરકારે ચૂંટણી પંચની સ્વતંત્રતા પર હુમલો કર્યો હોવાનો દાવો કર્યો છે સોશિયલ મીડિયા ઠ પર પોસ્ટમાં ખડગેએ જણાવ્યું હતું કે, મોદી સરકારે ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયાને ચૂંટણી પંચની નિમણૂક કરતી પેનલમાંથી દૂર કર્યા હતા. હવે તે ચૂંટણી સંબંધિત



માહિતી પ્રજાથી છુપાવી રહ્યા છે. આ સરકારનું ષડયંત્ર છે. જ્યારે પણ કોંગ્રેસે ચૂંટણી પંચને વોટર લિસ્ટથી દૂર કરવા અને ઈવીએમમાં પારદર્શકતા રાખવા વિશે લખ્યું છે કે, ત્યારે ચૂંટણી પંચે અપમાનજનક ભાષામાં જવાબ આપ્યો છે અને અમારી ફરિયાદો પણ સ્વીકારી નથી. કેન્દ્ર સરકારે ૨૦ ડિસેમ્બરે ચૂંટણી નિયમોમાં ઈલેક્ટ્રોનિક ડોક્યુમેન્ટ્સને જાહેર કરવા પર પ્રતિબંધો મૂક્યા છે. જેમાં મતદાન મથકના સીસીટીવી, વેબકાસ્ટિંગ ફુટેજ અને ઉમેદવારોને વીડિયો રેકોર્ડિંગ કરવા પર પ્રતિબંધ મૂક્યા છે. એઆઈની મદદથી મતદાન મથકના સીસીટીવી ફુટેજ સાથે છેડછાડ કરી બનાવટી દ્રશ્ય વાયરલ ન કરવામાં આવે તે હેતુ સાથે કેન્દ્ર સરકારે આ નિયમો લાગુ કર્યા છે.

### બસ અને ટ્રક વચ્ચે ટક્કર થતા ૩૮ લોકોના મોત થયા

। (એજન્સી) બ્રાઝિલ, તા.૨૨ ।

ભારતમાં રાજસ્થાનના જયપુરમાં એક ભયાનક અકસ્માત અને આગની ઘટનાએ લોકોના હૃદયને હચમચાવી નાખ્યું. બ્રાઝિલમાં પણ આટલો જ દર્દનાક અને ભયાનક અકસ્માત થયો હતો. બસ અને ટ્રક વચ્ચે ટક્કર થઈ હતી. અથડામણ થતાંની સાથે જ બસમાં આગ લાગી હતી, જેણે થોડી જ વારમાં આખી બસને લપેટમાં લીધી હતી. બસ સાથે કાર પણ અથડાઈ હતી. આ અકસ્માતમાં બસમાં મુસાફરી કરી રહેલા ૩૮ લોકો જીવતા ભૂંજાયા હતા. આગમાં દાઝી જવાથી તેમનાં મોત થયાં હતાં.

### સેબીએ આ ફ્રન્ટ-રનિંગ સ્કીમનો પર્દાફાશ કર્યો

# હર્ષદ મહેતા કૌભાંડ જેવું વધુ એક કૌભાંડ સામે આવ્યું!

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

ભારતીય સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ (સેબી) એ ઈક્વિટી ડીલર સચિન બકુલ ડગલી અને અન્ય આઠ સંસ્થાઓ સાથેની મિલીભગતમાં PNB મેટલાઈફ ઈન્ડિયા ઈન્સ્યોરન્સ કંપનીની ફ્રન્ટ-રનિંગ સ્કીમનો પર્દાફાશ કર્યો છે. આ યોજના હેઠળ આ સંસ્થાઓએ ગેરકાયદેસર રીતે ૨૧.૧૬ કરોડ રૂપિયાનો નફો મેળવ્યો હતો. સેબીનું કહેવું છે કે આ આખો ખેલ ત્રણ વર્ષથી વધુ સમયથી ચાલતો હતો. સેબીએ શુક્રવારે એક વચગાળાનો આદેશ જારી કરીને સચિન બકુલ ડગલી અને અન્ય આઠ સંસ્થાઓ પર સિક્યોરિટી માર્કેટમાંથી પ્રતિબંધ મૂક્યો હતો અને તેમના દ્વારા કમાવેલ ગેરકાયદેસર નફો જપ્ત કર્યો હતો. SEBIની તપાસમાં જાણવા મળ્યું છે કે PNB MeLife India Insurance Company Limited (Big Client) દ્વારા કરવામાં આવેલ શંકાસ્પદ ફ્રન્ટ-રનિંગ સોદાનું આયોજન કેટલીક સંસ્થાઓ દ્વારા કરવામાં આવ્યું હતું. હેતુ એ સમજવાનો હતો કે શું અન્ય ડીલરો અને ફંડ મેનેજરો સાથે મળીને આ સંસ્થાઓએ મોટા ગ્રાહકોના સોદાનો લાભ લીધો હતો અને SEBI એક્ટ અને PFUTP (પ્રોહિબિટેડ ફ્રોડ્યુલન્ટ એન્ડ અનફેર ટ્રેડ પ્રેક્ટિસ) નિયમોનું ઉલ્લંઘન કર્યું હતું.

# નડિયાદ ગામમાં પાણીના નિકાલ માટે કાંસના મેન્ટેન્સમાં જોવા મળ્યો ભ્રષ્ટાચાર

### ૩૦ થી ૩૫ લાખના હિસાબે રૂપિયા ૧ કરોડનો ખર્ચ કર્યો છે, આજે શહેરના તમામ કાંસની ૩ વર્ષ પહેલા જેવી સ્થિતિ હતી તેનાથી વધુ ખરાબ થઈ છે

**। (એજન્સી) નડિયાદ, તા.૨૨ ।**

નડિયાદ શહેર (જીલ્લા) કોંગ્રેસ પ્રમુખે સરકારને નડિયાદના શહેરીજનોના પૈસાનો નગરપાલિકાના સત્તાધીશો અને જવાબદાર અધિકારીઓ નાણાનો દુરૂપયોગ કરવા બદલ પત્ર લખ્યો છે. તેમણે પત્રમાં જણાવ્યું છે કે, મારા નડિયાદના નગરજનો શું આપ જાણો છો કે નડિયાદ ગામમાં પાણીના નિકાલ માટે એટલે કે વરસાદી પાણીના નિકાલ માટે જે કાંસ બનાવવામાં આવ્યા છે અને જે કાંસનું મેન્ટેનન્સ નડિયાદ નગરપાલિકા અને કોન્ટ્રાક્ટર કરે છે તેમાં પણ ભ્રષ્ટાચાર જોવા મળી રહ્યો છે ૩૦ થી ૩૫ લાખના હિસાબે રૂપિયા ૧ કરોડનો ખર્ચ કર્યો છે. આજે શહેરના તમામ કાંસની ૩ વર્ષ પહેલા જેવી સ્થિતિ હતી તેનાથી વધુ ખરાબ થઈ છે. પત્રમાં માગ કરાઈ છે કે પ્રિ-મોન્સૂન કામગીરી સરખી રીતે થઈ નથી. ઉપછલ્લી કાંસની સફાઈ કરી કરોડો રૂપિયા ખંખેરી નાખવામાં આવ્યા છે. જો સરકાર તપાસ એજન્સીઓને તપાસ સોંપશે તો બહાર આવશે કે સત્તાધીશો અને જવાબદાર અધિકારીઓએ કેટલો ભ્રષ્ટાચાર કર્યો છે! કોન્ટ્રાક્ટ કરારમાં કાંસ સાફ કરવા માટે કર્મચારીને અંદર ઉતરવાની મનાઈ છે તો એવા કયા સાધનો છે જેના દ્વારા કોન્ટ્રાક્ટર કાંસની સંપૂર્ણ સફાઈ કરી શકે કાંસની અંદર નડિયાદ નગરપાલિકા દ્વારા ગટરોના જોડાણ આપી દેવામાં આવ્યા છે જેના કારણે બારેમાસ વરસાદી પાણીના નિકાલના કાંસ માં ગટરોના પાણી જોવા મળે છે એનો મતલબ એવો થયો કે નડિયાદની અંદર શું ગટર લાઈન ફેલ સાબિત થવા પામેલ છે કાંસની અંદર હાલમાં જે પાણી છે શું તે વરસાદી જ પાણી છે કે ગટરના પાણી છે? તે જવાબ આપે. નગરપાલિકાના સત્તાધીશો વધુમાં કે નડિયાદની અંદર ૮૦% કાંસને ઉપરથી બંધ કરી દેવામાં આવ્યા છે એટલે સફાઈ કરવાનો કોઈ પ્રશ્ન રહેતો નથી અને જે જગ્યા ઉપર ઢાંકણા મૂકવામાં આવ્યા છે ત્યાંથી સફાઈ કરવી શક્ય છે નહીં વધુમાં નડિયાદની વિકાસની વાતો કરવાવાળા વોર્ડ નંબર ૧ માં પસાર થતો કાંસ ખુલ્લો છે ત્યાં પણ સફાઈ નથી થતી અને ત્યાંના રહીશોની લાગણી અને માગણી વારંવાર રજૂઆત હોવા છતાં પણ એક કાંસનો પાણીનો યોગ્ય નિકાલ ન થતા ખૂબ જ દુર્ગંધની વચ્ચે આજે ન છુટકે લોકો રહેવા મજબૂર બન્યા છે. મારા નડિયાદના નગરવાસીઓને જણાવવાનું કે નડિયાદ નગરપાલિકામાં ખૂબ મોટો ભ્રષ્ટાચાર ચાલી રહ્યો .છે આપણા ટેક્સના નાણાં ખોટા રસ્તે વેડફાઈ રહ્યા છે. કોન્ટ્રાક્ટરને આપવામાં આવેલ કાંસના કોન્ટ્રાક્ટરમાં પૂરા ૧૫ લાખ રૂપિયાનું પણ કામ કરવામાં આવતું નથી કે નગરપાલિકાના કોન્ટ્રાક્ટર પાસે કાંસને અંદરથી ચોખ્ખા સાફ કરવા માટે એટલે કે અંડર ગ્રાઉન્ડ કાંસ સાફ કરવા માટે કોઈ જ પ્રકારના વિકસિત સાધનો વસાવવામાં આવેલા નથી કે ભાડે લેવામાં આવેલ નથી અને જો લીધા હોય તો પ્રજા સમક્ષ રજૂ કરવા. પ્રમુખે પ્રજાવતી પ્રશ્નો કર્યા છે કે શું કાંસ સાફ કરનાર કામદારોને ગુજરાત સરકારના મિનિમમ વેજ મુજબ કોન્ટ્રાક્ટર પગાર ચૂકવે છે ? કોન્ટ્રાક્ટરના તમામ કર્મચારીઓનું ભવિષ્ય નિધિ ભવન એટલે કે પ્રોવિડન્ટ ફંડમાં એકાઉન્ટ છે.

## ન્યૂઝ બ્રિફ

### રાજ્યમાં ૨૪ નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મંજુરી મળી

**। (એજન્સી) અમદાવાદ, તા.૨૨ ।**

રાજ્ય સરકારે ગ્રામ્ય વિસ્તારોમાં આરોગ્ય સેવાઓ વધારવા એક નવો નિર્ણય લીધો છે. આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલના અધ્યક્ષસ્થાને મળેલી એક બેઠકમાં રાજ્યના વિવિધ જિલ્લાઓમાં કુલ ૨૪ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને મંજૂરી આપવામાં આવી છે. જેથી અંતરિયાળ અને દુર્ગમ વિસ્તારમાં આરોગ્ય સેવાઓ સુચારૂ રૂપે પુરી પાડી શકાશે. હાલમાં રાજ્યમાં ભારત સરકારના ગ્રામ્ય વસ્તીના ધારાધોરણો મુજબ આરોગ્ય કેન્દ્રો મંજુર કરવામાં આવે છે. જે મુજબ સામાન્ય વિસ્તારમાં ૩૦ હજાર અને આદિજાતિ વિસ્તારમાં ૨૦ હજારની ગ્રામ્ય વસ્તીએ ૧ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મંજુર કરવામાં આવે છે. હાલ રાજ્યમાં ૨૦૧૧ ની ગ્રામ્ય વસ્તીના ધારાધોરણો મુજબ કુલ ૧૪૯૯ પ્રા.આ.કેન્દ્રો પુરતા પ્રમાણમાં મંજુર અને કાર્યરત છે. હાલમાં રાજ્યમાં ભારત સરકારના ગ્રામ્ય વસ્તીના ધારાધોરણો મુજબ આરોગ્ય કેન્દ્રો મંજૂર કરવામાં આવે છે. જોકે, નવા કેન્દ્રોની મંજૂરીમાં ભૌગોલિક પરિસ્થિતિને આધારે ઉક્ત વસ્તીના ધારાધોરણો ધ્યાને ન લેતા જીઓ સ્પ ેશિયલ એનાલિસિસના આધારે આરોગ્ય કેન્દ્રો વચ્ચેના અંતરને ધ્યાને લઈ નિર્ણય લેવામાં આવ્યો છે. જેથી આવા અંતરિયાળ અને દુર્ગમ વિસ્તારમાં રહેતા લોકોને પણ સરળતાથી આરોગ્ય સેવાઓ મળી રહેશે. એક પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં મેડિકલ ઓફિસર, લેબોરેટરી ટેકનીશીયન, જુનિયર ફાર્માસિસ્ટ, સીનીયર ક્લાર્ક સહિતના અન્ય સ્ટાફની નિમણૂંક કરવામાં આવે છે. હાલ જે જગ્યાઓએ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની ઘટ છે ત્યાં પ્રાથમિક આરોગ્ય સેવાઓ પહોંચતી કરવામાં સ્થાનિક જનો માટે આ કેન્દ્રો આશીર્વાદરૂપ સાબિત થશે તેમ મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યુ હતું.

### GPSCના ઉમેદવારોની સંમતિ પત્ર ભરવાની પ્રક્રિયા થઈ શરૂ

**। (એજન્સી) ગાંધીનગર, તા.૨૨ ।**

GPSC દ્વારા લેવામાં આવનારી ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમની આસિસ્ટન્ટ મેનેજરની કુલ ૧૮ જગ્યાઓ માટેની પરીક્ષાને લઈ સંમતિ પત્ર ભરાવવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. આગામી ૧૯ જાન્યુઆરીના રોજ તેની પ્રાથમિક પરીક્ષા યોજાશે. જે માટે સંમતિ પત્ર ભરવાની પ્રક્રિયા શરૂ થઈ ચુકી છે. ઉમેદવારો ૨૦ ડિસેમ્બરથી ૨૭ ડિસેમ્બર સુધી આ સંમતિ પત્ર સત્તાવાર વેબસાઈટ પરથી ભરી શકાશે. આ ભરતી માટેની પ્રાથમિક પરીક્ષાનું આયોજન અમદાવાદ અને ગાંધીનગરમાં કરવામાં આવ્યું છે.

જેમાં ઉમેદવારોએ પહેલાં સંમતિ પત્ર ભરવું ફરજિયાત છે. જેના વિના ઉમેદવાર પરીક્ષા નહીં આપી શકે. આ સંમતિ પત્ર ભરવાની સાથે બિન અનામત વર્ગના ઉમેદવારોએ ૫૦૦ રૂપિયા અને અનામત વર્ગે ૪૦૦ રૂપિયા ડિપોઝિટ ચુકવવી પડશે. જે ઉમેદવારોએ પરીક્ષા આપી હશે તેમને બાદમાં ડિપોઝિટ પરત મળી જશે.

ઉમેદવારો સંમતિ પત્ર https://gpsc-ojas.gujarat.gov.in પરથી ભરી શકાશે. જે માટે ઉમેદવારે વેબસાઈટ પરના હોમ પેજ પર 'OTHER APPLICATION' MENU માં જઈને CONSENT FORM ...h click કરવાનું રહેશે. ત્યારબાદ પોતાનો CONFIRMATION NUMBER અને BIRTH DATE u{s CAPTCHA વિગત ભરીને OK પર ક્લિક કરી CONSENT DEPOSIT કરી સંમતિ પત્ર ભરી શકાશે.

### ગોરવા લક્ષ્મીપુરા તળાવમાં કાર ખાબકતા યુવાને જીવ ગુમાવ્યો

**। (એજન્સી) વડોદરા, તા.૨૨ ।**

શહેરના ગોરવા લક્ષ્મીપુરા તળાવમાં કાર ખાબકતા યુવાને જીવ ગુમાવ્યો. ગોરવા લક્ષ્મીપુરા તળાવ પાસેથી એક ક્રેટા કાર પૂરઝડપે પસાર થતી હતી. અને અચાનક કાર તળાવમાં ખાબકી. કાર તળાવમાં ખાબકતા કેતન પ્રજાપતિ નામના યુવાનનું મોત નિપજયું. ઝડપની મજામાં કાર સવાર યુવાન માટે સજા બની. મળતી માહિતી મુજબ વડોદરાના ગોરવા મુક્તિધામ પાસે અકસ્માત સર્જાયો. ગત મોડી રાત્રે મુક્તિધામ પાસે આવેલ ગોરવા લક્ષ્મીપુરા તળાવમાં ક્રેટા કાર ખાબકી હતી. ક્રેટાકારમાં ત્રણ યુવાનો સવાર હતા. એક યુવાનને સ્વિમિંગ આવડતું હોવાથી કારના બોનેટ પર ચડ્યો અને બચાવ માટે બૂમો પાડી. યુવાનની બૂમો સાંભળી કાર તળાવમાં ડૂબતી હોવાનું માલૂમ પડતા જ ગોરવા વિસ્તારમાં લોકોના ટોળે ટોળા એકઠા થયા. તેમને બચાવવા લોકો દ્વારા પ્રયાસ કરવામાં આવ્યા. તેમજ ટોળામાંના એક વ્યક્તિ દ્વારા કાર ખાબકવાની ઘટનાને લઈને ફાયર ટીમને જાણ કરી.

#### કચ્છનું નાનું રણ બેટમાં ફેરવાયું

### કચ્છનું નાનું રણ બેટમાં ફેરવાતા અગરીયાઓને કરોડો રૂપિયા નુકસાન

#### અંદાજે રણના ૩૦ કિમી વિસ્તારોમા નર્મદાના પાણી ભરાતા મીઠું પકાવવા બનાવેલા પાટા તૂટી તણાયા

**। (એજન્સી) કચ્છ, તા.૨૨ ।**

કચ્છનું નાનું રણ બેટમાં ફેરવાતા અગરીયાઓને કરોડો રૂપિયા નુકસાન થયું. નાના રણમાં નર્મદા કેનાલો ના વધારાના પાણી રણમાં ફરી વળ્યા. અંદાજે રણના ૩૦ કિલોમીટર વિસ્તારોમા નર્મદાના પાણી ભરાતા મીઠું પકાવવા બનાવેલા પાટા તૂટી પાણીમાં તણાયા.

પાણી ફરી વળવાના કારણે ૪૦૦થી વધુ પાટાઓ તૂટી જતાં અગરીયાઓને ૨ કરોડથી વધુની રકમનું નુકસાન થયું. રણમાં ફરી વળ્યું નર્મદાનું પાણી. નર્મદા વિભાગની બેદરકારીથી અગરિયાઓને નુકસાન થતા હાલત કફોડી બની. કેનાલમાંથી બેફામ રીતે પાણી છોડાતા કચ્છના નાના રણમાં મીઠાના અગરમાં પાણી ભરાઈ ગયા. મીઠાના અગરમાં ચોમાસાના પાણી ભરાય તેમ પાણી ભરાઈ જતા અગરીયાઓને મોટો ફટકો પડ્યો. ચોમાસાના વરસાદ બાદ અગરીયાઓ ભારે જહેમત કરી જમીન સમથળ બનાવે છે અને મીઠું પકવવા પાળા તૈયાર કરે છે. પરંતુ હાલમાં નર્મદાના કેનાલનું પાણી ફરી વળ્યું. એક અગરીયાએ થતા નુકસાન અંગે જણાવ્યું કે ધ્રાંગધ્રાના ખેડૂતોને રવિ સીઝનમાં ખેતરમાં પાક માટે પાણી આપવામાં આવે છે અને તેના બાદ ખેડૂતો આ પાણીને બકનાળી મારફતે બહાર કાઢે છે. જો કે તંત્ર દ્વારા બકનળી મારફતે કઢાતા પાણીને બંધ ના કરાતા રણમાં ઘૂસ્યા. કુડાના નાના રણમાં અગરીયાઓ દ્વારા મીઠાનો પાક લેવા જે પાટા બનાવવામાં આવ્યા હતા તે પાણીનો પ્રવાહ વધવાના કારણે તૂટી ગયા.

અગરીયાનું કહેવું છે કે મીઠું પકવવા માટે તેમને અંદાજે એક લાખ રૂપિયા કરતાં પણ વધુનો ખર્ચ થાય છે. મીઠાના પાક લેવા પાળો બનાવવામાં આવે છે અને ટ્રેક્ટર, સોલાર સહિતના ઉપયોગ કરાય છે.

#### નખત્રાણામાં ઝડપાયું

### નકલી ડ્રાઇવિંગ લાયસન્સ બનાવવાનું કૌભાંડ

**। (એજન્સી) કચ્છ, તા.૨૨ ।**

કચ્છમાંથી નકલી ડ્રાઈવિંગ લાયસન્સ બનાવવાનું કૌભાંડ ઝડપાયું. નખત્રાણા તાલુકાના કોટડામાં ઝેરોક્ષની દુકાનધરાવનાર યુવાન લોકોને નકલી ડ્રાઈવિંગ લાયસન્સ બનાવી આપતો. પોલીસને આ નકલીના કારોબારની માહિતી મળતા તપાસ હાથ ધરી હતી. અને આ યુવાને અત્યાર સુધી ૨૦ કરતાં પણ વધુ લોકોને નકલી ડ્રાઈવિંગ લાયસન્સ બનાવ્યા હોવાનો ખુલાસો થયો. નકલી ડ્રાઈવિંગ લાયન્સ બનાવવાના ગુનામાં પોલીસે ઝેરોક્ષના માલિક ૨૨ વર્ષીય યુવાનની ધરપકડ કરી. રાજ્યમાં નકલીનો કારોબાર વધ્યો છે. નકલી ટોલનાકુ, નકલી જજ, નકલી પીએમઓ અધિકારી, નકલી ડિગ્રી, નકલી ડોક્ટર અને વધુ એક નકલી ડ્રાઈવિંગ લાયસન્સનું કૌભાંડ. કચ્છમાં નકલી ડ્રાઈવિંગ લાયસન્સ બનાવવાનું કૌભાંડ ઝડપાયું. નખત્રાણાના કોટડા ગામમાં આવેલ રામદેવ ઓનલાઈન પોઈન્ટ નામની કલર ઝેરોક્સની દુકાનમાં નકલી ડ્રાઈવિંગ લાયસન્સનું કૌભાંડ થતું હોવાનો ઘટસ્ફોટ થયો.

### નડિયાદના પાર્ટીપ્લોટ પરના દરોડામાં GST વિભાગને મળી સફળતા

#### દિવાળી બાદ રાજ્યમાં લગ્ન સીઝનનો માહોલ હતો અને લગ્નસરાની સિઝનમાં પાર્ટીપ્લોટની ધીકતી કમાણી થઈ હોવા છતાં કરચોરી કરી હતી

**। (એજન્સી) નડિયાદ, તા.૨૨ ।**

નડીયાદના જાણીતા પાર્ટીપ્લોટ પરના દરોડામાં GST વિભાગને સફળતા મળી. લગ્ન સીઝનમાં ૧૦૦ કરોડના બેનામી વ્યવહારો મળ્યા. દરોડા માં કરવામાં આવેલ તપાસમાં પાર્ટીપ્લોટ દ્વારા કરોડોના બેનામી વ્યવહારો થયા હોવાનું ખુલ્યું. દિવાળી બાદ રાજ્યમાં લગ્ન સીઝનનો માહોલ હતો. અને લગ્નસરાની સિઝનમાં પાર્ટીપ્લોટની ધીકતી કમાણી થઈ હોવા છતાં કરચોરી કરી હતી. હાલમાં GST વિભાગ દ્વારા અચાનક પાર્ટીપ્લોટો પર દરોડાની કામગીરી હાથ ધરાઈ. આ દરોડોમાં કરોડોના બેનામી વ્યવહાર થયા હોવાની માહિતી મળી. જેના બાદ હવે GST વિભાગ નડિયાદ ઉપરાંત રાજ્યના અન્ય શહેરોના પાર્ટીપ્લોટ પર તપાસ હાથ ધરશે તેવું સૂત્રો દ્વારા માહિતી મળી. અમદાવાદના GST વિભાગ દ્વારા બે દિવસ અગાઉ નડીયાદના મોટા અને જાણીતા પાર્ટી પ્લોટ પર દરોડા પાડવામાં આવ્યા હતા. અધિકારીઓ દ્વારા અચાનક શહેરના ધ ગ્રાન્ડ ચેતક અને સંગાથ પાર્ટી પ્લોટમાં નાણાંકીય વ્યવહારોની તપાસ હાથ ધરી હતી. અગાઉ GST વિભાગ દ્વારા આણંદમાં દરોડો પાડવામાં આવ્યો હતો. જેમાં મોટા બેનામી વ્યવહારો થયા હોવાનું ખૂલતા નડીયાદના બે પાર્ટી પ્લોટ પર દરોડા પાડ્યા. અને બંને પાર્ટીપ્લોટમાં લગ્ન સીઝનમાં કરોડોના બેનામી વ્યવહાર થયો હોવાનું જાણવા મળ્યું. પાર્ટીપ્લોટ માલિકો ગ્રાહકો પાસેથી વધુ રૂપિયા લીધા બાદ કરચોરી કરે છે. ખોટા ખર્ચ બતાવી પોતાની તિજોરી ભરનાર પાર્ટી પ્લોટના માલિકો સામે વહીવટીતંત્ર દ્વારા કડક પગલા લેવામાં આવ્યા. નડીયાદના બે જાણીતા પાર્ટીપ્લોટમાt GST વિભાગને સફળતા મળતા હવે વિવિધ શહેરોમાં ૩૦થી વધુ પાર્ટી પ્લોટ પર તપાસની કામગીરી કરશે. ખાસ કરીને સુરત, અમદાવાદ, રાજકોટ, વડોદરા સહિતના પાર્ટીપ્લોટના નાણાકીય વ્યવહારોની તપાસ કરાશે. અનેક પ્લોટધારકોએ ટેક્સ નહીં ચૂકવ્યો હોવાનું સામે આવ્યા બાદ તંત્ર કડક બન્યું. પાર્ટીપ્લોટ ઉપરાંત હવે GST વિભાગ પાનેતર, શેરવાની સહિતના વેપારીઓને ત્યાં તપાસ હાથ ધરશે. હજુ ૩૦થી વધુ પાર્ટીપ્લોટ GST વિભાગના નિશાના પર છે.

#### સુત્રાપાડામાં એક મકાનમાંથી તાડી ભરેલી કોથળીઓ મળી આવી

## ગીર સોમનાથમાં તાડીમાં ઝેરી પાવડર ભેળવી વેચવાના ગુનામાં 3 આરોપીઓની ધરપકડ

#### આ પાવડરને તાડીમાં ભેળવવાથી તેનો નશો વધારે થાય છે, પરંતુ તે સ્વાસ્થ્ય માટે ખૂબ જ હાનિકારક છે

**। (એજન્સી) ગીર સોમનાથ, તા.૨૨ ।**

ગીર સોમનાથના સુત્રાપાડામાં એક મકાનમાંથી તાડી ભરેલી કોથળીઓ મળી આવતા પોલીસે તપાસ શરૂ કરી હતી. તપાસ દરમિયાન ખુલ્યું કે આ તાડી કુદરતી નહીં પરંતુ ઝેરી કેમિકલ ભેળવીને બનાવવામાં આવી હતી. આરોપીઓ મહારાષ્ટ્રની એક ફેક્ટરીમાંથી ઝેરી કલોરલ હાઈડ્રેટ પાવડર મંગાવીને તાડીમાં ભેળવી વેચતા હતા. આ પાવડરને તાડીમાં ભેળવવાથી તેનો નશો વધારે થાય છે,

પરંતુ તે સ્વાસ્થ્ય માટે ખૂબ જ હાનિકારક છે.

સુત્રાપાડાના રહેણાંક મકાનમાંથી એક મહીના પહેલા તાડી ભરેલ પ્લાસ્ટીકની ૮ નંગ કોથળી મળી આવતા પોલીસે પ્રોહી એકટનો ગુનો નોંધી આરોપી દુર્ગાપ્રસાદ ઉર્ફે દીલીપ લીંગીયા બંટુ (ઉ.વ.૪૧) (મુળ તેલંગાણા)ની ધરપકડ કરવામાં આવી હતી. પકડાયેલા આરોપીને તાડી કયાંથી લાવ્યો એ પુછપરછ કરતા તાડી જે આર્થીક ફાયદા માટે કુદરતી ઝાડ પરથી મળી ન આવતા મદદગારી કરનાર ચીનુ સાથે સંપર્ક કરી તાડી બનાવવાનું કેમીકલ યુક્ત કલોરલ હાઈડ્રેટ પાવડર મંગાવ્યું હતું. ચીનુએ ST બસ મારફતે સંતરામપુર થી કોડીનાર ST બસમાં પાર્સલ મંગાવ્યું હતું. આ ઘટનામાં પાવડર ઉર્ફે ચીનુ નરસિંહમાં દેંકલા (ઉ.વ.૪૪) થી ધરપકડ કરવામાં આવી હતી.

ગીર સોમનાથ જિલ્લાના LCB PI એ.બી. જાડેજાના માર્ગદર્શન હેઠળ PSI એ.સી. સિંધવે વધુ તપાસ હાથ ધરતા માહિતી મળેલ કે આરોપી શ્રીનિવાસ ઉર્ફે ચીનુ નરસિંહ દેકલાને આ પાવડર મોકલનાર મહેશ પોન ચેટરી હાલ મુંબઈ હોય ત્યાંથી પકડી લીધો હતો. તેમજ તેમની પુછપરછ કરતા પાવડર પ્રકાશ ઉર્ફે પપ્પુ પાસેથી આ કલોરલ હાઈડ્રેડ પાવડર મંગાવતો હોવાનું અને આ પ્રકાશ પોતાના પાર્ટનર તિરૂપતિ બન્નેએ મહારાષ્ટ રાજયના પાલઘર જીલ્લાના વાડા તાલુકાના અમરાપુરગામમાં રાજહંસ કેમીકલ્સ નામની કંપની ચલાવતા હોવાનું જાણવા મળ્યું હોય જેને આ પાવડર મોકલ્યાની વિગતો ખુલતા હવે તેની શોધખોળ શરૂ કરવામાં આવતા ત્રણેય(૩)ની ધરપકડ કરી પુછપરછ કરવામાં આવી રહી છે.

#### ૫ કરોડની ડ્યુટીથી બચવા જતા થયા જેલ ભેગા

### અમદાવાદ એરપોર્ટ પર દંપતી ૧૪ કરોડની ઘડિયાળ સાથે ઝડપાયું

**। (એજન્સી) અમદાવાદ, તા.૨૨ ।**

અમદાવાદ એરપોર્ટ પરથી કસ્ટમ વિભાગે દુબઈથી આવતી મહિલા પાસેથી અંદાજે ૧૩ કરોડથી વધુની લક્ઝુરિયસ ઘડિયાળ કરી તપાસ શરૂ કરી છે. મહિલાએ સવાલોના જવાબ યોગ્ય રીતે ન આપતા શંકાના આધારે વધુ પ્રશ્નો પૂછતાં મહિલાએ સત્ય કબૂલ્યું હતું. માહિતી મુજબ સરદાર વલ્લભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર દુબઈથી આવતી ફલાઈટમાં મહિલાએ ઘણી મોંઘી ઘડિયાળ પહેરી હતી. હાથમાં પહેરેલી ઘડિયાળનું ધ્યાન કસ્ટમ વિભાગને જતાં તેમને પ્રશ્નોનો દોર શરૂ કર્યો હતો. મહિલા પેસેન્જર આડાઅવળા જવાબો આપતી હોવાથી ચતુરાઈપૂર્વક પૂછતાં તેને આખરે કબૂલ્યુ કે તેના પતિએ તેને ઘડિયાળ આપી છે અને તે બીજી ફલાઈટમાં આવી રહ્યાં છે. એટલે તેના પતિને પકડવા ઈન્ટેલિજન્સ ટીમ ચાંપતી નજર રાખની બેઠી હતી. ફલાઈટમાંથી ઉતરતા તેના પતિની અટકાયત કરાઈ છે. તેને પણ કિંમતી ઘડિયાળ પહેરી હતી. શરૂઆતમાં તો ઘડિયાળ સસ્તી હોવાનુ જણાવ્યું હતું પરંતુ ઘડિયાળનું માંગતા બિલ ન હોવાનું સ્વીકાર્યુ હતું. તેમજ કસ્ટમ વિભાગે સામાન ચેક કરતા ઘડિયાળના અનેક બોક્સ પણ નીકળતા દાણચોરી કર્યાનુ સામે આવ્યું છે.

# વડાપ્રધાનશ્રીએ ૨૦૨૫ સુધીમાં ટી.બી. મુક્ત ભારતનો કરેલો નિર્ધાર સાકાર કરવા ગુજરાત ટાર્ગેટેડ એપ્રોચ સાથે પ્રતિબદ્ધ છે: મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ

ભારતને ૨૦૨૫ સુધીમાં ટી.બી. મુક્ત બનાવવાના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કરેલા નિર્ધારને સાકાર કરવા ગુજરાત ટાર્ગેટેડ એપ્રોચની પ્રતિબદ્ધતા સાથે આગળ વધ્યું છે તેમ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટપણે જણાવ્યું હતું.

કેન્દ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી શ્રી જગત પ્રકાશ નડ્ડાએ "૧૦૦ દિવસ સઘન ટી.બી. નિર્મૂલન ઝુંબેશ" અંતર્ગત દેશના રાજ્યોમાં થયેલી કામગીરીની સર્વગ્રાહી સમીક્ષા માટે યોજેલી વિડિયો કોન્ફરન્સમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ ગાંધીનગરથી સહભાગી થયા હતા.

આ વિડીયો કોન્ફરન્સમાં દેશના રાજ્યોના મુખ્યમંત્રીશ્રીઓ તથા આરોગ્ય મંત્રીશ્રીઓએ જોડાઈને પોતાના રાજ્યોમાં હાથ ધરાઈ રહેલી કાર્યવાહીથી કેન્દ્રીય મંત્રીશ્રીને માહિતગાર કર્યા હતા.

કેન્દ્ર સરકાર દ્વારા દેશભરમાં તા. ૭ ડિસેમ્બર ૨૦૨૪થી આ ઝુંબેશનો પ્રારંભ થયો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતમાં ૧૬ જિલ્લા અને ૪ મહાનગર પાલિકા વિસ્તારનો આ ઝુંબેશમાં સમાવેશ કરવામાં આવેલો છે તેની ભૂમિકા આપી હતી.

તેમણે કહ્યું કે, આ ઝુંબેશ અંતર્ગત ૩૩.૯૨ લાખ જેટલી હાઈ રિસ્ક વસ્તીનું મેપિંગ અને ૪.૪૨ લાખનું સ્ક્રિનિંગ કરવામાં



આવ્યું છે આ ઉપરાંત ૩૪ હજારથી વધુ એક્સ-રે તપાસ પણ કરવામાં આવેલી છે.

કેન્દ્ર સરકાર દ્વારા શરૂ કરાએલી આ ઝુંબેશનો મુખ્ય ઉદ્દેશ ટી.બી.ના નવા કેસ ઝડપથી શોધવા તથા નવા તમામ કેસોને સારવાર પર મૂકી મૃત્યુદરમાં નોંધપાત્ર ઘટાડો લાવવાનો છે.

સ્ક્રિનિંગ દરમિયાન શોધાયેલા દર્દીઓને સારવાર, નિક્ષય પોષણ યોજનાનો લાભ આપવો તેમજ નિક્ષય મિત્ર દ્વારા દત્તક લઈને પોષણ કીટ અપાવવી અને ટી.બી.નો ચેપ ધરાવતા વ્યક્તિઓને પ્રિવેન્ટીવ ટ્રીટમેન્ટ વગેરે જેવી કામગીરી રાજ્યમાં હાથ ધરવામાં આવી છે તેની પણ મુખ્યમંત્રીશ્રીએ આ બેઠકમાં વિગતો પૂરી પાડી હતી.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે એમ પણ જણાવ્યું કેમ, રાજ્યમાં એક પણ દર્દી નિક્ષય મિત્ર સાથે જોડાવાથી વંચિત ન રહે તે સરકાર સુનિશ્ચિત કરશે આ હેતુસર દ્દર્ય, પ્રતિષ્ઠિત ઉદ્યોગો, સમાજસેવી અગ્રણીઓને પણ નિક્ષય પોષણ કીટ વિતરણમાં જોડવાની નેમ તેમણે દર્શાવી હતી.

રાજ્યમાં ૨,૭૦૬ જેટલી નિક્ષય શિબીરો યોજવામાં આવી છે તથા કુલ ૧૦,૧૩૨ નિક્ષય મિત્રો દ્વારા ૩ લાખ ૨૧ હજાર પોષણ કિટ આપવામાં આવી છે તેમ પણ તેમણે જણાવ્યું હતું.

ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, રાજસ્થાન, છત્તીસગઢ, ગોવા સહિતના રાજ્યોના મુખ્યમંત્રીશ્રીઓએ પોતાના રાજ્યોમાં ટી.બી. નિર્મૂલન ઝૂંબેશની થયેલી કામગીરીનું વિવરણ કર્યુ હતું.

ગાંધીનગરથી આ સમીક્ષા બેઠકમાં મુખ્યમંત્રીશ્રી સાથે આરોગ્ય અગ્રસચિવ શ્રી ધનંજય દ્વિવેદી, મુખ્યમંત્રીશ્રીના સચિવ શ્રીમતી અવંતિકા સિંઘ, આરોગ્ય કમિશનર શ્રી હર્ષદ પટેલ અને NHRMના મિશન ડિરેક્ટર શ્રી રેમ્યા મોહન પણ જોડાયા હતા.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# આધુનિક જીવનશૈલી અને તંદુરસ્તી

## સ્વચ્છતા એ તંદુરસ્તી માટેના પહેલાની પ્રક્રિયા છે, માણસે પોતાનું શરીર અને વાતાવરણ સ્વચ્છ રાખવું જોઈએ

આધુનિક સમયના તાજેતરમાં જીવનશૈલીમાં અનેક ફેરફારો આવ્યા છે. ટેકનોલોજી, વ્યસ્તતા, અને જીવનની જરૂરિયાતોને અનુરૂપ જીવનશૈલીમાં વધારાની પરિભાષાઓ જોવા મળી રહી છે. લોકો વધુ સમય ઓફિસ અને કામકાજમાં ગુજારતા છે, જ્યારે આરામ માટે ઓછો સમય મળે છે. આ ઉપરાંત, નોકરી, પરિવારમાં બિનઅણુકૂળ ફેરફારો અને માનસિક દબાણો જેવી સમસ્યાઓ પણ જીવનશૈલીને પ્રભાવિત કરે છે. આવી સ્થિતિમાં, તંદુરસ્તી અને આરોગ્યને ધ્યાનમાં રાખવું અતિ મહત્વપૂર્ણ બની ગયું છે. તંદુરસ્ત જીવનશૈલી માટે સંશોધન, જ્ઞાન અને સ્વસ્થતાવાળી પ્રવૃત્તિઓ જેમ કે યોગ, મેડિટેશન, આહાર નિયમન અને વ્યાયામ અપનાવવી મહત્વપૂર્ણ છે. આ લેખમાં, આધુનિક જીવનશૈલી, તેની અસરો અને તંદુરસ્તી માટેની ઉપાયો પર વિગતવાર ચર્ચા કરવામાં આવશે. આધુનિક જીવનશૈલી એ કર્મસ્થળની વ્યવસ્થા, પરિવાર અને સામાજિક સંબંધો, અને વ્યક્તિગત સ્વભાવના સંકુલના કારણે ઉત્પન્ન થતી પ્રથાઓ છે. આજે ઘણીવાર વ્યસ્તતા અને ટેકનોલોજીનો અતિ ઉપયોગ માણસના જીવનની ગુણવત્તા પર પ્રભાવ પાડી રહ્યા છે. પૃથ્વી પરની રફ અને દોડતી જીંદગીના કારણે એક યોગ્ય અને સંતુલિત જીવનશૈલી જાળવવું મુશ્કેલ બની ગયું છે. એક જ જીવનચક્ર અને કામકાજમાં વ્યસ્તતા વ્યક્તિ માટે આરામના મૌકોને ઘટાડી રહી છે. આથી, લોકો શારીરિક અને માનસિક સ્વાસ્થ્યને અવગણતા છે. સ્માર્ટફોન, કમ્પ્યુટર, અને સોશ્યલ મીડિયા જેવી તકનીકીઓની સતત ઉપયોગથી મનુષ્ય વધુ સમય સ્ટેટિક રહેતો છે. આ સ્થિતિ શરીર પર પ્રતિકૂળ અસર પાડે છે, જેમ કે સ્નાયુઓમાં દુખાવા, દ્રષ્ટિ સમસ્યાઓ, અને ગમાવટ. આધુનિક જીવનશૈલીમાં તંદુરસ્તી માટે કેટલીક જિન્દગીની પ્રવૃત્તિઓ મહત્વની બની ગઈ છે. આ પ્રવૃત્તિઓ વ્યક્તિના શારીરિક, માનસિક અને ભાવનાત્મક સ્વાસ્થ્યમાં સુધારો લાવવામાં મદદરૂપ થાય છે. યોગઃ યોગ એ સ્વાસ્થ્ય માટે સૌથી પ્રાચીન અને શ્રેષ્ઠ પદ્ધતિ છે. યોગ કરવાથી તન અને મન બંનેને આરામ મળે છે. યોગમાં અનેક અસનો, પ્રાણાયામ અને ધ્યાનની પ્રથાઓ છે, જે માનસિક અને શારીરિક તંદુરસ્તી માટે ફાયદાકારક છે. વ્યાયામઃ નિયમિત વ્યાયામ પેશીઓ અને હૃદયને મજબૂત બનાવે છે. ફિટનેસને જાળવવામાં વ્યાયામ અગત્યનું ભૂમિકા ભજવે છે. દોડવું, સાઈક્લિંગ, તૈથે ફિટનેસ સેન્ટર વગેરે જેવા વિવિધ પ્રકારના વ્યાયામ કરવાથી શરીરના શરીરીક ફિટનેસમાં વધારો થાય છે.

# શૈક્ષણિક સુધારા અને નવી પદ્ધતિઓ

## શૈક્ષણિક સુધારો એ એક સતત પ્રક્રિયા છે, જેમાં સમાજ, સમાજના નાગરિકો, શાળાઓ અને શિક્ષણ નીતિમાં ફેરફારો સતત ચાલતા રહે છે



શૈક્ષણિક ક્ષેત્રે સમય સાથે કેટલીક મહત્વપૂર્ણ સુધારા અને નવી પદ્ધતિઓ તૈયાર કરવામાં આવી છે. આ સુધારા લોકોના શિક્ષણની ગુણવત્તા અને મૂલ્યમાં વધારો કરવાનો પ્રયાસ છે. નવા અભિગમ અને પદ્ધતિઓથી શિક્ષણ પદ્ધતિને વધુ વ્યાપક અને કાર્યક્ષમ બનાવવાનો ઉદ્દેશ છે. આ સાથે, વિદ્યાર્થીઓ માટે એક સારું, ગુણવત્તાવાર, અને વ્યાવસાયિક દૃષ્ટિકોણ પ્રદાન કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. શૈક્ષણિક સુધારો એ એ પ્રક્રિયા છે જેમાં શિક્ષણ પદ્ધતિઓ, ધોરણો, અભ્યાસક્રમ અને નીતિમાં ફેરફાર કરવામાં આવે છે, જેથી લોકોના શિક્ષણમાં ગુણવત્તા અને કાર્યક્ષમતા વધે. આ સુધારા શિક્ષણના વિવિધ પાસાઓમાં નવા આલેખ, અભિગમ, અને ટેકનોલોજીનો ઉપયોગ કરતા કરવામાં આવે છે. આનો મુખ્ય ઉદ્દેશ શૈક્ષણિક વ્યવસ્થાને વધારે પ્રભાવશાળી, સસ્તું, અને પ્રતિસાદી બનાવવાનો છે. જો કે, શૈક્ષણિક સુધારા ઘણા પરિપ્રેક્ષ્યોમાં કાર્ય કરે છે, જેમ કે, વિદ્યાર્થીઓની શૈક્ષણિક ઉપલબ્ધિ, શિક્ષણ પદ્ધતિ, શિક્ષક તાલીમ, અભ્યાસક્રમ અને આયોજન વગેરે. અભ્યાસક્રમનું સુધારણાઃ પાઠ્યક્રમમાં વૈવિધ્ય, આધુનિક મુદ્દાઓ, અને વ્યાવસાયિક કૌશલ્યો પર ભાર આપવો, જે વિદ્યાર્થીઓને જીવનમાં પ્રેક્ટિકલ અને વાસ્તવિક સમસ્યાઓનો ઉકેલ લાવતી રીતો શીખવે. આધુનિક પદ્ધતિઓનો અભ્યાસઃ પધ્ધતિમાં નવી ટેકનોલોજી, સ્કેલેબલ અને ઈન્ટરએક્ટિવ અભિગમોના ઉપયોગ સાથે શિક્ષણના ગુણવત્તાને સુધારવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. જેમ કે, ઓનલાઈન શિક્ષણ, હાઈબ્રિડ ક્લાસ રૂમ, અને મકરધ્વજ અભ્યાસક્રમો. વિશિષ્ટ કાર્યક્ષમતા અને વ્યવસાયિક કુશળતાઃ હવે, શિક્ષણ ફક્ત વિષયવસ્તુ પર આધારિત નથી, પરંતુ વર્તમાન સંજોગોમાં કાર્યક્ષમતા અને વ્યાવસાયિક કુશળતાની મહત્વતા ખૂબ વધી રહી છે. શિક્ષણમાં એવી રીતો દાખલ કરવામાં આવી રહી છે, જેમ કે પ્રોજેક્ટ આધારિત અભ્યાસ, નિષ્ણાત કુશળતાઓ અને તાલીમ. પ્રોજેક્ટ આધારિત અભ્યાસ આ પદ્ધતિમાં, વિદ્યાર્થીઓને પ્રોજેક્ટ આપીને એ વિશે કામ કરવાની મફત તક આપવામાં આવે છે. આ પદ્ધતિ વિદ્યાર્થીઓના વિચારશક્તિ અને સ્વતંત્ર અભિગમને પ્રોત્સાહિત કરે છે. આ પદ્ધતિમાં, તેમને અવલોકન, વિશ્લેષણ, અને મુદ્દાઓ પર ચર્ચા કરવાની તક મળે છે.

## વૃક્ષારોપણ, પાણી બચાવવું અને વૈશ્વિક સ્તરે પર્યાવરણ પર નિયંત્રણ કરવું જરૂરી

# હવામાન પરિવર્તન અને પ્રાકૃતિક આપત્તિઓ



## હવામાન પરિવર્તન-પ્રાકૃતિક આપત્તિઓ એ આક્રમક સમસ્યાઓ છે, જેને નક્કી રીતે ઉકેલવું ઘણું જરૂરી છે



હવામાન પરિવર્તન અને પ્રાકૃતિક આપત્તિઓ વિશ્વભરમાં એક મહત્વપૂર્ણ અને ગંભીર ચિંતાનો વિષય બની રહી છે. વૈશ્વિક સ્તરે હવામાનમાં ગાંઠમાં ફેરફાર અને પ્રાકૃતિક આપત્તિઓનું પ્રમાણ ઝડપથી વધે છે. એ વાત નક્કી છે કે આ સમસ્યાઓનો સીધો સંબંધ મનુષ્યના વર્તમાન વર્તણૂક, ઊર્જા ના સૂત્રો, અને પ્રકૃતિ સાથે છે. ગુજરાત સહિત દેશના વિવિધ રાજ્યો અને વિશ્વના અનેક ભાગોમાં હવામાન પરિવર્તન અને પ્રાકૃતિક આપત્તિઓના અસરો દેખાઈ રહ્યા છે. આ લેખમાં, આપણે હવામાન પરિવર્તન, તેની અસર અને પ્રાકૃતિક આપત્તિઓ અંગે વિસ્તૃત રીતે ચર્ચા કરશું. હવામાન પરિવર્તન શું છે? હવામાન પરિવર્તન એ પરિપ્રેક્ષ્યમાં થતી ભૌતિક અને વૈજ્ઞાનિક પરિબળોના કારણે પૃથ્વી પરના હવામાન તંત્રોમાં થતો લાંબો ગાળો છે. હવામાન પરિવર્તનનો અર્થ એ છે કે વૈશ્વિક તાપમાન, હવામાનની પરિસ્થિતિ અને પ્રાકૃતિક પરિબળો (જેમ કે વરસાદ, બાની, પવનની દિશા, આલ્ગેની ઉંચાઈ) સમય સાથે બદલાઈ રહ્યા છે. ગ્લોબલ વોર્મિંગઃ એ છે જ્યારે પૃથ્વી પરનાં ઉત્સર્જિત ગ્રીનહાઉસ ગેસો ($CO_2$, મિથેન, નાઈટ્રસ ઓક્સાઈડ) વાતાવરણમાં છોડાતા હોય છે, જેના પરિણામે પૃથ્વીનું તાપમાન વધી જાય છે. દ્રાવક અને બર્ફનું વેગલીકરણઃ હવામાનના ઉષ્મા કરતાં બર્ફ અને હિમાસ્થળો સરળતાથી પગી જાય છે, જેના કારણે દરિયાઈ સ્તર ઊંચે જાય છે અને વિસ્તારોને ખતરો ઊભો થાય છે. હવામાન પરિવર્તનના કારણો, માણવસર્જિત પ્રવૃત્તિઓઃ ઉદ્યોગિક ખોટી પ્રક્રિયાઓઃ કાર્બન ડાયઑક્સાઈડ ($CO_2$) અને અન્ય ગ્રીનહાઉસ ગેસોના ઉત્સર્જન દ્વારા આર્થિક પ્રવૃત્તિઓ હવામાનમાં ફેરફાર કરે છે. ઉદ્યોગ, વાહનો અને કૃષિ ક્ષેત્રના પ્રવૃત્તિઓ હવામાનને ગરમાવતી છે. વિશ્વવ્યાપી વનવિસ્તાર ઘટાડોઃ વનસ્પતિ એ હવામાંથી $CO_2$ શોષી લે છે, પરંતુ વૃક્ષોની અછત અથવા વનવિસ્તાર ઘટાડવાથી વધુ $CO_2$ વાતાવરણમાં જવાનું થાય છે. કૃષિ અને પશુપાલનઃ પશુપાલન માટે ગેસો જેવા મિથેનનું ઉત્સર્જન થાય છે, જે વૈશ્વિક વોર્મિંગમાં યોગદાન આપે છે. હવામાન પરિવર્તનના પ્રભાવ, આવક અને કૃષિ પર અસરોઃ વૈશ્વિક તાપમાનમાં વધારો, વરસાદના અનિશ્ચિત અને ઓછી અથવા વધુ પ્રમાણમાં પાવસાને કારણે ખેતી પર અસર પડી રહી છે. પાણીની અછત, અનિયંત્રિત મોસમ અને પાકોમાં ફેરફારો ખેતી પર ગહન અસર કરે છે. દરિયાઈ સ્તરના ઉંચાપણાંઃ હવામાન પરિવર્તનના કારણે ખૂણાની આલ્ગેના પિગળવાથી દરિયાઈ સ્તરે વધારો થાય છે, જે વિસ્તારોમાં વસતા લોકોને ખતરો ઊભો કરે છે. આફત અને વાવાઝોડાંઃ હવામાનની બડતી સાથે વાવાઝોડાં, તૂફાન અને બાની જેવી આફતોના પ્રમાણમાં વધારો થયો છે. પ્રાકૃતિક આપત્તિઓ - પરિપ્રેક્ષ્ય, પ્રાકૃતિક આપત્તિઓ એ કુદરતી પરિસ્થિતિઓ છે, જે મનુષ્યની નોકરી, મકાન અને જીવો પર ગંભીર અસર કરતી હોય છે. આમાંથી કેટલીક મહત્વપૂર્ણ આપત્તિઓ નીચેની રીતે છેઃ ભૂકંપઃ ભૂકંપ એ પૃથ્વી દ્વારા થતો એકક અચાનક કંપન છે. પૃથ્વી પરના વિભાજનો કે રિફ્ટ લાઈન પર આકસ્મિક રીતે આવતા હોય છે. ભૂકંપના કારણે મકાન, પુલ અને રસ્તાઓ તૂટી જવાનું છે. બાનીઃ હવામાનમાં અનિયંત્રિત પરિવર્તન અને વરસાદના અભાવના કારણે બાની આવતી રહે છે. બાનીના કારણે મકાન, પાકો અને આજીવિકા પર પ્રભાવ પડે છે. વિશાળ વાવાઝોડાંઃ આ ટાઈફૂન અને હર્પિકેન જેવા સમુદ્રી તૂફાનો હોય છે, જે દરિયાના મધ્યમાં ઉત્પન્ન થાય છે અને ભારે પવન સાથે જમીન પર અસર કરે છે. વિશ્વવ્યાપી સૂકાંઃ કેટલાક વિસ્તારોમાં વધુ તાપમાન અને વરસાદની અછતના કારણે સૂકાં વધે છે. આ કારણે જમીન પર પાકની ઊત્પાદકતા ઘટી જાય છે. હવામાન પરિવર્તન અને પ્રાકૃતિક આપત્તિઓના ઉકેલો, ક્ષિતિજ પર વૃક્ષારોપણઃ હવામાન પરિવર્તનથી નિવારણ માટે વૃક્ષારોપણ એ એક સારો ઉપાય છે. વૃક્ષો $CO_2$ શોષીને વાતાવરણને ઠંડક આપી શકે છે.

# સામાજિક સુધારા માટે ગાંધીના વિચારો અને આજેનો ગુજરાત

## મહાત્મા ગાંધીના વિચારો એ માત્ર સામાજિક, આર્થિક અને માનસિક ક્ષેત્રમાં જ નહીં, પરંતુ ટેકનોલોજી અને વિકાસની દ્રષ્ટિમાં પણ લાગુ પડે



સામાજિક સુધારા માટે મહાત્મા ગાંધીના વિચારો એ એક એવી મજબૂત કડી છે, જે આજે પણ ગુજરાત અને સમગ્ર ભારત માટે પ્રેરણાદાયક છે. મહાત્મા ગાંધીનો જન્મ ગુજરાતના પોરબંદર શહેરમાં થયો હતો, અને આ રાજ્યએ તેમને મૌલિક વિચારધારા અને પદ્ધતિઓ માટે વિશ્વભરમાં ઓળખ આપી છે. ગાંધીજીના વિચારો, જેમ કે અહિંસા, સત્ય, સ્વદેશી, આચાર્ય અને સમાજસુધારણા, આજે પણ ગુજરાતના વિકાસ, સમાજની શાંતિ અને લોકહિત માટે માર્ગદર્શક બની રહ્યા છે. આ લેખમાં, અમે મહાત્મા ગાંધીના વિચારોની પ્રાસંગિકતા અને આજના ગુજરાત પર તેમના પ્રભાવ વિશે ચર્ચા કરીશું. આજે, જ્યારે ગુજરાત વિકાસ, આર્થિક ઉન્નતિ અને સામાજિક સુધારા માટે આગળ વધી રહ્યું છે, ત્યારે ગાંધીજીના વિચારો અને આદર્શો હવે પણ માર્ગદર્શન પૂરુ પાડે છે. મહાત્મા ગાંધીના વિચારો એટલા અગ્રણી અને અમુલ્ય છે કે આજે પણ તેમના માર્ગદર્શક સિદ્ધાંતો દેશભરમાં અમલમાં મૂકવામાં આવે છે. તેમના કેટલીક મુખ્ય વિચારો પર ચર્ચા કરીએઃ અહિંસા એ મહાત્મા ગાંધીની સૌથી શક્તિશાળી વિચારધારા હતી. તેઓ માનતા હતા કે શારીરિક, માનસિક, અથવા આંતરિક હિંસા અને દુશ્મનાવટમાંથી દેશને શ્રેષ્ઠતા પ્રાપ્ત કરી શકતી નથી. તેમણે સાબરમતી આશ્રમમાં અહીં તો શાંતિ અને અહિંસાની સદ્ભાવનાઓના આદર્શોને અમલમાં મૂક્યા. "સત્ય એ ભગવાન છે" ગાંધીજીના આ શબ્દો તેમની જીવનધારા માટે બેસી જાય છે. તેમનું માનવું હતું કે સત્ય એ માત્ર સત્ય બોલવાનો નથી, પરંતુ દરેક કાર્યમાં સત્યનો અનુસરણ કરવું જોઈએ.

# સામાજિક મજબૂતી અને એકતા એ દરેક સમાજ માટે અનિવાર્ય

## સામાજિક મજબૂતી માટે સામાન્ય રીતે સમાજમાં જાતિ, ધર્મ, અને વર્ગ પરથી ઊભી થતી અલગાવની ભાવનાને દૂર કરવું મહત્વપૂર્ણ છે



સામાજિક મજબૂતી અને એકતા એ દરેક સમાજ માટે અનિવાર્ય તત્વ છે. તે સમાજના વિકાસ અને સારાંગીના સ્તંભ તરીકે કાર્ય કરે છે. જ્યારે સમાજમાં મજબૂતી અને એકતા હોય છે, ત્યારે તે દરેક વ્યક્તિના અધિકારોની કદર કરવામાં મદદ કરે છે, વોટર, એજ્યુકેશન, સ્વચ્છતા, આરોગ્ય વગેરે પર આધારિત યોજનાઓના અમલને સરળ બનાવે છે અને સંસાધનોના યોગ્ય વિતરણમાં મદદરૂપ થાય છે. સમાજની એકતા એ તો એક એવી જ બાંધણી છે જે માનવતા, પરસ્પર આદર અને એકબીજા સાથે જીવવાની દ્રષ્ટિ ધરાવે છે. સામાજિક મજબૂતી એ સમાજના તમામ જેવી કે, પરિવારો, સમાજના જુદાં-જુદાં વર્ગો, તેમજ સામાજિક અને આર્થિક મૌલિક સંસ્થાઓ (શાળા, આરોગ્ય કે સાર્વજનિક સેવાઓ) વચ્ચે મજબૂત અને સ્વસ્થ સંબંધોને સંકેત આપે છે. આ મજબૂતી એ સામાજિક ન્યાય, સમાનતા, અને સર્વજનીન સુખાકારી પર આધાર રાખે છે. ભરોસો અને મૈત્રીઃ જ્યારે લોકો એકબીજાની સાથે મૈત્રીપૂર્વક વર્તે છે અને એકબીજામાં ભરોસો રાખે છે, ત્યારે સમાજ મજબૂત બને છે. સંસ્કૃતિ અને પરંપરાઃ પરંપરાઓ, ધાર્મિક અભિપ્રાય અને વૈવિધ્ય વચ્ચે સમજૂતી અને આદર, સામાજિક મજબૂતી માટે જરૂરી છે. સમાજની એકતા એ એ રીતે સમજવામાં આવી શકે છે કે વિવિધ જાતિઓ, ધર્મો, ભાષાઓ, અને સંસ્કૃતિઓ વચ્ચેની અસહમતીઓથી ઉપર ઉઠી, તમામ એકબીજાની માન્યતાઓ અને માન્યતાઓનો આદર કરીને અને એકબીજાને સમજૂતી અને સ્વીકાર કરીને એકરૂપ બની રહ્યા છે. વિશ્વાસ અને સહયોગઃ દરેક વ્યક્તિ અને સંસ્થાનો વિશ્વાસ, મજબૂતી અને સંકલન દ્વારા એકતા માટે દ્રઢ બાંધણી ધરાવવી છે. આધુનિક સમજૂતીઃ સમાજની એકતા માત્ર સત્તાવાર ગોઠવણ અથવા જડબાની બાંધણી પર આધારિત નથી, પરંતુ આ માનસિક અને ભાવનાત્મક આધાર પર પણ કામ કરે છે. સમાનતા અને સામાજિક ન્યાયઃ સમાજના દરેક સભ્યને સમાન અધિકારો અને તકદિરી સુવિધાઓ આપવી.

# કૃષિ વિકાસ, કૃષિ નીતિ અને આરોગ્ય માટેના પ્રયત્નો

કૃષિ એ ભારતના આર્થિક અને સામાજિક બંધનની આધારશિલા છે. ગુજરાત જેવા કૃષિ આધારિત રાજ્ય માટે, કૃષિ વિકાસ અને તેની નીતિ માટેનાં સુધારા ખૂબ જ અગત્યના છે. કૃષિ વ્યવસાય અને ખેતીની પદ્ધતિઓમાં સુધારણા, નવી ટેકનોલોજી અને સરકારની નીતિ માટે કરવામાં આવેલા પ્રયાસો ગુજરાતની કૃષિ અર્થવ્યવસ્થાને મજબૂત કરી રહ્યા છે. આ લેખમાં કૃષિ વિકાસ અને તેની નીતિ પર પ્રકાશ પાડવામાં આવશે, જે દરેક ખેડૂતો અને રાજ્ય માટે મહત્વપૂર્ણ છે. કૃષિ વિકાસ એ એક એવી પ્રક્રિયા છે, જેમાં કૃષિ પ્રોડક્શન અને ઉત્પાદનક્ષમતા વધારવી છે, જેથી કૃષિ ક્ષેત્રના મકસદોને પૂર્ણ કરી શકાય. આ વિકાસ માટે ખેતીની પદ્ધતિઓ, પાણીની સંચાલન, પાકોની પસંદગી, મિકેનાઈઝેશન અને નવી ટેકનોલોજીનો સમાવેશ થાય છે. કૃષિ વિકાસ ન માત્ર ખેતીની ગુણવત્તામાં સુધારો લાવવો છે, પરંતુ ખેડૂતોની આર્થિક સ્થિતિમાં પણ સુધારો લાવવો છે. પાણીની સમસ્યાઃ ગુજરાત જેવા રાજયમાં પાણીની અછત એ કૃષિ ક્ષેત્ર માટે એક મોટી સમસ્યા છે. પાણીનો ઓછી ઉપલબ્ધતા તેમજ પાણીની બચત અને સંચાલન માટે યોગ્ય નીતિનો અભાવ ઘણા ક્ષેત્રોમાં દેખાય છે. પ્રાકૃતિક

### કૃષિ ક્ષેત્રમાં ડ્રોન ટેકનોલોજીનો ઉપયોગ વધારો



### ડ્રોનની મદદથી ખેતરોની ઓલવિઝ, પાનખબર અને પાકની મોનિટરિંગ કરવામાં સહાય મળી રહી છે

આપત્તિઓઃ આફત, બાની અને મોસમની અસરો કૃષિ પર ઘણો પ્રભાવ પાડે છે. કૃષિ ક્ષેત્રમાં મોસમી અનિશ્ચિતતા અને કુદરતી આપત્તિઓના કારણે પાકોના નફાને નુકસાન પહોંચે છે, ખેતીની મિકેનાઈઝેશનઃ મિકેનાઈઝેશન અને ટેકનોલોજીનો ઉપયોગ મોટા પાયે ગુજરાતના કૃષિ ક્ષેત્રમાં થયો છે, પરંતુ હજુ પણ ઘણા ખેડૂતો પાસે મકેનાઈઝેશનના સાધનોનો અભાવ છે. કૃષિ નીતિ એ દેશમાં કૃષિ વિકાસ માટે માર્ગદર્શિકા તરીકે કાર્ય કરે છે. વર્ષોથી, ભારત સરકાર અને રાજ્ય સરકારોએ કૃષિ ક્ષેત્રના વિકાસ માટે વિવિધ નીતિઓ અમલમાં મૂકેલી છે. આ નીતિઓનો મુખ્ય હેતુ ખેડૂતોની શ્રેષ્ઠ કામગીરી, પાકની ઉત્પાદનક્ષમતામાં વધારો, ખેતીની વિકાસને સારો બનાવવાનો છે. પ્રધાનમંત્રી કૃષી સિંચાઈ યોજનાઃ આ યોજના અનિવાર્ય રીતે આગ્રિકલ્ચરલ વોટર સંસાધનોના યોગ્ય ઉપયોગ માટે છે. તેનો ઉદ્દેશ કૃષિ સિંચાઈના વ્યવસ્થિત ઉપયોગ દ્વારા પાકોના ઉત્પાદનને વધારવાનો છે. મકાન વિષયક યોજનાઃ આ યોજના ખેડૂત માટે મકાનની સુવિધા પ્રદાન કરવાનું ધ્યેય ધરાવે છે. જેમાં કેટલીક જગ્યાઓમાં ખેતી માટેની જમીન અને ઘરે રહેતા લોકોને મકાન માટે સહાય મળી રહી છે. ફસલ વીમો યોજનાઃ આ યોજના ખેડૂતોને પાકની નુકસાનની પરિસ્થિતિમાં વીમો દ્વારા મદદ કરે છે. ન્યૂ એજ કૃષિ યોજનાઃ આ યોજના ખેડૂતને આધુનિક ખેતી પદ્ધતિઓ, મિકેનાઈઝેશન, અને ટેકનોલોજી પર કાર્ય કરે છે. ગ્રામ્ય વિકાસ યોજનાઃ આ યોજના દ્વારા ખેડૂતના ગામની બાંધકામ, જળ સંચાલન અને પાણી પુરવઠો પર ધ્યાન આપવામાં આવે છે, જે ખેડૂતના આર્થિક અને સામાજિક કલ્યાણ માટે મહત્વપૂર્ણ છે. આજના સમયમાં, નવી ટેકનોલોજી એ કૃષિ વિકાસ માટે મોટો પરિપ્રેક્ષ્ય બની છે. ગેરમા ખેડૂતો માટે સ્માર્ટ ફાર્મિંગ અને ટિપ્ટીંગ પદ્ધતિઓ એ શક્ય બન્યું છે.

## તંત્રી લેખ...

# કૈલાસ-માનસરોવર યાત્રા ફરીથી શરૂ કરવા ભારત-ચીન નક્કર પગલાં ભરશે

ભારત-ચીને લદ્દાખ સરહદ વિવાદ ઉકેલ્યા પછી સંબંધો સુધારવાની દિશામાં વધુ એક પગલું ભરવા તત્પરતા દર્શાવી છે. આ દિશામાં એક મોટું પગલું ભરીને બંને દેશોએ કૈલાશ-માનસરોવર યાત્રાને ફરીથી શરૂ કરવા માટે નક્કર પગલાં ભરવાનો નિર્ણય લીધો છે. કૈલાશ-માનસરોવર યાત્રા ૨૦૨૦થી કોવિડ-૧૯ મહામારી અને જરુરી વ્યવસ્થાઓને લઈને ચીન તરફથી ઉચિત સહયોગ નહીં મળવાને લઈને સ્થગિત કરવામાં આવી હતી. જોકે, કેન્દ્ર સરકાર સતત ચીનના અધિકારીઓ સાથે કૈલાશ-માનસરોવર યાત્રા ફરીથી શરુ કરવા માટે કૂટનીતિક વાતચીત કરી રહી હતી.આ દરમિયાન, ૨૩મી ભારત-ચીન વિશેષ પ્રતિનિધિ બેઠકમાં રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર(એનએસએ) અજિત ડોભાલ અને ચીનના વિદેશ મંત્રી વાંગ યીએ સરહદ વિવાદ ઉકેલવા અને સરહદ પર શાંતિ જાળવી રાખવા પર સહમતી વ્યક્ત કરી છે. આ બેઠક પાંચ વર્ષ પછી યોજાઈ છે. બંને દેશોએ છ પોઈન્ટ પર સહમતી વ્યક્ત કરી, જેમાં સરહદ વિવાદના ઉકેલને પ્રાથમિકતા આપવી મુખ્ય બાબત હતી. ડોભાલ અને વાંગ યીએ સરહદ વ્યવસ્થાપનની સાથે-સાથે નાથૂલા સરહદ વ્યાપાર અને સરહદ પાર નદી સહયોગ વધારવા પર પણ સહમતી વ્યક્ત કરી છે. તેમણે કૈલાશ-માનસરોવર યાત્રા ફરીથી શરુ કરવા જરુરી પ્રક્રિયાઓ ઝડપી કરવાનો નિર્ણય લીધો છે. ચીનના વિદેશ મંત્રાલયે પણ અજિત ડોભાલ સાથેની બેઠકને રચનાત્મક ગણાવી છે.



વિશેષ
યોગેશભાઈ આર જોશી
(હાલોલ, કવિ/લેખક)

# ક્ષમા-નાતાલનો સંદેશ

૨૫મી ડિસેમ્બરને નાતાલ કે ક્રિસ્ટમસ તરીકે ઓળખવામાં આવે છે. નાતાલ એ ક્રિશ્ચયન લોકોનો બહુ મોટો તહેવાર છે. નાતાલના દિવસે ક્રિશ્ચયન લોકો નવા વસ્ત્રો તથા અલંકારોથી શણગાર કરે છે, પોતાના ઘરોની સાફ સફાઈ કરી ઘર સુસજ્જ કરે છે, ઘરના આંગણામાં રંગોળી પૂરે છે અને રાત્રે પોતાના ઘરોમાં રંગબિરંગી રોશની તથા રંગીન તારા વિગેરેથી સજાવટ કરે છે. ખ્રિસ્તી ધર્મના આદ્ય સ્થાપક શ્રી ઈશુ ખ્રિસ્તના માનમાં નાતાલનું પર્વ મનાવવામાં આવે છે. ઈશુ ખ્રિસ્તને ઘણાં લોકો જીસસ ક્રાઈસ્ટ તરીકે અને ઘણાં લોકો ઈશા મસીહ તરીકે પણ ઓળખે છે.

ઈશુ ખ્રિસ્તનો જન્મ ૨૫મી ડિસેમ્બરના રોજ જેરૂસલેમના બેથલેહેમ ગામમાં એક ગમાણમાં માતા મૅરીની કૂખે થયો હતો. એવું કહેવાય છે કે, ઈશુ જન્મ્યા તે વખતે ગમાણમાં દિવ્ય પ્રકાશ ફેલાઈ ગયો હતો અને તેથી જ ખ્રિસ્તી સમૂદાય પ્રકાશ તથા રોશનીને વધારે પ્રાધાન્ય આપે છે.ઈશુના પિતાજીનું નામ જોસેફ હતું.ઈશુ જન્મથી જ દિવ્ય અને અલૌકિક શક્તિઓ ધરાવતા હતા.જીસસ ક્રાઈસ્ટે ખ્રિસ્તીઓના પવિત્ર ગ્રંથ બાઈબલ (Bible) ની રચના કરી હતી. બાઈબલ મૂળ તો હિબúw (Hebrew) ભાષામાં લખાયું હતું,પરંતુ ખ્રિસ્તી ધર્મના ફેલાવા સાથે, ધીમે ધીમે, દુનિયાની તમામ ભાષાઓમાં બાઈબલનો તરજુમો (અનુવાદ) થઈ ગયો છે કે જેથી ખ્રિસ્તી ધર્મ પાળતો દરેક વ્યક્તિ આસાનીથી બાઈબલનું પઠન કરી શકે. નાતાલનો સંદેશો ક્ષમા સાથે જોડાયલો છે. કોઈ વ્યક્તિનો અપરાધ ક્ષમા કરવો એ બહુ મહાન બાબત છે.ઈશુ ખ્રિસ્ત હંમેશા કહેતાં કે, કોઈ વ્યક્તિથી જાણેઅજાણે કોઈ ગુનો, અપરાધ કે ભુલ થઈ ગઈ હોય અને જો તમો એને દંડ કે શિક્ષા કરશો તો એ બેવડા ગુના કરશે, પરંતુ તેનો અપરાધ માફ કરી તેને ક્ષમા આપવામાં આવશે તો તેનો અંતરાત્મા જાગશે તથા તેને પશ્ચાતાપના ભાવ આવશે અને તે ફરીથી ભુલનું પુનરાવર્તન નહીં કરે. ઈશુ સાથે નીચે મુજબની એક કથા જોડાયલી છે.

એક વખત એક ગામમાં અમુક ગ્રામ્યજનો ભેગાં મળીને એક વિધવા, નિઃસહાય,લાચાર અને નિરાધાર સ્ત્રીને જાહેર રસ્તા ઉપર લાવીને મોટા પત્થરોથી મારતા હતાં.તે વખતે જોગાનુજોગ ઈશા મસીહ એ રસ્તેથી પસાર થતાં હતાં.પેલી નિરાધાર બાઈ ઈશા મસીહને કરગરવા લાગી ''મને બચાવો, આ લોકો મને પત્થરો મારીને મારી નાંખશે''. ઈશુએ ગ્રામ્યજનોની પૃચ્છા કરી કે, તમે બધાં ભેગાં મળીને શા કારણે ,આ નિરાધાર બાઈને મારો છો, એનો અપરાધ શું છે, એ મને જણાવો.ગ્રામજનો બોલ્યા કે,આ સ્ત્રી કુલટા છે, હલકા અને ભ્રષ્ટ ચારિત્ર્યની છે, તે આ ગામમાં રહેવાને લાયક નથી.તે વખતે પ્રભુ ઈશુએ ગંભીર મુખમુદ્રા ધારણ કરીને તમામ ગ્રામ્યજનોને પૂછ્યું કે, આ સ્ત્રી આવા ગંદા કામ કેમ કરે છે એ જાણવાની તમારામાંથી કોઈએ તસ્દી લીધી છે ખરી? તમોએ ક્યારેય આ બેહાલ સ્ત્રીને બે પૈસાની મદદ કરી છે ખરી? કઈ મજબૂરી એને આવુ હીનકૃત્ય કરવા પ્રેરે છે,એ બાબતનો વિચાર સુધ્ધાં કર્યો છે ખરો? તમો જ્યારે એને કોઈ મદદ નથી કરી શકતા તો એને દંડ દેવાનો તમોને કોઈ હક્ક કે અધિકાર નથી. બીજુ તમો બધાં એમ સમજતા હોય કે, આ બાઈ પાપિણી અને દુરાચારિણી છે તો તમારામાંથી મને એક માણસ એવો બતાવો કે એણે એના જીવનમાં કોઈ પાપ ના કર્યુ હોય કે જાણેઅજાણે કોઈ ગુનો કે અપરાધ ના કર્યો હોય.આ સાંભળી બધાં શરમિંદા થઈને નતમસ્તક ઉભા રહી ગયાં. ઈશુ ખ્રિસ્ત અહીં બહુ સરસ બોલ્યાં કે " First clean your mind and then justice others" મતલબ કે, પહેલાં તમે પોતે તમારૂ મન સાફ કરો અને પછીથી બીજાનો ઈન્સાફ કરો.

ઈશુ ખ્રિસ્તના આવા માયાળુ સ્વભાવ અને વિચારશરણીથી પ્રેરાઈને ધીમેધીમે લોકો બહોળા પ્રમાણમાં એમના અનુયાયીઓ બનવા લાગ્યા હતાં.આથી રોમન સમ્રાટ હેરોદ બહુ ક્રોધે ભરાયો હતો એથી ઈશુને સજા આપવાના ભાગ રૂપે એમના માથા પર કાંટાળો તાજ પહેરાવીને, લાકડાના વધસ્તંભ પર હાથે અને પગે લોખંડના મોટા ખીલા મારીને,માનવતા નેવે મૂકીને ભયંકર ક્રૂરતા આચરી હતી. આટલો બધો અસહ્ય જુલમ સહેવા છતાંપણ પ્રભુ ઈશુએ પ્રાર્થના કરી કે, હે પ્રભુ તું આ લોકોના ગુનાને માફ કરી દે અને કોઈ સજા કરીશ નહીં, તેઓને ક્ષમા બક્ષજે. આમ આવા અવતારી દિવ્યાત્માઓ, પોતાના જ્ઞાન થકી લોકહૃદયે વસવાનું અને લોકોને સાચી રાહ પર લાવવાનું માધ્યમ બને છે. આમ નાતાલનું પર્વ ક્ષમા સાથે સંકળાયલુ છે.

---

**મંદોદરી વિશે રામાયણમાંથી એટલો મોટો કોઈ સંદર્ભ મળતો નથી, પરંતુ તે રાવણની પાંચ રાણી ઓમા સૌથી સુંદર રાણી હતી**

# છ સતી સ્ત્રીમાં જેનું નામ છે એ "મંદોદરી" અસૂર હોવા છતાં સતી તરીકે પૂજાય છે



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**બસ આવો એક નાનકડો સંવાદ રામાયણમાં રાવણ અને મંદોદરી વિશે છે, અને એના પરથી સ્પષ્ટ થાય છે કે મંદોદરી પોતાના પતિનું હિત ઈચ્છતી હતી. એના પરથી બીજું એક સત્ય એ પણ સાબિત થાય છે, કે રાવણ પતિ તરીકે સારો રહ્યો હશે, અને પતિ-પત્ની વચ્ચે આવા સંવાદની ભૂમિકા પણ એ સમયે રહી હશે.**

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. સતયુગમાં પતિવ્રતા સ્ત્રી માટે એક વાક્યમાં કહેવાતું કે સ્વપ્નમાં પણ જે સ્ત્રી અન્ય પુરુષનો વિચાર ન કરે તે પતિવ્રતા. ત્રેતાયુગમાં પતિની ઈચ્છા એ જ પરમ ધર્મ, એને કહેવું ન પડતું, કે આમ કરો! એને આ ગમશે! નહીં ગમે! એ પોતે જ સમજી જતી. દ્વાપરમાં પતિની આજ્ઞા અનુસાર જીવે એ પતિવ્રતા, આજથી એ તમારી દાસી, આજથી તુ મારી પ્રિયા નથી,કે કોઈ અન્ય છે! અને એ બિચારી.... દ્રૌપદી ચિરહરણની ઘટનાથી સૌ કોઈ પરિચિત છે, એટલે કે દેવી ધીરે ધીરે સાધન બનતી ગઈ. પરંતુ કળિયુગમાં જો પતિવ્રતાની કોઈ વ્યાખ્યા આપવાનું કહે તો, ચોવીસ કલાક જે પતિના આર્થિક, શારીરિક, માનસિક, અને સામાજિક હિતનું વિચારીને જીવે તે પતિવ્રતા. રામાયણ કાળમાં પણ આપણને એક સ્ત્રી એવી દેખાય છે, જેણે પોતાના પતિનું હિત વિચાર્યું હતું, અને વારંવાર તેને વિનંતી કરી હતી, તો આજે ચિંતનમાં એના વિશે વાત કરીશું.

મંદોદરી વિશે રામાયણમાંથી એટલો મોટો કોઈ સંદર્ભ મળતો નથી, પરંતુ તે રાવણની પાંચ રાણી ઓમા સૌથી સુંદર રાણી હતી, અને લંકાની પટરાણી હતી. ઈન્દ્રજીત અને અક્ષય જેવા ધુરંધર યોદ્ધાની માતા હતી. રાવણ જ્યારે સીતાનું અપહરણ કરી અને લંકામાં લાવે છે, ત્યારે જ મંદોદરી એ કહ્યું હતું કે નાથ તમે એને એના પતિને સોંપી દો! નહીં તો એ તમારા મૃત્યુનું કારણ બનશે! રાવણે કહ્યું હતું કે તમારું પટરાણીનું પદ જોખમાય છે, એવું વિચારીને તમે આ વાત કરી રહ્યા છો! તમને મારી શક્તિ પર સંદેહ છે? ત્યારે મંદોદરી એ ના પાડી હતી, અને કહ્યું હતું કે જો એ સ્વેચ્છાએ તમારી સાથે લગ્ન સ્વીકારે, તો મને પટરાણી પદ છોડવામાં કોઈ જ વાંધો નથી. હું તો માત્ર તમારા હિતનું વિચારીને તમને રોકી રહી છું. માત્ર તમારું નહીં, પરંતુ રાક્ષસ કુળનો નાશ થવાનો છે, એવા ભવિષ્યના ભણકારા મને સંભળાય છે. ભાઈઓ ભાઈઓમાં વેર થશે, આપણા સંતાનો હણાઈ જશે, અને કેટકેટલી બરબાદીનું કારણ છે આ સ્ત્રી! માત્ર એક સ્ત્રીનો મોહ તમને બહુ ભારે પડશે, તમે અત્યંત શક્તિશાળી છો, અને પૃથ્વીને જીતી શકો એટલી શક્તિ ધરાવો છો! મને તમારી શક્તિ પર કોઈ શંકા નથી, પરંતુ અનીતિ કરીને જે કંઈ મેળવવામાં આવે, તે અંતે ફળદાયી સાબિત થતું નથી, કે તેનાથી સુખ પ્રાપ્ત થતું નથી. આ સ્ત્રી જો પોતે ઈચ્છે કે એ તમારી પત્ની બનવા રાજી છે, તો એ અનીતિ નથી. પરંતુ એની ઈચ્છા વિરુદ્ધ થતું કાર્ય અનીતિ છે અને એ ક્યારેય સુખ આપી શકે નહીં, અને વિનાશનું કારણ બનશે, આ વાત હું તમને જણાવવાં માંગુ



છું. હે નાથ કૃપા કરીને તમે સીતાને એના પતિને પાછી સોંપી દો! બસ આવો એક નાનકડો સંવાદ રામાયણમાં રાવણ અને મંદોદરી વિશે છે, અને એના પરથી સ્પષ્ટ થાય છે કે મંદોદરી પોતાના પતિનું હિત ઈચ્છતી હતી. એના પરથી બીજું એક સત્ય એ પણ સાબિત થાય છે, કે રાવણ પતિ તરીકે સારો રહ્યો હશે, અને પતિ-પત્ની વચ્ચે આવા સંવાદની ભૂમિકા પણ એ સમયે રહી હશે, તો જ મંદોદરી તેને સમજાવવાની કોશિશ કરી શકે! પરંતુ દસ મસ્તકનું અભિમાન ધરાવતો રાવણ મંદોદરીની સીધી સાદી વાત એટલે કે નીતિ અનીતિની વાત સમજી શક્યો નહીં, અને તેણે સીતા માટે યુદ્ધને સ્વીકાર્યું,અને અંતે પ્રભુ શ્રી રામના હાથે મરાયો. મંદોદરીને જ્યારે ખાતરી થઈ ગઈ કે રાવણ માનશે નહીં, અને યોદ્ધ થઈને જ રહેશે, ત્યારે તે અશોક વાટિકામાં સીતાને મળવા જાય છે, અને તેને કહે છે કે તે એનાં પતિની વાત માની જાય! આ ઉપરાંત સીતાને કોઈ પણ મદદની જરૂર હોય તો પણ જણાવવા કહ્યું. એણે પતિવ્રતાનું વ્રત કરીને પોતાના પતિનું આયુષ્ય વધારવાની કોશિશ પણ કરી હતી, એ સમયે કોઈ ચોક્કસ વડને પૂજવાથી અને વ્રત રાખવાથી પતિનું આયુષ્ય વધે છે, એવી માન્યતા પ્રચલિત હતી. મંદોદરી એ એ વ્રત પણ કર્યું, પરંતુ હનુમાન ત્યાં આગળ વાનર બનીને પહોંચ્યા,અને મંદોદરીએ રાવણ માટે એકઠા કરેલાં આયુધનને ચોરી ગયાં એવી પણ એક દંતકથા મળે છે.

પુરાણોમાં મંદોદરીનાં જન્મ વિશેની એક કથા મળે છે,કે મંદોદરી પૂર્વેના જન્મમાં મધુરા નામની એક અપ્સરા હતી, અને તે ભગવાન શંકરથી બહુ જ પ્રભાવિત હતી. તેને પ્રસન્ન કરવા તે તપ કરતી હતી,અને એક વાર તે કૈલાસ પર પહોંચી ગઈ. ત્યાં આગળ માતા પાર્વતીની ગેરહાજરી જોતાં, તેણે ભગવાનની કઠિન તપશ્ચર્યા કરી, અને ભગવાન શંકરને રીઝવવાનો પ્રયત્ન કર્યો. થોડીવારમાં પાર્વતીજી આવ્યાં અને તેણે એ અપ્સરાનાં શરીર પર ભસ્મને જોઈ મધુરાને શ્રાપ આપ્યો કે તે બાર વર્ષ સુધી દેડકી બની જશે. ભગવાન શંકરે પાર્વતીજીને શાંત કરતા કહ્યું કે દેવી તમે સમજો છો, એવું કંઈ થયું નથી એ માત્ર તપના આવિર્ભાવમાં હતી. દેવી પાર્વતીએ કહ્યું કે હવે શ્રાપ તો મિથ્યા નહીં થાય, પરંતુ ૧૨ વર્ષ પછી તે પોતાનું મૂળ શરીર પ્રાપ્ત કરી શકશે. અસુર રાજ મય અને તેની પત્ની હેમાને બે પુત્રો હતાં, પરંતુ તેમને પુત્રીની ઝંખના હતી, અને આથી તેમણે ભગવાન શંકરની તપસ્યા કરીને પુત્રી મેળવવાનું વિચાર્યું. તેઓ કૈલાસમાં આવ્યાં, અને દંપતીએ બહુ કઠિન તપશ્ચર્યા કરી. પરંતુ ભગવાન પ્રસન્ન થાય એ પહેલાં જ ત્યાંના કૂવામાંથી દેડકીનાં રડવાનો અવાજ આવ્યો, અને તે તેને બહાર કાઢી. દેડકીએ પોતાની વિતક કથા કહી સંભળાવી. હેમાને તેની પર મમતા આવી, અને તે બંન્ને તેને રાજ મહેલમાં લઈ આવ્યા સમયાંતરે દેડકીએ ફરી પાછી સુંદર સ્ત્રીનું રૂપ ધારણ કર્યું. અસૂર રાજના રાજ્યમાં એકવાર રાવણ આવી ચડ્યો, અને તેણે અત્યંત સુંદર એવી મંદોદરીને જોઈ, રાવણ તેના રૂપથી પ્રભાવિત થયો, અને તેણે લગ્નનો પ્રસ્તાવ મોકલ્યો. પરંતુ અભિમાની એવા અસૂરરાજે તેમના પ્રસ્તાવને નકાર્યો. મંદોદરી જાણતી હતી કે રાવણ પોતાના પિતા કરતાં વધુ શક્તિશાળી છે, અને પોતાને આશરો આપનાર માતા પિતાના મૃત્યુનું કારણ પોતે બનવા માંગતી નહોતી, આથી તેણે રાવણ સાથે લગ્ન સ્વીકારી લીધા, આમ મંદોદરી રાવણની પટરાણી બની.

રામાયણ કાળના સ્ત્રીપાત્રોના પરિચય પરથી બીજી એક વાત દેખાય છે કે દેવતાની પત્ની હોય, ઋષિની પત્ની હોય, રાજાની પત્ની હોય, કે રાક્ષસની પત્ની હોય, તેઓ પોતાના ચરિત્રને બરકરાર રાખી શકી. એટલે કે પતિ સિવાય કોઈ માટે તેમણે વિચાર્યું નહીં, તેમની ઈચ્છા, આજ્ઞા, કે હીત મુજબ તેઓ જીવી ગયાં.કોઈ કાગળમાં શૂન્ય દોરતા હોઈએ તો જે બિંદુ પરથી શરૂ કરીએ, એ જ બિંદુ પર પાછા આવીએ, ત્યારે વર્તુળની રચના થાય. સમય પણ ચક્રાકારે ગતિ કરી રહ્યો છે, અને એ રીતે વર્તુળને પૂરું કરવું હોય, તો એ જ બિંદુ પર પાછા જવું પડે! એ જ ચરિત્રોને આત્મસાત કરવા પડે! અને એ મુજબ જીવવું પડે! તો જ વર્તુળ પૂરું થાય. આપણે સૌ ઈચ્છીએ છીએ કે કળીનો આ કાળ હવે સમાપ્ત થાય, અને સતયુગની શરૂઆત થાય! પણ પ્રયત્નતો આપણે જ કરવો પડશે, તો જ આ પ્રક્રિયા આગળ ચાલશે, અને ક્યારેક અંજામ પર પહોંચશે. આપણે સૌ એવો પ્રયત્ન કરી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

---

**છપ્પન મણ રૂની તળાઇમાં આળોટતા શેઠિયાને જે સુખ મળે છે તેવું જ સુખ ગધેડાને ઉકરડા ઉપર આળોટવામાં મળે છે**

# ભક્તિ અને દોસ્તીમાં તાકાત છે,ભક્તિમાં રામ હનુમાનને ગળે લગાવી દે છે, દોસ્તીમાં કૃષ્ણ સુદામાનાં પગ ધોઈને પૂજે છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**શુકદેવજીએ કહ્યું,મારે ગુરુ દક્ષિણા આપવી છે. જનકરાજાએ કહ્યું કે, મારે ગુરુ દક્ષિણા જોઈતી નથી પણ તું બહુ આગ્રહ કરે છે તો જગતમાં જે નિરુપયોગી વસ્તુ હોય તે મને આપ! શુકદેવજી નિરુપયોગી વસ્તુની શોધમાં નીકળ્યા. પ્રથમ માટી ઊંચકી. માટી કહે મારા ઘણા ઉપયોગ છે.**

ભોગ ભક્તિમાં બાધક છે. ભોગ જ્ઞાનમાં પણ બાધક છે. ભોગ કરતાં ભોગના ત્યાગમાં અનંત ગણું સુખ છે. ઈન્દ્રિયજન્ય સુખ સર્વ પ્રાણીઓનું સરખું જ હોય છે. છપ્પન મણ રૂની તળાઈમાં આળોટતા શેઠિયાને જે સુખ મળે છે તેવું જ સુખ ગધેડાને ઉકરડા ઉપર આળોટવામાં મળે છે. મનુષ્યને શીખંડ ખાવામાં જે સુખ મળે છે તેવું સુખ ભૂંડને વિષ્ટા ખાવામાં મળે છે. મનુષ્યે બુદ્ધિપૂર્વક ભોગ છોડવા જોઈએ. ભોગમાં ક્ષણિક સુખ છે, ત્યાગમાં હંમેશ અનંતનું સુખ છે. ભોગથી શાંતિ મળતી નથી,ત્યાગથી શાંતિ મળે છે.રાજા આજ સુધી તે અનેક ભોગ ભોગવ્યા છે.હવે તારી એક એક ઈન્દ્રિયને તું ભક્તિ રસનું દાન કર.ઈન્દ્રિયરૂપી પુષ્પ ભગવાનને અર્પણ કર.

રાજન્ જેનું મરણ સમીપમાં આવ્યું છે, તે સંસારને ભૂલવાનો પ્રયત્ન કરે, પરમાત્માનું દયાન કર.

ધીરે ધીરે સંયમને વધાર. સતત શ્રીકૃષ્ણનું ધ્યાન કરવું એ જ મનુષ્ય માત્રનું કર્તવ્ય છે. ઈશ્વર સાથે તન્મય થાય તેને મુક્તિ મળે છે.રાજન, જન્મ તેનો સફળ થયો કે જેને ફરીવાર માના પેટમાં જવા નો પ્રસંગ જ ન આવે. ગર્ભવાસ એ જ નરકવાસ છે. કર્મ અને વાસના લઈને જીવ જન્મે છે, તેનો ગર્ભ વાસ એ નરકવાસ છે. આ દેહાભિમાન જ મિથ્યા છે.

શુકદેવજી જનકરાજાના દરબાર માં જનકરાજા પાસે વિદ્યા શીખવા ગયા હતા. વિદ્યાભ્યાસ પૂરો થયો. શુકદેવજીએ કહ્યું,મારે ગુરુ દક્ષિણા આપવી છે. જનકરાજાએ કહ્યું કે, મારે ગુરુ દક્ષિણા જોઈતી નથી પણ તું બહુ આગ્રહ કરે છે તો જગતમાં જે નિરુપયોગી વસ્તુ હોય તે મને આપ! શુકદેવજી નિરુપયોગી વસ્તુની શોધમાં નીકળ્યા. પ્રથમ માટી ઊંચકી. માટી કહે મારા ઘણા ઉપયોગ છે. પથ્થર ઊંચક્યો. તો પથ્થર કહે, મારા ઘણા ઉપયોગ છે. આ પ્રમાણે જે વસ્તુને ઉપાડે તે ઉપયોગી જણાય. અંતે થાકીને વિષ્ટા ઉપાડી. વિષ્ટા કહે, હું અન્ન રૂપે મનુષ્યના પેટમાં ગઈ, તો આમ વિષ્ટા બની! છતાં હું નિરુપયોગી નથી. વિચાર કરતાં શુકદેવજીને લાગ્યું કે,આ દેહાભિમાન જ નિરુપયોગી છે. ત્યારે શુકદેવજી જનકરાજાને કહ્યું,મારું દેહાભિમાન ગુરુદક્ષિણા માં અર્પણ કરું છું.

શુકદેવજીને દેહભાન નહીં એટલે મંગલાચરણ કર્યું ન હતું. પાછળથી બીજા સ્કંધના ચોથા અધ્યાયમાં ૧૨મા શ્લોકથી મંગલા ચરણ કર્યું છે. સાધકને કથા માર્ગદર્શન કરે છે એટલું જ નહીં પણ સિદ્ધ પુરુષો નેય કથા સાંભળવાની જરૂર પડે છે.બીજા સ્કંધમાં પહેલા ત્રણ અધ્યાયમાં ભાગવતનો સઘળો સાર આવી ગયો.રાજાને છે. ઉપદેશ કરવાનો હતો તે આ ત્રણ અધ્યાયમાં કર્યો છે. પછી તો પરીક્ષિત રાજાનું ધ્યાન વિષય તરફ ફરીથી ન જાય તેવું માટે ચરિત્રો કહે છે.

શુકદેવજી શ્રીકૃષ્ણની સ્તુતિ કરતાં કહે છે કે,જે ભક્ત વત્સલ ભગવાનની છવાયું ભક્તિહીન હઠયોગી ઓ પામતા નથી, જે પરમ ઐશ્વર્ય યુક્ત છે, અદ્વિતીય છે, જે નિરંતર તેજ બ્રહ્મધામમાં વિહરે છે,તે શ્રી કૃષ્ણ ને નમો નમસ્તે!પ્રેમમાં પક્ષપાત આવી જાય છે. શ્રી રાધાજી શ્રી શુકદેવજીના ગુરુ છે, રાધાજી એ શુકદેવજીને બ્રહ્મ સંબંધ કરાવી આપ્યો હતો એટલે શુકદેવજી રાધાકૃષ્ણને બે વાર નમસ્કાર કરે છે.

શુકદેવજી પૂર્વજન્મમાં પોપટ હતા રાત-દિવસ લીલા નિકુંજમાં 'હે રાધે હે રાધે' નામનાં સતત જપ કરતા હતા. શુકદેવજી શ્રી રાધાના શિષ્ય છે.ભાગવતમાં એટલે તો રાધાજી ના નામને પ્રગટ ઉલ્લેખ નથી. કારણ ગુરુનું નામ પ્રગટ રૂપે ન લેવાની શાસ્ત્રની મર્યાદા છે.

ભાગવતના ટીકાકાર શ્રીધરસ્વામી આ પાંચને નિત્ય માને છે. ભગવાન નું સ્વરૂપ નિત્ય, ભગવાનની લીલા નિત્ય,ભગવાન નું નામ નિત્ય, ધામ નિત્ય અને પરિકર નિત્ય છે. પરીક્ષિત રાજા પૂછે છે કે ભગવાન પોતાની માયાથી આ સૃષ્ટિની રચના કેવી રીતે કરે છે! આ સૃષ્ટિની ઉત્પત્તિની કથા કહો. જવાબમાં શુકદેવજી ભગવાને બ્રહ્માજીને કહી અને બ્રહ્માજીએ જે નારદ જીને કહી તે સૃષ્ટિના આરંભની કથા કહી સંભળાવે છે.

ભગવાનને એકમાંથી અનેક થવા ની ઈચ્છા થઈ.પ્રભુએ ચોવીસ તત્ત્વો ઉત્પન્ન કર્યા.આ તત્ત્વો પોતાની મેળે કોઈ કાર્ય કરી શક્યા નહીં,ત્યારે પ્રભુએ એક-એક વસ્તુ માં પ્રવેશ કર્યો.હો તત્ત્વ માં દિવ્ય ચેતનશક્તિ પ્રગટ થઈ.

સાતમા અધ્યાયમાં ભગવાનની લીલા અવતારોનું વર્ણન કરેલું છે. બ્રહ્માજીની તપશ્ચર્યાથી પ્રસન્ન થઈ ભગવાને તેમને પોતાના સ્વરૂપનું દર્શન કરાવ્યું અને આત્મ તત્ત્વના જ્ઞાન માટે તેમને પરમ સત્ય વસ્તુ નો જે ઉપદેશ કર્યો તે સાંભળો.

આદિદેવ બ્રહ્માજી જ પોતાના જન્મસ્થાન કમળ ઉપર બેસી સૃષ્ટિ રચવાની ઈચ્છાથી વિચાર કરી રહ્યા હતા,પણ સૃષ્ટિની રચના થઈ શકે તેવી જ્ઞાનદૃષ્ટિ પ્રાપ્ત ન થઈ. તેવામાં બ્રહ્માજીને આકાશવાણી સંભળાઈ:તપ,તપ! બ્રહ્માજી સમજી ગયા કે તપ કરવાનો આદેશ થયો છે. બ્રહ્માજી એ સો વર્ષ તપ કર્યું અને તેમને ચતુર્ભુજ નારાયણનાં દર્શન થયાં. તપ કર્યા વગર કોઈને ચાલ વાનું નથી. તપ ન કરે તેનું પત થશે. એટલે પતન થાય છે.પછી નારાયણ ભગવાને બ્રહ્માજીને ચતુઃ શ્લોકી ભાગવતનો ઉપદેશ કર્યો. દ્વિતીય સ્કંધમાં નવમા અધ્યાયના ૩૨ થી ૩૫ શ્લોક એ ચતઃ શ્લોકી ભાગવત.ભગવાન સંતાકૂકડીની રમતના અજબ ખેલાડી છે. આરંભમાં તમામ જીવો ભગવાન ની અંદર છે. ભગવાન એક-એક જીવને તેના કર્મ પ્રમાણે શરીર આપે છે. તે પછી કહે છે, બેટા, હવે હું સંતાઈ જાઉં છું.હવે તું મને શોધી કાઢજે!

ભગવાન કહે છે કે,જગતમાં ન હતું ત્યારે પણ હું જ હતો. જગત રહેશે નહીં ત્યારે પણ હું જ રહીશ જેમ સ્વપ્રમાં એક જ અનેકરૂપે દેખાય છે,તેમ જાગૃત અવસ્થામાં પણ અનેકમાં એક જ છે.એવો જ્ઞાની પુરુષોનો અનુભવ છે.દાગીનાના આકાર ભિન્ન હોવા છતાં સર્વમાં એક જ સોનું રહેલું છે.કિંમત પણ સોનાની મળે છે, આકારની નહીં. ઈશ્વર સિવાય બીજું જે કાંઈ દેખાય છે, તે સત્ય નથી. ઈશ્વર વિના બીજું દેખાય એ જ ઈશ્વરની માયા છે. જે ન હોવા છતાં પણ દેખાય છે અને ઈશ્વર સર્વમાં હોવા છતાં પણ દેખાતા નથી. એ જ માયાનું કાર્ય છે. તેને જ મહાપુરુષો આવરણ અને વિક્ષેપ કહે છે. સર્વનું મૂળ ઉપાદાન કારણ પ્રભુ સત્ય છે અને પ્રભુમાં ભાસે તે સંસાર અસત્ય છે,પરંતુ માયાથી ભાસે છે.માયાની બે શક્તિઓ છેઃ આવરણશક્તિ અને વિક્ષેપ શક્તિ માયાની આવરણશક્તિ પરમાત્મા ને ઢાંકી રાખે છે. માયાની વિક્ષેપ શક્તિ ઈશ્વરમાં જગતનો ભાસ કરાવે છે. જેમ અંધારામાં દોરડાને બદલે સાપ દેખાય. જે ન હોય તે દેખાય અને જે હોય તે ન દેખાય.

પોતાના સ્વરૂપનું વિસ્મરણ એ માયા છે. એ સ્વપ્ર છે. સ્વપ્ર જેને દેખાય છે તે જોનારો સાચો છે. સ્વપ્નમાં એક જ પુરુષ છે પણ દેખાય છે બે.એ જાગી જાય છે ત્યારે એને ખાતરી થાય છે કે હું ઘરમાં પથારીમાં સૂતો છું સ્વપ્નનો પુરુષ જુદો છે. તેમ આ જગતમાં બ્રહ્મ તત્ત્વ એક જ છે,પણ માયા ને લીધે અનેક તત્ત્વ ભાસે છે. માયા અનાદિ છે. માયા એટલે અજ્ઞાન. અજ્ઞાન ક્યારથી શરૂ થયું તે જાણવાની શું જરૂર છે? માયા જીવને ક્યારથી વળગી એનો વિચાર કરવો નહીં. કપડાં ઉપર ડાઘ પડયો હોય તો તે શાથી પડયો? ક્યારે પડેલો? કેમ કરતાં પડ્યો? કઈ શાહી હશે? વગેરે વિચાર કરવાને બદલે પડેલો ડાઘ તરત દૂર કરવો એ જ હિતાવહ છે. તેવી રીતે માયાનો વિચાર કરવા કરતાં માયાના પતિ પરમાત્માને શરણે જવું એ જ કર્તવ્યમય છે.

સુદામાએ એક વખત શ્રીકૃષ્ણ પાસે માગણી કરી કે, મારે તમારી માયાનાં દર્શન કરવાં છે. શ્રીકૃષ્ણે કહ્યું, સમય આવે દર્શન કરાવીશ. ચાલો,પહેલાં ગોમતીમાં સ્નાન કરવા જઈએ.ભગવાન સ્નાન કરી પીતાંબર પહેરે છે.સુદામાએ ગોમ તીના જળ માં ડૂબકી મારી, ત્યારે પ્રભુએ પોતાની માયા બતાવી સુદામાને લાગ્યું, ગોમતીજીમાં પૂર આવ્યું છે. તે પોતે તણાતાં જાય છે. માંડ માંડ તરીને એક કિનારે આવ્યા.ત્યાં એક ગામ હતું. ગામમાં પેસતાં એક હાથણીએ તેમના ગળામાં ફૂલની માળા પહેરાવી. લોકોએ સુદામાને કહ્યું: અમારા દેશના રાજા મૃત્યુ પામેલા છે.આ ગામ નો કાયદો છેકે,રાજાના મૃત્યુ બાદ આ હાથ ણી જેને માળા પહેરાવે તે રાજા થાય. માટે તમે અમારા રાજા સુદામા રાજા બન્યા. એક રાજ કન્યા સાથે તેમનું લગ્ન થયું. બાર વર્ષ સંસાર ચાલ્યો.બાર પુત્રો થયા. તેવામાં રાણી એક દિવસ માંદી પડી અને મૃત્યુ પામી.સુદામા રડવા લાગ્યા. લોકો કહે, તમે રડો નહીં. અમે તમને વિયોગમાં દુઃખી નહીં થવા દઈએ. તમારી પત્ની જ્યાં ગઈ છે ત્યાં તમને પણ મોકલીશું. એટલે કે પત્ની સાથે તમારે પણ અગ્નિમાં પ્રવેશ કરવો પડશે. હવે સુદામા પત્ની માટે રડવા નું ભૂલી ગયા, ને પોતા માટે રડવા લાગ્યા. પછી તે લોકોને કહે છે, મને એક વખત સ્નાન-સંધ્યા કરી લેવા દો.પછી મને જાહેર કરજો. તે સ્નાન કરવા ગયા.ચાર પુરુષો તેની ચોકી કરતા ઊભા કે નાસી ન જાય. સુદામા ખૂબ ગભરાયા. ગભરાટમાં પ્રભુને યાદ કરે છે.રડતાં રડતાં સુદામા નદી માંથી બહાર આવ્યા. ભગવાન હજી તો પીતાંબર પહેરી રહ્યા હતા. ભગવાન પૂછે છે, તું કેમ રડે છે? સુદામાએ બધી વાત કરી ત્યારે ભગવાન કહે, આનું નામ મારી માયા.

# અબ્રામના વાર્ષિક દિવસે શાહરૂખે દિવાંગી ગીત પર ડાન્સ કર્યો

## શાહરૂખે પુત્ર અબરામના વાર્ષિક દિવસના ફંક્શનમાં હાજરી આપી હતી અને દિવાનગી દિવાનગી પર ડાન્સ કરીને પણ એન્જોય કર્યો

શાહરૂખ ખાને પુત્ર અબરામના વાર્ષિક દિવસના ફંક્શનમાં હાજરી આપી હતી અને દિવાનગી દિવાનગી પર ડાન્સ કરીને પણ એન્જોય કર્યો હતો. જ્યારે પણ શાહરૂખ ખાન ઘરમાં હોય ત્યારે સારા મનોરંજનની અપેક્ષા રાખો. ફિલ્મમાં હોય, પ્રમોશન હોય કે પછી લગ્નમાં, દરેક પ્રસંગમાં શાહરૂખ ખાનનો જીવ છે. પઠાણે તાજેતરમાં જ પુત્ર અબ્રામના વાર્ષિક દિવસના કાર્યક્રમમાં હાજરી આપી હતી. તે, ગૌરી ખાન અને સુહાના ખાને અબરામના અભિનયના સાક્ષી બનવા માટે ધીરુભાઈ અંબાણી ઈન્ટરનેશનલ સ્કૂલમાં પ્રવેશ કર્યો. અભિષેક બચ્ચન અને અમિતાભ બચ્ચન સહિત અન્ય ઘણા સ્ટાર્સ પણ હાજર હતા . સોશિયલ મીડિયા પર આ ઘટનાના અનેક વીડિયો અને તસવીરો જોવા મળી રહી છે. તેમાંથી એકમાં શાહરૂખ ખાન ડાન્સ કરી રહ્યો છે. પુત્રના એન્યુઅલ ડે ફંક્શનમાં ડાન્સ કરતો શાહરૂખ ખાન બેસ્ટ છે, અમે એક વિડિયો પર ઠોકર મારી છે જેમાં



ફંક્શનમાં ડાન્સ કરતો શાહરૂખ ખાન બેસ્ટ

શાહરૂખ ખાન ઓમ શાંતિ ઓમના ગીત દિવાંગી દીવાંગી પર ડાન્સ કરતો જોઈ શકાય છે. દીકરી સુહાના ખાન પણ ડાન્સ કરતી જોવા મળી શકે છે. બધા બાળકો શાહરૂખ ખાનની નજીક આવ્યા અને તેને ડાન્સ કરાવ્યો અને તે જોવાનું મનમોહક છે. આ જ ક્લિપમાં, અમે અભિષેક બચ્ચન અને ઐશ્વર્યા રાયને પણ સ્કૂલના બાળકો સાથે દિવાંગી દીવાંગીમાં ગરબે ઘૂમતા જોઈ શકીએ છીએ. સુહાના ખાન અને ગૌરી ખાન સાથે લેવિટેટિંગ એક્સ વો લડકી જો પર વાઈબ કરતા શાહરૂખ ખાનનો બીજો વીડિયો છે. કરીના કપૂર ખાન, સૈફ અલી ખાન, શાહિદ કપૂર, મીરા રાજપૂત કપૂર પણ DIAS ઈવેન્ટમાં હાજરી આપવા માટે હાજર હતા. અભિષેક બચ્ચન, ઐશ્વર્યા રાય બચ્ચનની પુત્રી આરાધ્યા બચ્ચન અને શાહરૂખ ખાન, ગૌરી ખાનનો પુત્ર અબરામ સ્ટેજ પર સ્કિટ કરી રહ્યો હોવાના વીડિયો છે. તેઓ એકસાથે સમાન પ્રદર્શનમાં હતા. છૂટાછેડાની તમામ અફવાઓ વચ્ચે અભિષેક અને ઐશ્વર્યાનો સંયુક્ત દેખાવ પણ બધા માટે રાહતનો શ્વાસ હતા.



### યે રિશ્તા ક્યા કહેલાતા હૈ સીરીયલ અપડેટ

# અભિરા અને અરમાનની કોલેજ લવસ્ટોરી શરૂ થશે



## આપણે જોઈશું કે અભિરા-અરમાનની નવી પ્રેમ કહાની કોલેજમાં શરૂ થશે

યે રિશ્તા ક્યા કહેલાતા હૈ સીરીયલ અપડેટઃ અભિરા-અરમાનની કોલેજ લવસ્ટોરી શરૂ થશે, શું તેઓ કાર્તિક-નાયરાના માર્ગે જઈ રહ્યા છે? સમૃદ્ધિ શુક્લા અને રોહિત પુરોહિત સ્ટારર ફિલ્મ યે રિશ્તા ક્યા કહેલાતા હૈને તમામનો પ્રેમ મળી રહ્યો છે. અમે જોયું કે કેવી રીતે અભિરા અને અરમાનનું સુખી લગ્નજીવન મુશ્કેલીમાં મુકાઈ ગયું જ્યારે દક્ષ વિશે સત્ય બહાર આવ્યું. અભિરા અને રુહીને ખબર ન હતી કે કેવી રીતે રોહિત અને અરમાને રુહીનું બાળક અભિરાને આપ્યું હતું. જ્યારે અભિરે બધાની સામે સત્ય જાહેર કર્યું, ત્યારે અભિરા ભાંગી પડી અને ગોએન્કાઓ લઈ ગયા. બધાએ દરેકની લાગણીઓ સાથે રમત કરવા બદલ અરમાનની ટીકા કરી. અમે પછી એક ડ્રામા જોયો જ્યાં અભિરા બાળક સાથે ભાગી ગઈ. જો કે, તેણે રુહીને બાળક પાછું આપ્યું પરંતુ અરમાન સાથેના તમામ સંબંધો તોડી નાખ્યા. તેણીએ તેના માતૃત્વની મજાક ઉડાવવા બદલ તેની નિંદા કરી. આ પણ વાંચો -ઁ રિપોર્ટ અઠવાડિયું ૫૦: ઉડને કી આશાએ યે રિશ્તા ક્યા કહેલાતા હૈ, અનુપમાને હરાવ્યું; બિગ બોસ ૧૮ એક ફ્લોપ શો છે, અરમાને તેણીને જીતવા માટે સખત પ્રયાસ કર્યો પરંતુ મનીષે દાદીસા નારાજ થઈને તેને છૂટાછેડાના કાગળો મોકલ્યા. ત્યારબાદ તેણીએ અભિરાનો વિરોધ કરવાનું શરૂ કર્યું અને મનીષનું અપમાન કર્યું. મનીષ અને દાદીસાની દલીલો એટલી ખરાબ થઈ કે એક કાર્યક્રમ દરમિયાન દાદીસાએ તેમનો અને અભિરાનો પણ અનાદર કર્યો. આનાથી અભિરા અને અરમાન વચ્ચેનું અંતર વધી ગયું કારણ કે તેઓ તેમના પરિવારની તરફેણમાં એકબીજા સાથે દલીલ કરતા હતા. આ પણ વાંચો - યે રિશ્તા ક્યા કહેલાતા હૈ સીરીયલ અપડેટઃ અભિરા-અરમાનની લવસ્ટોરીમાં આ નવું પાત્ર એન્ટ્રી કરશે, શું આ તેમના પુનઃમિલનની શક્યતાને સમાપ્ત કરશે? અભિરા અને અરમાનનો કોલેજ ટ્રેક કાર્તિક-નાયરાની વાર્તા જેવો જ છે, ગુસ્સામાં અભિરાએ છૂટાછેડાના કાગળો પર સહી કરી અને અમે જોયું કે અરમાન વિખેરાઈ ગયો હતો. દાદીસાએ તેને કાગળો પર સહી કરવાનો આદેશ પણ આપ્યો.

# ‘બેબી તો બડા હો ગયા’: વરુણની બેબી જોન ફિલ્મ પર કામ કરતી વખતે સલમાન



## વરુણ બેબી જહોનમાં જોવા મળશે અને આ ફિલ્મમાં સલમાન ખાન પણ કેમિયો રોલમાં છે, ફિલ્મના શૂટિંગ દરમિયાન કહ્યું હતું તે અંગે વરુણે ખુલાસો કર્યો છે

‘બેબી તો બડા હો ગયા’, વરુણ ધવને બેબી જોન પર કામ કરતી વખતે સલમાન ખાનની પ્રતિક્રિયા શેર કરી. વરુણ ધવન અભિનીત બેબી જહોન હવે સૌથી વધુ રાહ જોવાતી ફિલ્મોમાંની એક છે. એટલી સાથેનો તેમનો સહયોગ લાંબા સમયથી સૌથી વધુ ચર્ચામાં રહ્યો છે. ફિલ્મનું ટ્રેલર રિલીઝ થયું છે અને તેણે દિલ જીતી લીધું છે. સ્ટોરીલાઈન, એક્શન સિક્વન્સ, ડાન્સ સિક્વન્સ અને કેટલાક હૃદયસ્પર્શી પિતા-પુત્રીના દ્રશ્યો ખૂબ જ પ્રભાવશાળી રહ્યા છે. ચાહકોને લાગે છે કે આ ફિલ્મ મનોરંજનનું સંપૂર્ણ પેકેજ બની રહેશે. ટ્રેલરને દર્શકો અને ઘણી સેલિબ્રિટીઝ તરફથી પણ સકારાત્મક પ્રતિસાદ મળ્યો છે. આ ફિલ્મનું નિર્દેશન કાલીસ દ્વારા કરવામાં આવ્યું છે અને એટલી દ્વારા નિર્મિત છે. હાલમાં વરુણ અને એટલી ફિલ્મના પ્રમોશનમાં વ્યસ્ત છે. આ પણ વાંચો - શાહરૂખ ખાન અને એટલીએ તેમની ફિલ્મ જવાનમાં પાત્રો પર શરત લગાવી હતી; ધારો કે કોણ જીત્યું? આ ફિલ્મમાં જેકી શ્રોફ, કીર્તિ સુરેશ અને વામીકા ગબ્બી પણ મુખ્ય ભૂમિકામાં છે અને તે ૨૫ ડિસેમ્બરે રિલીઝ થવાની છે. આ ફિલ્મમાં સલમાન ખાનનો કેમિયો પણ છે . આનાથી દરેક વ્યક્તિ ખૂબ જ ઉત્સાહિત છે. હવે વરુણ ધવને બેબી જહોનમાં સલમાન સાથે કામ કરવા અંગે ખુલાસો કર્યો છે. આ પણ વાંચો - શું એટલી બેબી જહોન સાથે જવાનની સફળતાનું પુનરાવર્તન કરશે? તેમણે શું કહેવું છે તે અહીં છે, બેબી જહોનના શૂટિંગ વખતે સલમાન, વરુણે એક ક્યૂટ વાત કહી જે સલમાન ખાને તેના વિશે કહી હતી.

### અલ્લુ અરવિંદ પણ છોકરાની તબિયત તપાસવા માટે હોસ્પિટલ ગયા હતા

# સુકુમાર પીડિતાની હોસ્પિટલમાં મુલાકાત લીધી

૪ ડિસેમ્બરે હૈદરાબાદમાં સંધ્યા થિયેટરમાં પુષ્પા ૨: ધ રૂલની સ્ક્રીનિંગ દરમિયાન નાસભાગ મચી ગઈ હતી . સ્ક્રીનિંગ માટે ઘણા બધા ચાહકો એકઠા થયા હતા કે અલ્લુ અર્જુન તેના માટે હાજર હતો. નાસભાગને કારણે એક મહિલાનું મોત નીપજ્યું હતું અને તેના પુત્રને ઈજાઓ થતાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. ગયા અઠવાડિયે આ કેસમાં અર્જુનની ધરપકડ કરવામાં આવી હતી અને બીજા દિવસે તેને જામીન પર છોડવામાં આવ્યો હતો. આ પણ વાંચો - શું અલ્લુ અર્જુનની પુષ્પા ૨ વરુણ ધવનની બેબી જોન માટે બોક્સ ઓફિસ પર ખતરો ઉભો કરશે? કાલીસ તેની આંતરદૃષ્ટિ શેર કરે છે, પુષ્પા ૨ સ્ટેમ્પેડ દુર્ઘટનાઃ સુકુમાર પીડિતાની મુલાકાત લે છે, પુષ્પા ૨ ના ડિરેક્ટર સુકુમારે પીડિતાની હોસ્પિટલમાં મુલાકાત લીધી હતી. ડિરેક્ટરે પરિવારને આર્થિક મદદ પણ કરી હતી. ડિરેક્ટરના પ્રવક્તાએ તેની પુષ્ટિ કરવા માટે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ (અગાઉ ટ્વિટર) પર લીધો. ટ્વીટમાં લખ્યું છે કે, ‘‘નિર્દેશક સુકુમારે હોસ્પિટલમાં શ્રી તેજની મુલાકાત લીધી હતી. તેમની પત્ની (તબિથા) એ ૯ ડિસેમ્બરે શ્રી તેજના પિતાને ૫ લાખનું દાન આપ્યું હતું.’’ આ પણ વાંચો - પુષ્પા ૨ બોક્સ ઓફિસ કલેક્શન દિવસ ૧૪: અલ્લુ અર્જુનની ફિલ્મનો ધમાકો ચાલુ; શું તે ત્રીજા સપ્તાહના અંત સુધીમાં રૂ. ૧૦૦૦ કરોડ ભારતીય નેટ પર પહોંચી જશે? અત્યારે વલણમાં છે, ભલામણ કરેલ વાર્તાઓ,



તેની ધરપકડ પહેલા, અલ્લુ અર્જુનના પિતા અલ્લુ અરવિંદ પણ છોકરાની તબિયત તપાસવા માટે હોસ્પિટલ ગયા હતા. અરવિંદ બાળકના પિતા અને પત્નીના પતિને પણ મળ્યો, જેમણે નાસભાગમાં પોતાનો જીવ ગુમાવ્યો. જ્યારે અર્જુનની આ કેસમાં ધરપકડ કરવામાં આવી ત્યારે સોશિયલ મીડિયા પર ભારે પ્રતિક્રિયાઓ આવી હતી. પુષ્પા ૨ અભિનેતાના સમર્થનમાં ઘણી બધી હસ્તીઓ પણ બહાર આવી હતી. આ પણ વાંચો - ‘જ્યારે હું તૈયાર હોઈશ ત્યારે વાત કરીશ’, રશ્મિકા મંડન્નાની ડેટિંગ અફવાઓ પર વિજય દેવરાકોંડાએ આપી પ્રતિક્રિયા, જામીન પર બહાર આવ્યા પછી, અભિનેતાએ મીડિયા સાથે એક નિવેદન શેર કર્યું અને બધાનો આભાર માન્યો.

### શું તે વિજય દેવરાકોંડા વિશે વાત કરી રહી છે?

# રશ્મિકા તેના જીવનસાથી વિશે વાત કરી રહી છે

પુષ્પા ૨ અભિનેત્રી રશ્મિકા મંડન્ના અલ્લુ અર્જુન સાથે તેની તાજેતરમાં રિલીઝ થયેલી ફિલ્મની સફળતામાં તરબોળ છે . અભિનેત્રી વારંવાર દિલ જીતવામાં સફળ રહી છે અને કેવી રીતે! વિજય દેવેરાકોંડા સાથે ડેટિંગની અફવાઓ વચ્ચે , રશ્મિકાએ જીવનસાથીમાં જે ગુણો શોધે છે તે વિશે તેણીના હૃદયની વાત કરી છે. વેલ, વિજય કે રશ્મિકાએ તેમના સંબંધોની પુષ્ટિ કરી નથી. પરંતુ, તેમની સાથે ક્વોલિટી ટાઈમ વિતાવતા ફોટા સોશિયલ મીડિયા પર વારંવાર વાયરલ થાય છે. આ પણ વાંચો - કોકટેલ ૨: દિનેશ વિજન અને લવ રંજનની ફિલ્મમાં શાહિદ કપૂર અને રશ્મિકા મંદન્ના સાથે કૃતિ સેનન જોડાશે? અહીં આપણે જાણીએ છીએ તે છે, કોસ્મોપોલિટન ઈન્ડિયા સાથેના એક ઈન્ટરવ્યુમાં રશ્મિકાને પૂછવામાં આવ્યું હતું કે તે રોજિંદા જીવનમાં સૌથી વધુ આરામદાયક શું અનુભવે છે. સુંદર અભિનેત્રીએ કહ્યું કે તેને તેના જીવનના દરેક તબક્કામાં તેના જીવનસાથીની જરૂર છે. તેણીએ વધુમાં કહ્યું કે, ‘મારા જીવનના દરેક તબક્કામાં મને મારા જીવનસાથીની જરૂર છે. મને તે આરામ, સુરક્ષા અને સહાનુભૂતિની જરૂર છે.’ આ પણ વાંચો - પુષ્પા ૨ બોક્સ ઓફિસઃ અલ્લુ અર્જુનની ફિલ્મે બનાવ્યો નવો રેકોર્ડ, હિન્દીમાં આ સીમાચિહ્ન હાંસલ કરનાર સૌથી ઝડપી બની.

# ડેટિંગની અફવાઓ પર વિજયની પ્રતિક્રિયા

વિજય દેવરાકોંડા અને રશ્મિકા મંડન્નાની ફેન ફોલોઈંગ ખૂબ જ મોટી છે. દરેક વ્યક્તિને તેમને સ્ક્રીન પર અને ઑફ-સ્ક્રીન પણ સાથે જોવાનું પસંદ છે. તેઓએ ૨૦૧૮માં ગીતા ગોવિંદમમાં અને ૨૦૧૯માં ડિયર કોમરેડમાં પણ સાથે કામ કર્યું છે. જો કે, તેઓ સારા બોન્ડ શેર કરે છે અને લોકો અનુમાન કરી રહ્યા છે કે તેઓ સંબંધમાં છે. તેમની આસપાસ ડેટિંગની ઘણી બધી વાર્તાઓ સામે આવે છે. બંનેએ આ વાર્તાઓ વિશે ક્યારેય ખુલાસો કર્યો નથી કે કોઈની સાથેના તેમના સંબંધો વિશે વાત કરી નથી. આ પણ વાંચો - શું અલ્લુ અર્જુનની પુષ્પા ૨ વરુણ ધવનની બેબી જોનની બોક્સ ઓફિસ પર અસર કરશે? દિગ્દર્શક એટલી પ્રતિક્રિયા આપે છે, જો કે, હવે, આખરે વિજયે રશ્મિકા મંદન્ના સાથે ડેટિંગની આસપાસની અફવાઓને સંબોધિત કરી છે . વિજય દેવેરાકોંડાએ બોમ્બે ટાઈમ્સ સાથે વાત કરી અને કહ્યું કે જ્યારે તેઓ તૈયાર હશે ત્યારે તેઓ આ વિશે વાત કરશે, જ્યારે



તેમને લાગે છે કે વિશ્વને જાણવાની જરૂર છે, અને તે દરેક સાથે શેર કરવા માંગે છે. તેને લાગે છે કે તેના માટે એક કારણ, એક હેતુ અને સમય હોવો જોઈએ. આ પણ વાંચો - રશ્મિકા મંદન્ના કહે છે કે તેનો પાર્ટનર તેને આરામ આપે છે; શું તે વિજય દેવરાકોંડા વિશે વાત કરી રહી છે? તેણે ઉમેર્યું કે જ્યારે આવો દિવસ આવશે ત્યારે તે ખુશીથી તેની રીતે દુનિયા સાથે સમાચાર શેર કરશે. તેણે કહ્યું કે તે સમજે છે કે તે એક સાર્વજનિક વ્યક્તિ છે, ત્યાં ઘણી ઉત્સુકતા છે, પરંતુ તે કોઈ દબાણ અનુભવતો નથી. તેણે ઉમેર્યું, ‘‘મેં તેને સમાચાર તરીકે વાંચ્યું. માત્ર એક જ વાર મને પ્રતિભાવ આપવાની જરૂર અનુભવાઈ (તે સમયે જ્યારે તેણે તેના લગ્ન વિશેના અહેવાલ પર પ્રતિક્રિયા આપતા ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પોસ્ટ કરી ત્યારે ઈશારો કર્યો), પરંતુ અન્યથા, તે ઠીક છે.’’ આ પણ વાંચો - કોકટેલ ૨: દિનેશ વિજન અને લવ રંજનની ફિલ્મમાં શાહિદ કપૂર અને રશ્મિકા મંદન્ના સાથે કૃતિ સેનન જોડાશે? અહીં આપણે જાણીએ છીએ તે છે.

# શું અર્જુનની પુષ્પા ૨ વરુણ ધવનની બેબી જોનની બોક્સ ઓફિસ પર અસર કરશે?

## એટલીએ હવે પુષ્પા ૨ થી સ્પર્ધાનો સામનો કરી રહેલી તેની ફિલ્મ વિશે ખુલાસો કર્યો છે

વરુણ ધવને એટલી સાથે બેબી જોન માટે સહયોગ કર્યો હતો. આ સૌથી મોટા સમાચારો પૈકીના એક હતા અને દરેક લોકો એ જોવા માંગતા હતા કે વરુણ બેબી જહોન તરીકે કેવી રીતે બહાર આવશે . આ ફિલ્મ સૌથી વધુ રાહ જોવાતી હતી. ફિલ્મના ટ્રેલરે પહેલાથી જ બધાને પ્રેમ કરી દીધો છે. તે એક વિશાળ ટ્રેલર છે જેમાં ઘણી બધી ‘વાહ’ ક્ષણો છે. એક્શન સિક્વન્સ અદ્ભુત છે અને અમે ટ્રેલરમાં પિતા-પુત્રીની ઘણી સુંદર ક્ષણો પણ જોઈ. આ ફિલ્મ માટે વરુણે ચોક્કસપણે પોતાની જાતને બહાર કરી દીધી છે. તે કાલીસ દ્વારા નિર્દેશિત છે અને એટલી દ્વારા નિર્મિત છે. આ પણ વાંચો - ‘બેબી તો બડા હો ગયા’, વરુણ ધવને બેબી જોન પર કામ કરતી વખતે શેર કરી સલમાન ખાનની પ્રતિક્રિયા, બેબી જહોન પણ જેકી શ્રોફ, કીર્થી સુરેશ, વામીકા ગબ્બી અને અન્ય કલાકારો છે. આ ફિલ્મમાં સલમાન ખાનનો કેમિયો પણ છે . આ ફિલ્મ ૨૫ ડિસેમ્બરે રિલીઝ થઈ રહી છે અને દરેક લોકો તેના માટે ખૂબ જ ઉત્સાહિત છે. જો કે,



હાલમાં એકમાત્ર ચાલતો ચુકાદો અલ્લુ અર્જુન અને રશ્મિકા મંદન્ના અભિનીત પુષ્પા ૨: ધ રૂલ છે . આ પણ વાંચો - શાહરૂખ ખાન અને એટલીએ તેમની ફિલ્મ જવાનમાં પાત્રો પર શરત લગાવી હતી; ધારો કે કોણ જીત્યું? આ ફિલ્મે બધાને દિવાના બનાવી દીધા છે અને બોક્સ ઓફિસ પર રાજ કરી રહી છે. આ ફિલ્મે બોક્સ ઓફિસના ઘણા રેકોર્ડ તોડ્યા છે અને વૈશ્વિક સ્તરે રૂ. ૧૫૦૦ કરોડનો આંકડો પાર કર્યો છે. પુષ્પા ૨નો જાદુ દરેક જગ્યાએ છે અને અમે ફિલ્મ માટે ઘણો પ્રેમ જોઈ રહ્યા છીએ. બોક્સ ઓફિસ પર આ ગડગડાટના વાવાઝોડા સાથે, ઘણા લોકો આગાહી કરી રહ્યા છે કે આનાથી બેબી જહોનના બોક્સ ઓફિસ કલેક્શનને અસર થઈ શકે છે. આ પણ વાંચો - શું એટલી બેબી જહોન સાથે જવાનની સફળતાનું પુનરાવર્તન કરશે? તેમણે શું કહેવું છે તે અહીં છે, મુંબઈમાં એક પ્રેસ કોન્ફરન્સમાં, એટલાએ બેબી જહોનને અસર થવાની અને પુષ્પા ૨ સાથેની અથડામણની સંભાવના પર પ્રતિક્રિયા આપી .

# શું એટલી વરુણ ધવનની બેબી જહોન સાથે જવાનની સફળતાનું પુનરાવર્તન કરશે?

## મોટા પડદા પર બેબી જહોનની સાથે તહેવારોની મોસમ વધુ સારી બનાવવામાં આવશે

ફિલ્મ રસિકો માટે આ મહિનો સારો છે. ડિસેમ્બરની શરૂઆત અલ્લુ અર્જુનની પુષ્પા ૨ થી થઈ હતી અને વરુણ ધવનની બેબી જોન સાથે સમાપ્ત થઈ રહી છે. આ બે ફિલ્મો જેની સૌથી વધુ રાહ જોવામાં આવી રહી છે. જ્યારે પુષ્પા ૨ ધ રૂલ બોક્સ ઓફિસ પર સારો બિઝનેસ કરી રહી છે, ત્યારે બધાની નજર હવે બેબી જહોન પર છે. તે વરુણ ધવનને ઉગ્ર એક્શન અવતારમાં લાવે છે અને તે કાલીસ દ્વારા દિગ્દર્શિત છે અને એટલી દ્વારા પ્રસ્તુત છે. આ પણ વાંચો - બ્રેકિંગ! કલીસ કહે છે, ‘વરુણ ધવન બોલિવૂડમાં અલ્લુ અર્જુનની જગ્યા ભરી શકે છે, એટલા, તેમના સહાયક દિગ્દર્શક કાલીસ સાથે, ભારતને ૨૦૨૩ ની સૌથી મોટી હિટ ફિલ્મોમાંની એક, જવાન.. અને હવે, તેમની જોડી પાન ઈન્ડિયા ફિલ્મ, બેબી જહોન સાથે પાછી ફરી છે. આ ફિલ્મમાં વામીકા ગબ્બી અને કીર્તિ સુરેશ અને જેકી શ્રોફ પણ પ્રતિસ્પર્ધી તરીકે અગાઉ ક્યારેય ન જોયેલા અવતારમાં છે. આ પણ વાંચો - શું શાહરૂખ ખાનનો જવાન અને વરુણ ધવનનો બેબી જોન ક્રોસઓવર થશે? એટલીનું આ કહેવું છે, તો શું એટલી બેબી જહોન સાથે શાહરૂખ ખાનની જવાનની સફળતાનું પુનરાવર્તન કરશે? બુધવારે મુંબઈમાં ક્રિસમસ પાર્ટીમાં અમારી સાથે વાત કરતા એટલાએ કહ્યું, ‘‘અમે, બેબી જહોનની ટીમે, અમે જે કરી શકીએ તે શ્રેષ્ઠ કર્યું છે. હવે, અમે તે ભગવાન અને પ્રેક્ષકો પર છોડીએ છીએ.’’ તેણે સ્વીકાર્યું કે



### શું શાહરૂખ ખાનનો જવાન અને વરુણ ધવનનો બેબી જોન ક્રોસઓવર થશે ખરી?

આ ફિલ્મમાં જવાનની જેમ જ મોટી બ્લોકબસ્ટર બનવાની ક્ષમતા છે. ‘‘જવાન અને મારી અન્ય મોટાભાગની ફિલ્મોની જેમ, બેબી જહોનમાં પણ એક સામાજિક સંદેશ છે જે આપણા દેશ માટે ખૂબ જ મહત્વપૂર્ણ અને સુસંગત છે,’’ તેણે કહ્યું. આ પણ વાંચો - કપિલ શર્માએ તેના શોમાં જવાન ડિરેક્ટર એટલી પર કથિત ‘જાતિવાદી જીબ’ સામે પ્રતિક્રિયા આપી, એટલીએ વધુમાં ઉમેર્યું હતું કે આ ફિલ્મ સમગ્ર પરિવાર માટે છે અને દરેક વ્યક્તિ પાસે કંઈક એવું હશે જે તેઓ બેબી જહોન પાસેથી છીનવી લેશે.

# નર્મદ યુનિ.માં 'ગુજરાત ગ્લોબલ એક્સ્પો'ની મુલાકાત લેતા સાંસદ મુકેશભાઈ દલાલ અને મેયર દક્ષેશભાઈ માવાણી



। (માહિતી) નર્મદ, તા.૨૨ ।

વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના 'આત્મનિર્ભર ભારત'ના વિઝનને અનુસરી સરકારના વિવિધ વિભાગોએ મેળવેલી સિદ્ધિ વિષે સુરતવાસીઓ જાણકારી મેળવી શકે એ માટે વીર નર્મદ યુનિવર્સિટી ખાતે તા.૧૯ થી ૨૧ દરમિયાન આયોજિત 'ગુજરાત ગ્લોબલ એક્સ્પો' મેગા એક્ઝિબિશનની બીજા દિવસે સાંસદ મુકેશભાઈ દલાલ અને મેયર દક્ષેશભાઈ માવાણીએ મુલાકાત લીધી હતી. તેમણે વિવિધ સ્ટોલ્સની મુલાકાત લઈ પ્રદર્શનીથી વાકેફ થયા હતા.

પરિચિત ફાઉન્ડેશન દ્વારા આયોજિત આ પ્રદર્શનમાં બીજા દિવસે મોટી સંખ્યામાં નાગરિકો, શાળા-કોલેજોના જિજ્ઞાસુ વિદ્યાર્થીઓએ સ્ટોલ્સમાં પ્રદર્શિત કૃતિઓ, વિભાગોની સિદ્ધિઓની સસ્લાઈડસ, ઓડિયો-વિઝ્યુઅલ્સને રસપૂર્વક નિહાળી ઉપયોગી જાણકારી મેળવી હતી. એક્ઝિબિશનમાં રાષ્ટ્રીય અને રાજ્ય કક્ષાની ૧૦૦ જેટલી સંસ્થાઓ તેમની સિદ્ધિઓનું પ્રદર્શન કરી રહી છે. વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારના વિકાસકામો, વિવિધ અભિયાનો, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે મેળવેલી સિદ્ધિઓને પ્રદર્શિત કરાઈ છે, જેમાં **DRDO**, પાવરગ્રીડ, ઈસરો, **GSI, CSIR, NCERT, ICAR**, જીઓલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા, **C.W..C., APEDA, ICMR, MOES, REC, BIS, CPCB, NIF, DC Handicrafts, Garvi Gurjari, KRIBHCO, GAIL, REC, ONGC** જેવી સરકારી જાહેર એજન્સી-સંસ્થાઓ ભાગ લીધો છે. તા.૨૧મી સુધી ત્રણ દિવસ માટે સવારે ૧૦.૩૦ થી ૫.૩૦ વાગ્યા દરમિયાન શાળા-કોલેજોના વિદ્યાર્થીઓ, આમ નાગરિકો નિઃશુલ્ક પ્રવેશ મેળવી પ્રદર્શનને નિહાળી શકે છે.

# ડાંગ જિલ્લા સંકલન-વ-ફરિયાદ સમિતિની બેઠક યોજાઇ



। (માહિતી) ડાંગ, તા.૨૨ ।

આજરોજ ડાંગ જિલ્લા કલેક્ટર કચેરીના સભા ખંડમાં ડાંગના અધિક જિલ્લા કલેક્ટર શ્રી બી.બી.ચૌધરીના અધ્યક્ષ સ્થાને 'જિલ્લા સંકલન-વ-ફરિયાદ સમિતિ' ની બેઠક યોજાઇ હતી. જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠકમા જિલ્લા અધિકારીઓને સૂચના આપતા અધિક જિલ્લા કલેકટર શ્રી બી.બી.ચૌધરીએ, જિલ્લાના પદાધિકારીઓ સહિત સઁ/સ્ન્છ જેવા જનપ્રતિનિધીઓની લેખિત કે મૌખિક રજૂઆતો, પ્રશ્નો, અરજીઓનો સમય મર્યાદામા સાનુકૂળ નિકાલ/જવાબ કરવાની પણ તાકીદ કરી હતી. બેઠકમાં સરકારી લેણાંની બાકી વસૂલાતો, તુમાર સેન્શન, પેન્શન કેસ, ઓડિટ પેરા ઉપરાંત નશામુક્ત ભારત અભિયાનની બાબતો, શિક્ષણની સ્થિતિ, **CM** ડેશબોર્ડ, ન્યૂઝ એનાલિસિસની કામગીરી, ખુલ્લામા બોર/કૂવા, ગટર લાઈન જેવા સ્થળોની ચકાસણી જેવા મુદ્દે સવિસ્તાર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આ ઉપરાંત જિલ્લામાં થતી વિવિધ સકારાત્મક પ્રવૃતિઓ તેમજ સરકારી યોજનાઓ/કાર્યક્રમોનો અસરકારક અમલ લોકો સુધી પહોંચે તે માટે તમામ અધિકારીશ્રીઓના સોશિયલ મિડીયા પ્લેટ્ફોર્મસ બનાવી તેનો મહત્તમ ઉપયોગ કરવા અંગે અધિક જિલ્લા કલેક્ટર શ્રી બી.બી. ચૌધરી તેમજ નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રી હિરલ પટેલે અધિકારશ્રીઓને માર્ગદર્શીત કર્યા હતા.

# જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક જિલ્લા કલેક્ટર ડો.સૌરભ પારધીના અધ્યક્ષસ્થાને મળી હતી

### શાળાકક્ષાએ અપર આઈડી કાર્ડ બનાવવા માટે વિદ્યાર્થીનું નામ, અટક અને પિતાના નામ આગળ પાછળ આવતા હોય આધાર કાર્ડમાં સુધારો કરવા માટે લોકોને પડતી મુશ્કેલીઓનું નિવારણ કરવાની રજુઆત કરતા ધારાસભ્ય અરવિંદભાઈ રાણા



। (માહિતી) સુરત, તા.૨૨ ।

જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક જિલ્લા કલેકટર ડો.સૌરભ પારધીના અધ્યક્ષસ્થાને મળી હતી. જિલ્લા કલેકટરાયમાં યોજાયેલી બેઠકમાં ધારાસભ્યશ્રી મનુભાઈ પટેલે ઉધના-ભેસ્તાન પર આવેલી બે હાઈટેન્શન લાઈનોને અંન્ડરગ્રાઉન્ડ કરવા અંગેની રજુઆત કરી હતી. તેમણે ઉધના વિસ્તારમાં લોકોને પ્રોપર્ટી કાર્ડ ઝડપથી મળી રહે તે માટેની રજુઆત સંદર્ભે જિલ્લા કલેકટરશ્રીએ સર્વેનું કામ કરતી એજન્સી અંગે ડી.એલ.આર. અધિકારીને સરકાર લેવલે રજુઆત કરવા જણાવ્યું હતું. ધારાસભ્ય અરવિંદ રાણાએ ઈ-શ્રમ કાર્ડ ધારકોને એન.એફ.એસ.એ. હેઠળ નોંધણી કરીને વિનામૂલ્યે અન્ન સહાય યોજનાનો લાભ આપવાની રજુઆત કરી હતી. આ ઉપરાંત તેમણે હાલમાં શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને અપર આઈ.ડી. બનાવવા અંગેનું કાર્ય ચાલી રહ્યું છે જેમાં આઈ.ડી.ઓપન કરવા માટે શાળાના રજીસ્ટર દફતરે વિદ્યાર્થી ના નામનો ઉપયોગ કરવામાં આવે છે. જયારે આધાર કાર્ડમાં લખવામાં આવેલ વિદ્યાર્થી નું નામ અને અટક તેમજ પિતાનું નામ આગળ પાછળ લખ્યું હોય તો સ્વીકારવામાં આવતુ નથી જેથી લોકોને મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે જે અંગે જિલ્લા કલેકટરશ્રીએ રાજયકક્ષાએ રજુઆત કરવામાં આવશે તેમ જણાવ્યું હતું. ધારાસભ્યશ્રી સંદિપ દેસાઈએ કનકપુર ખાતે પાલિકાનું નવું ભવન બનાવવા માટે જમીનની ફાળવણી કરવાની રજુઆત કરી હતી. જે સંદર્ભે કલેકટરશ્રીએ સુડાના અધિકારીઓને જમીન આપવા અંગે સંકલન સાધવા જણાવ્યું હતું. જુની પોસ્ટ ઓફિસનું મકાન જર્જરીત હોય જે પાડવા અંગેની રજુઆત કરી હતી. આ ઉપરાંત બમરોલી વડોદ વિસ્તારમાં જાહેર ટ્રાન્સફોર્મરો તુટી ગયા હોય જેની તાકીદે રીપેરીંગ કરવાની રજુઆત અન્વયે ડીજીવીસીએલના અધિકારીઓને યોગ્ય કાર્યવાહી કરવાની સુચના કલેકટરશ્રીએ આપી હતી. સાઉથ ઈસ્ટ ઝોનમાં આઈકોનિક શાળાના નિર્માણ તથા કવાસ ગામ ખાતે મજુર થયેલા સામૂહિક આરોગ્ય કેન્દ્ર ઝડપી શરૂ કરવાની રજુઆતો કરી હતી. જિલ્લા કલેકટરશ્રીએ તાલુકાકક્ષાએ યોજાતા સ્વાગત કાર્યક્રમોમાં આવેલા પ્રશ્નો પેન્ડીંગ ન રહે તથા ઝડપી નિકાલ આવે તે માટે અધિકારીઓને જણાવ્યું હતું. આ ઉપરાંત જિલ્લાની તમામ સરકારી કચેરીઓ, આંગણવાડી કેન્દ્રો, શાળાના કમ્પાઉન્ડમાં રેઈનવોટર હાર્વેસ્ટીંગનું સ્ટ્રકચર ઉભુ કરવા અંગે અધિકારીઓને સુચના આપી હતી. જે તે વિભાગોની સરકારી કચેરીઓના સોશિયલ મીડિયા એકાઉન્ટ એકટીવ કરીને સારી કામગીરીનો પ્રસાર-પ્રચાર થાય તે અંગે દરેક અધિકારીઓને સક્રિય થવા જણાવ્યું હતું. બેઠકમાં સાંસદશ્રી મુકેશભાઈ દલાલ, ધારાસભ્યો સર્વશ્રી મનુભાઈ પટેલ, સંદિપભાઈ દેસાઈ, મોહનભાઈ ઢોડિયા, અરવિંદ રાણા, જિલ્લા વિકાસ અધિકારી શિવાની ગોયલ, સુડાના મુખ્ય કારોબારી અધિકારી, નિવાસી અધિક કલેકટરશ્રી વિજય રબારી, પ્રાંત અધિકારીઓ, મામલતદારશ્રીઓ તથા જે તે વિભાગના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ખેડૂતો ૧ જાન્યુઆરી ૨૦૨૫થી ઓનલાઇન નોંધણી કરાવી શકશે

# ખેડૂતો પાસેથી લઘુત્તમ ટેકાના ભાવે રૂ.૨,૪૨૫ પ્રતિ ક્વિન્ટલ લેખે ઘઉંની સીધી ખરીદી કરાશે

। ગાંધીનગર, તા.૨૨ ।

ખેડૂતોને તેમના ઉત્પાદનના પોષણક્ષમ ભાવ મળી રહે તે હેતુથી "રવિ માર્કેટીંગ સીઝન ૨૦૨૫-૨૬" અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા લઘુત્તમ ટેકાના ભાવે ખરીદી કરવામાં આવશે. જે અન્વયે રૂ.૨,૪૨૫ પ્રતિ ક્વિન્ટલ ઘઉંની ખરીદી ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ મારફતે કરવામાં આવશે. લઘુત્તમ ટેકાના ભાવે ઘઉંના વેચાણ કરવા ઈચ્છતા ખેડૂતો માટે ઓનલાઈન નોંધણી પ્રક્રિયા સમગ્ર રાજ્યમાં ગ્રામીણ કક્ષાએ **VCE** મારફતે તા. ૧ જાન્યુઆરી ૨૦૨૫થી કરવામાં આવશે. આ ઓનલાઈન નોંધણી માટે ખેડૂતની આધાર કાર્ડની નકલ, અદ્યતન ગામ નમૂનો ૭/૧૨, ૮-અની નકલ, ગામ નમૂના ૧૨માં પાક વાવણી અંગે એન્ટ્રી ન થઈ હોય તો પાકની વાવણી અંગેનો તલાટીના સહી સિક્કા સાથેનો દાખલો, ખેડૂતના નામના બેંક ખાતાની વિગત જેમ કે બેંક પાસબુક ની નકલ અથવા કેન્સલ ચેકની નકલ જેવા જરૂરી પુરાવાસાથેરાખવાનારહેશે. રાજ્યનાખેડૂતોતેઓનો પાક લઘુત્તમ ટેકાના ભાવે વેચાણ કરવા ઈચ્છતા હોય તો આ માટે ઓનલાઈન નોંધણી કરવી ફરજિયાત છે. વધુમાં, ટેકાના ભાવે ખરીદી માટે રજીસ્ટ્રેશન કરાવેલ ખેડૂતોને **SMS** મારફતે ખરીદી અંગેની જાણ કરવામાં આવશે. ખરીદી સમયે ખેડૂતે પોતાનું આધારકાર્ડ-ઓળખપત્ર સાથે રાખવાનું રહેશે. ખેડૂત ખાતેદારના બાયોમેટ્રિક ઓથેન્ટીકેશન દ્વારા જ જથ્થો ખરીદી કરવામાં આવશે. નોંધણી કરાવતી વખતે તમામ ડોક્યુમેન્ટસ સુવાચ્ય રીતે અપલોડ થાય તથા માગ્યા મુજબના જ અપલોડ થાય તેની નોંધણી સ્થળ-કાઉન્ટર છોડતા પહેલા ખાસ કાળજી રાખવી. ડોક્યુમેન્ટની ચકાસણી દરમિયાન જો ખોટા ડોક્યુમેન્ટ અપલોડ કરાયા હોવાનું ધ્યાને આવશે તો તેવા કિસ્સામાં ખેડૂતનો ક્રમ રદ થશે અને ખરીદી માટે જાણ પણ નહી કરવામાં આવે. નોંધણી બાબતે કોઈ મુશકેલી જણાય તો હેલ્પલાઈન નંબર ૮૫૧૧૧ ૭૧૭૧૮ તથા ૮૫૧૧૧ ૭૧૭૧૯ ઉપર સંપર્ક કરવા, ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમની યાદીમાં જણાવ્યું છે.

# વાપીમાં રાજ્ય સરકારના યોગ બોર્ડ દ્વારા નિઃશુલ્ક યોગ શિબિર યોજાઈ



। (માહિતી) વાપી, તા.૨૨ ।

ગુજરાત રાજ્ય યોગ બોર્ડના માર્ગદર્શન હેઠળ વલસાડ જિલ્લાના યોગ કોચ અને સોશિયલ મીડિયા કો-ઓર્ડીનેટર શીતલ ત્રિગોત્રા દ્વારા વલસાડ જિલ્લાના વાપી તાલુકામાં જલારામ મંદિર ખાતે નિઃશુલ્ક યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૪૦ જેટલા યોગ પ્રેમીઓએ લાભ લીધો હતો. આ પ્રસંગે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ અંતર્ગત સમગ્ર જિલ્લામાં ચાલી રહેલા કાર્ય વિશે શીતલબેને માહિતી આપી હતી. સહયોગી તરીક યોગ ટ્રેનર તોરલ મિસ્ત્રીએ સહકાર આપ્યો હતો. ઉલ્લેખનીય છે કે, વાપી તાલુકામાં આવેલા જલારામ મંદિર ખાતે છેલ્લા બે વર્ષથી યોગના પ્રખર અનુભવી શ્રીમતી તોરલબહેન મિસ્ત્રી દ્વારા ગુજરાત સ્ટેટ યોગ બોર્ડના સાનિધ્યમાં જન સેવાર્થે સમાજોપયોગી થવાના ઉમદા હેતુ સાથે નિઃશુલ્ક યોગા ક્લાસ ચલાવવામાં આવે છે. જેનો બહોળી સંખ્યામાં લાભ લેવા જણાવાયું છે.

# વિવિધ સેવાઓ અંતર્ગત છેલ્લાં બે વર્ષમાં રાજ્યભરમાં રેકોર્ડ બ્રેક અંદાજે ૮૮ કરોડ 'આધાર ઓથેન્ટિકેશન' નોંધાયા

। (માહિતી) ગાંધીનગર, તા.૨૨ ।

પ્રવર્તમાન સમયમાં અદ્યતન ઈન્ટરનેટ અને ટેકનોલોજીના ઉપયોગના પરિણામે આજે તમામ પ્રકારની માહિતી ઈન્ટરનેટ જગતના માધ્યમથી નાગરિકોના આંગળીના ટેરવે ઉપલબ્ધ છે. જન કલ્યાણકારી યોજનાનો લાભ છેવાડાના નાગરિકોને સરળ અને ઝડપી પહોચાડીને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં સુશાનની હરહમેંશ અનુભૂતિ કરાવવામાં આવે છે. જેના ફળશ્રુતિરૂપે રાજ્ય સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ દ્વારા વિવિધ સેવાઓ અંતર્ગત છેલ્લાં બે વર્ષમાં રાજ્યભરમાં અંદાજે ૮૮ કરોડ 'આધાર ઓથેન્ટિકેશન' નોંધાયા છે.

જ્યારે વિવિધ વિભાગોમાંથી સરેરાશ માસિક ૦૫ કરોડ અને દરરોજ સરેરાશ ૨૨ લાખ જેટલી આધાર ઓથેન્ટિકેશનની અરજી પર સફળતાપૂર્વક પ્રક્રિયા કરવામાં આવે છે. જે અંતર્ગત વર્ષ ૨૦૨૨-૨૩માં ૧૮ કરોડ, વર્ષ ૨૦૨૩-૨૪માં ૨૨ કરોડ તેમજ નવેમ્બર ૨૦૨૪ સુધીમાં ૪૮ કરોડ, એમ કુલ ૮૮ કરોડ 'આધાર ઓથેન્ટિકેશન' રાજ્યભરમાં નોંધાયા છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'ડિજિટલ ભારત'ના સ્વપ્નને રાજ્ય સરકાર 'ડિજિટલ ગુજરાત' થકી સાકાર કરી રહી છે. આ ડિજિટલ ગુજરાતના મંત્રને ચરિતાર્થ કરવા ગુજરાતના વિવિધ વિભાગો દ્વારા લાભાર્થીઓને ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર- **DBT** માધ્યમથી સહાય ચૂકવવાના ઉમદા આશયથી વર્ષ ૨૦૨૨થી ૨૪ સુધીમાં રાજ્યની ૦૯ વિભાગોની ૨૦૦થી વધુ યોજનાઓની નોંધણી કરવામાં આવી છે. ઓથેન્ટિકેશનના વેરિફિકેશનને વધુ સચોટ બનાવવાના ઉમદા હેતુથી ફેસ ઓથેન્ટિકેશન એપ્લિકેશન બનાવવામાં આવી હતી. જેના પરિણામે રાજ્યમાં નાણાકીય વર્ષ ૨૦૨૨થી નવેમ્બર ૨૦૨૪ સુધીમાં ફેસ ઓથેન્ટિકેશનની એપ્લિકેશનના માધ્યમથી ૬૦ લાખથી વધુ નાગરિકોની આધાર નોંધણી થઈ છે. રાજ્યના નાગરિકો બહુવિધ સરકારી સેવાઓ અને યોજનાઓનો લાભ ઓનલાઈન ઘરે બેઠા લઈ શકે તે માટે સિંગલ સાઈન ઓન એપ્લિકેશન બનાવામાં આવી છે. નાગરિકોની ડિજિટલ ઓળખ સ્થાપિત કરવા સિટીઝન સ્ટેટ સિંગલ સાઈન- ઓન **(SSO)** સિસ્ટમ વિકસાવવામાં આવી છે. આ સિસ્ટમ આધાર, ઁછદ્ર, વિદ્યાર્થી આઈ.ડી., રેશન કાર્ડ, ડ્રાઈવિંગ લાયસન્સ જેવી મુખ્ય સેવાઓને સંકલિત કરી આગવી ઓળખ બનાવે છે. જે સરકારી સેવાનો લાભ લેવા આંતર વિભાગો સાથે સુરક્ષિત ડેટા કેપ્ચર- શેયર કરશે. આ સિસ્ટમ થકી રાજ્યની સરકારી સેવાઓ- યોજનાઓનો લાભ નાગરિકોને આંગળીના ટેરવે મળી રહ્યો છે. સાથે જ આ પેપરલેસ વર્કના માધ્યમથી સમય અને ખર્ચમાં પણ નોંધપાત્ર ઘટાડો થયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ૨૧મી સદી વિજ્ઞાનની સદી કહેવાય છે. આ સદીમાં રોટી, કપડા અને મકાનની સાથોસાથ ઈન્ટરનેટ પણ લોકોની મુખ્ય જરૂરીયાત બન્યું છે.

# ભારત ગૌરવ પુરસ્કાર સમારંભમાં કેન્દ્રીય રાજ્ય મંત્રી શ્રીમતી નિમુબેન જયંતીભાઈ બાંભણિયાનું પ્રેરક સંબોધન

। નવી દિલ્હી, તા.૨૨ ।

ભારત ગૌરવ પુરસ્કાર સમારંભમાં આજે કેન્દ્રીય રાજ્ય મંત્રી શ્રીમતી નિમુબેન જયંતીભાઈ બાંભણિયાએ દેશભરમાંથી પસંદગી પામેલી પ્રતિભાઓનુ સમાજ તથા માનવતા માટે તેમની સેવા બદલ સમ્માન કર્યું. કાર્યક્રમનું આયોજન ભારત ગૌરવ એવોર્ડ ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવ્યુ હતું કે જે ૨૦૧૭થી સમાજને નવી દિશા આપતી ઉત્કૃષ્ટ પ્રતિભાઓને ઓળખ તથા પ્રોત્સાહન આપવાનું કાર્ય કરી રહ્યુ છે. તેમણે સમારંભને સંબોધતા જણાવ્યું હતું, "આ ખૂબ જ ગૌરવની વાત છે કે ફાઉન્ડેશનના માધ્યમથી દેશભરની તેવી હસ્તીઓનુ સન્માન કરવામાં આવી રહ્યુ છે કે જેમણે સમાજના વિકાસમાં નોંધપાત્ર ફાળો આપ્યો છે. આવા પ્રયત્નો રાષ્ટ્ર નિર્માણમાં પ્રેરણા આપે છે તથા યુવાઓને આગળ વધવાનો રાહ ચીંધે છે."તેમણએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ ભારતની પ્રગતિનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે ભારત આજે વિશ્વનું પાંચમુ સૌથી મોટું અર્થતંત્ર છે અને ટુંક સમયમાં જ ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર બનવા તરફ અગ્રેસર છે. શ્રીમતી બાંભણિયાએ યુવાઓ માટે ચલાવાઈ રહેલી યોજનાઓ પર ભાર આપતા જણાવ્યું :પીએમ કૌશલ વિકાસ યોજના હેઠળ લાખો યુવાઓને તાલીમબદ્ધ કરાયાં.

# રાજકોટમાં મંદિરના નામે જમીન ખરીદવાની છેતરપિંડીની ઘટના પ્રકાશમાં આવી

। રાજકોટ, તા.૨૨ ।

રાજકોટમાં મંદિરના નામે જમીન ખરીદવાની છેતરપિંડીની ઘટના પ્રકાશમાં આવી. શહેરમાં સ્વામિનારાયણ મંદિર માટે જમીન ખરીદી મામલે છેતરપિંડી થયાની ફરિયાદ થઈ. રાજકોટમાં મંદિરના નામે જમીન ખરીદવાની છેતરપિંડીની ઘટના પ્રકાશમાં આવી. શહેરમાં સ્વામિનારાયણ મંદિર માટે જમીન ખરીદી મામલે છેતરપિંડી થયાની ફરિયાદ થઈ. જમીન દલાલ સુરેશ ઘોરીએ ખેડૂતને તેની જમીન પર ગૌશાળા અને મંદિર બનાવવામાં આવશે તેમ કહી જસ્મીન માઢક પાસેથી રૂપિયા લઈ દસ્તાવેજ કરી લીધા. પરંતુ નક્કી કર્યા મુજબ જમીન વેચાણના ૩ કરોડ રૂપિયા ના આપતા પોલીસમાં છેતરપિંડીની ફરિયાદ નોંધાવી. મળતી માહિતી મુજબ દહેગામ પાસે રહેતા એક ખેડૂતે જમીન દલાલને મંદિર બનાવવા તેમની જમીન વેચી. દહેગામ નજીક લીંબા ગામની ૫૧૦ વીઘા જમીન ઉપર ગૌશાળા અને ભવ્ય મંદિર બનાવવામાં આવશે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે તમારે તમારી લાગણીઓ પર અંકુશ મુકવો પડશે તથા તમારા ભયથી બને એટલી જલ્દી મુક્તિ મેળવવી પડશે, કેમ કે તમારા સ્વાસ્થ્ય પર તેના પર તરત અસર પડવાની શક્યતા છે તથા સારા સ્વાસ્થ્યનો આનંદ લેવાના તમારા માર્ગમાં તે અંતરાય બની શકે એવી શક્યતા જોવાય છે. વિવિધ સ્થળેથી આર્થિક લાભ મળી રહેશે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે લાંબી મુસાફરી ટાળજો કેમ કે મુસાફરી માટે તમે ખૂબ નબળા છો. જે લોકોએ કોઈ થી ઉધાર લીધું છે તેમને આજે કોઈપણ હાલત માં ઉધાર ચુકાવું પડી શકે છે જેથી આર્થિક સ્થિતિ નબળી થયી શકે છે. વૈવાહિક જોડાણમાં પ્રવેશવા માટે સારો સમય. તમારો પ્રેમ અસ્વીકારને આમંત્રમ આપશે. પૈસા, પ્રેમ, પરિવાર થી દૂર, આજે તમે આનંદ ની શોધ માં કોઈ આધ્યાત્મિક ગુરુ ને મળવા જઈ શકો છો.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે તમારૂં સ્વાસ્થ્ય અને દેખાવ સુધારવા માટેની બાબતો હાથ ધરવા માટે અઢળક સમય મળશે. પોતાના પૈસા બચાવવા માટે તમારે ઘર ના સભ્યો જોડે આજે વાત કરવાની જરૂર છે. તેમની સલાહ તમને આર્થિક સ્થિતિ સુધારવા માં મદદ કરશે? તમારી ઉડાઉ જીવનશૈલી ઘરમાં તણાવનું કારણ બનશે, આથી રાત્રે મોડા સુધી બહાર રહેવાનું તથા અન્યો પર ખર્ચ કરવાનું ટાળો.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે ઉત્સાહિત કરનારી તથા તમને નિરાંતવા રાખતી પ્રવૃત્તિઓ સાથે સંકળાઓ. જે લોકોએ કોઈ અજાણ્યા વ્યક્તિ ના સૂચન પર નિવેશ કર્યું હતું તે લોકો ને આજે તે નિવેશ થી લાભ થવા ની પુરી શક્યતા છે. ઘરને લગતી બાબતો તથા ઘરના બાકી રહી ગયેલા કામ પૂરાં કરવા માટે અનુકૂળ દિવસ. પ્રેમીઓ પારિવારિક લાગણીઓ પ્રત્યે ખૂબ જ વિચારશીલ બનશે.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે તમારો કોઈ મિત્ર તમારી ઉદારતા તથા સહનશક્તિની મર્યાદાની કસોટી કરી શકે છે. તમારા મૂલ્યોનું જતન કરવામાં અને તમારા દરેક નિર્ણયમાં તર્કસંગત રહેવાની તકેદારી તમારે રાખવી પડશે. એક નવો આર્થિક સોદો પાર પડશે અને નાણાંનો નવો ધોધ વહેતો થશે. આજે કામ તાણયુક્ત અને થકાવનારૂં હશે-પણ મિત્રોની સંગત તમને ખુશખુશાલ અને આરામદાયક મિજાજમાં રાખશે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે તમારા વિનમ્ર વર્તનની સરાહના થશે. અનેક લોકો તમારા છુટ્ટા મોંએ વખાણ કરશે. કોઈ ની સલાહ લીધા વગર તમને આજે પૈસા નિવેશ ના કરવા જોઈએ? પરિવારના સભ્ય ોતમારા જીવનમાં મહત્વનું સ્થાન ધરાવતા હશે. આજે મિત્રતામાં ભંગ પડવાની પૂરેપૂરી શક્યતા હોવાથી ચોકસાઈ રાખો. આજે તમે લોકો સાથે વાત કરવામાં તમારો કિંમતી સમય બગાડી શકો છો.

**તુલા (ર,ત) :**

આજના દિવસે આજે તમારે બેસવાની અને આરામ કરવાની- તથા શોખમાં ઓતપ્રોત થવાની તથા તમને જે કરવું ગમે છે તે કરવાની જરૂર છે. આજે પાર્ટી માં તમારી મુલાકાત કોઈ એવા માણસ થી થયી શકે છે જે તમને નાણાકીય પક્ષ મજબૂત કરવા માટે મહત્વપૂર્ણ સલાહ આપી શકે છે. તમારા મિત્રો તથા સંબંધીઓને તમારી આર્થિક બાબતોનું સંચાલન ન સોંપતા, નહીંતર તમારૂં બજૅટ વેરવિખેર થઈ જશે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે સ્વયં-સુધારણાના પ્રકલ્પો એક કરતાં વધારે રીતે ફાયદાકારક ઠરશે-તમને તમારી જાત માટે સારૂં લાગશે તથા તમારો આત્મવિશ્વાસ પણ વધશે. તમે જો બધું જ બરાબર કરશો તો આજે તમે વધારાના નાણાં કમાઈ શકશો. બાળકો રમતગમત તથા બહારની અન્ય પ્રવૃત્તિઓમાં વધુ સમય વેડફશે. ખોટો સંવાદ અથવા સંદેશ તમારા દિવસને નીરસ બનાવી શકે છે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે તમારી માટે કોઈ કામ કરવા માટે લોકો પર દબાણ લાવશો નહીં કે તેમને એવું કરવાની ફરજ પણ પાડશો નહીં. અન્યોની જરૂરિયાતો તથા હિતોના સંદર્ભમાં પણ વિચારો એનાથી તમને અનહદ આનંદ મળશે. સટ્ટા અથવા અણધાર્યા લાભ દ્વારા તમારી આર્થિક હાલત સુધરશે. પિતા તરફથી કઠોર વર્તન તમને સંતાપ આપશે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે આજે તમારૂં સ્વાસ્થ્ય નિરામય રહે એવી શક્યતા છે જે તમને સફળતા આપશે. પણ તમારી દૃઢતાને નુકસાન પહોંચાડે એવી બાબતોને તમારે ટાળવી રહી. જીવનસાથી જોડે પૈસા થી સંબંધિત મુદ્દા વિષે દલીલ થયી શકે છે. આજે તમે ફિજૂલખર્ચી વિષે પોતાના જીવન સાથી ને ભાષણ પણ આપી શકો છો? પરિવારના સભ્યોની જરૂરિયાતોને પ્રાથમિકતા આપજો.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે શારીરિક લાભ અને ખાસ કરીને માનસિક દૃઢતા માટે ધ્યાન અને યોગ કરવાનું શરૂ કરો. આર્થિક સમસ્યાઓ રચનાત્મક રીતે વિચારવાની તમારી ક્ષમતાને હાનિ પહોંચાડશે. તમારૂં બાળક જેવું તથા નિર્દોષ વર્તન પારિવારિક સમસ્યા ઉકેલવામાં મહત્વની ભૂમિકા ભજવશે. પ્રેમનું સંગીત એને જ સંભળાય છે જેઓ તેમાં સતત ખોવાયેલા રહે છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે તમારા વજન પર નજર રાખો અને વધુ પડતું ખાવાનું ટાળો. તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે. મિત્રોનો સાથ રાહત આપશે. તમે આજે પ્રેમનું પ્રદૂષણ ફેલાવશો. આ રાશિ ના લોકોએ આજે પોતાને સમજવા ની જરૂર છે. જો તમને લાગે છે કે તમે દુનિયા ની ભીડ માં ક્યાંક ખોવાઈ ગયા છો, તો પછી તમારા માટે સમય કાઢો અને તમારા વ્યક્તિત્વ નું મૂલ્યાંકન કરો.

### કુવૈતમાં પીએમ મોદીનું ખાસ ઈન્ટરવ્યું । વડાપ્રધાન મોદીએ કહ્યું કે અમને કુવૈતમાં મેડ ઈન ઈન્ડિયા પ્રોડક્ટની હાજરી જોઈને ખુશી થઈ રહી છે

# વેપાર અને વાણિજ્ય અમારા દ્વિપક્ષીય સંબંધોનો મહત્વપૂર્ણ આધાર : મોદી

। કુવૈત, તા.૨૨ ।

ભારતીય પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે કુવૈત અને ભારતની વચ્ચે વેપાર અને વાણિજ્ય દ્વિપક્ષીય સંબંધોનો મહત્વપૂર્ણ સ્તંભ રહ્યો છે અને દ્વિપક્ષીય વેપારમાં સતત વધારો થઈ રહ્યો છે. પીએમ મોદીએ કુવૈતના આપેલા એક ઈન્ટરવ્યૂમાં કહ્યું કે, ‘‘વેપાર અને વાણિજ્ય અમારા દ્વિપક્ષીય સંબંધોનો મહત્વપૂર્ણ આધાર છે. અમારા દ્વિપક્ષીય વેપારમાં તેજી આવી છે અને અમારી ઊર્જા ભાગીદારી આ વેપારમાં એક અનોખી ભૂમિકા નિભાવી છે.’’

પ્રધાનમંત્રી મોદી શનિવારે કુવૈત પહોંચ્યા, આ ભારતીય પ્રધાનમંત્રીની કુવૈતમાં ચાર દાયકામાં પહેલી વાર મુલાકાત છે. તેમણે કહ્યું કે, ‘‘અમને કુવૈતમાં મેડ ઈન ઈન્ડિયા પ્રોડક્ટની હાજરી જોઈને ખુશી થઈ રહી છે. ખાસ કરીને ઓટોમોબાઈલ, ઈલેક્ટ્રિકલ અને મિકેનિકલ મશીનરી અને ટેલિકોમ ક્ષેત્રોમાં. આજે ભારત દુનિયાભરમાં ઉચ્ચ ગુણવત્તાવાળી પ્રોડક્ટ ખૂબ જ સસ્તી કિંમતો પર બનાવી રહ્યું છે. બિન-તેલ વેપારમાં વિવિધતા લાવવી દ્વિપક્ષીય વેપારને પ્રોત્સાહન આપવાની ચાવી છે.’’ પ્રધાનમંત્રીએ એવું પણ કહ્યું કે, ‘‘ફાર્માસ્યુટિકલ, સ્વાસ્થ્ય ટેકનોલોજી, ડિજિટલ, નવાચાર અને વસ્ત્ર ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહયોગ વધારવાની અપાર સંભાવનાઓ છે અને વેપાર મંડળીઓ, ઉદ્યમીઓ અને નવપ્રવર્તકોને આંતરિક સંવાદ કરવો જોઈએ.’’

પ્રધાનમંત્રી મોદીએ પોતાની કુવૈત મુલાકાત વિશે કહ્યું કે, ‘‘હું કુવૈત આવવા બદલ ખુશ છું અને શેખ મેશલ અલ અહમદ અલ જાબેર અલ સબાહને તેમના સાદર નિમંત્રણ માટે ધન્યવાદ આપું છું. આ યાત્રા ખાસ મહત્વ ધરાવે છે કારણ કે તે ૪૦ વર્ષોમાં ભારતીય પ્રધાનમંત્રીની કુવૈતની પ્રથમ મુલાકાત છે.’’ તેમણે કુવૈતમાં અરેબિયન ગોલ્ફ કપના ઉદ્‌ઘાટનમાં સામેલ થવા માટે શેખ મેશલનો આભાર વ્યક્ત કર્યો અને ટૂર્નામેન્ટની સફળતાની શુભકામનાઓ આપી. તેમણે કહ્યું કે, ‘‘ભારત અને કુવૈતની વચ્ચે ગાઢ અને ઐતિહાસિક સંબંધ છે. અમારો વેપાર અને વિચારોનું આદાનપ્રદાન બંને દેશોના લોકોને નજીક લાવ્યા છે. અમે બંને દેશો વચ્ચે વેપાર સાથે જોડાયેલ ઐતિહાસિક પાસાઓને સમજી શકીએ છીએ, જેમ કે ફયલાકા દ્વીપ પર થયેલી શોધ જે અમારી ભાગીદારીના અતીતને દર્શાવે છે. ભારતીય રૂપિયો કુવૈતમાં ૧૯૬૧ સુધી કાયદેસર મુદ્રા હતી, જે દર્શાવે છે કે અમારી અર્થવ્યવસ્થા કેટલી નજીકથી જોડાયેલી હતી.’’

વડાપ્રધાન મોદીએ વધુમાં જણાવ્યું કે ભારત અને કુવૈત વચ્ચેના સંબંધો સતત આગળ વધી રહ્યા છે અને બંને દેશો વચ્ચે સહકારની અસંખ્ય તકો છે. તેમણે કુવૈતના અમીર સાથેની તેમની આગામી વાતચીતની રાહ જોઈ, જેમાં વેપાર, સંરક્ષણ, રોકાણ અને ઊર્જા જેવા ક્ષેત્રો પર ચર્ચા કરવામાં આવશે. તેમણે કુવૈતમાં ભારતીયોની સ્થિતિ વિશે પણ વાત કરી હતી, જે કુવૈતમાં સૌથી મોટા વિદેશી સમુદાય છે, અને એ પણ ધ્યાન દોર્યું કે ભારતીય કંપનીઓ કુવૈતમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર-સંબંધિત પ્રોજેક્ટ્સ પર કામ કરી રહી છે. મોદીએ ભારતમાં કુવૈત ઈન્વેસ્ટમેન્ટ ઓથોરિટીના રોકાણની પણ પ્રશંસા કરી હતી અને કહ્યું હતું કે કુવૈતના રોકાણકારો માટે ભારત એક આકર્ષક સ્થળ બની ગયું છે. ભારતીય અર્થવ્યવસ્થાની ઝડપથી વિકસતી સ્થિતિને રેખાંકિત કરતા વડાપ્રધાન મોદીએ કહ્યું કે ભારત આવનારા થોડા વર્ષોમાં વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવાની તૈયારીમાં છે. તેમણે ભારતના ઝડપથી વિસ્તરી રહેલા ઈન્ફ્રાસ્ટ્રક્ચરની નોંધ લીધી, જેમાં નવા એક્સપ્રેસવે, રેલ્વે, એરપોર્ટ અને મેટ્રો સિસ્ટમનો સમાવેશ થાય છે. ભારતમાં રોકાણની તકો વિશે વાત કરતા મોદીએ કહ્યું કે ભારત વૈશ્વિક રોકાણકારો માટે એક મુખ્ય સ્થળ બની ગયું છે. આ સિવાય ડિજિટલ ઈકોનોમી, ઈનોવેશન અને આંત્રપ્રિન્યોરશિપના ક્ષેત્રમાં પણ ભારત માટે વધુ સંભાવનાઓ છે.

વડાપ્રધાન મોદીએ કુવૈતના ઊર્જા ક્ષેત્રમાં ભારતના સહયોગનું મહત્વ દર્શાવ્યું. તેઓએ કહ્યું કે, ઊર્જા વેપાર ભારત અને કુવૈતના દ્વિપક્ષીય સંબંધોનો એક મહત્વ પૂર્ણ સ્તંભ છે, અને બંને દેશો વચ્ચે ઊર્જા સહયોગમાં ઘણી નવી તકો છે. તેઓએ ખાસ કરીને ગ્રીન હાઈડ્રોજન, જૈવિય ઈંધણ અને કાર્બન કેપ્ચર જૈવી નિચલા કાર્બન સમાધાનોમાં સહિયોગની સંભાવનાઓનો ઉલ્લેખ કર્યો હતો. કુવૈત અને ભારત વચ્ચે રાજકીય, સાંસ્કૃતિક અને વ્યાપારિક સંબંધોને પ્રોત્સાહન આપવા માટે વડાપ્રધાન મોદીએ બંને દેશોની દ્રષ્ટિકોણમાં સમાનાતાઓ હોવાની વાત કહી હતી. તેઓએ કુવૈતના વિઝન ૨૦૩૫નો પણ ઉલ્લેખ કર્યો, જે કુવૈતને એક આર્થિક અને કનેક્ટિવિટી હબ બનાવવા પર કેન્દ્રિત છે. અંતે, વડાપ્રધાન મોદીએ કહ્યું કે, ભારતના પર્યટન ક્ષેત્રે પણ એક મહત્વપૂર્ણ સોફ્ટ પાવર છે અને કુવૈત જેવા દેશો માટે ભારતનો ઈતિહાસ, સંસ્કૃતિ અને પ્રાકૃતિક સુંદરતા એક મહત્વની તક છે. તેઓએ કુવૈત સરકાર અને કુવૈતમાં ભારતીય સમુદાયની ભલાઈ માટે તેના યોગદાનની સરાહના કરી હતી. વડાપ્રધાન મોદીએ પોતાના સંબોધનમાં ભારત અને કુવૈતના સહયોગને વધુ મજબૂત કરવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો અને ભારતીય સમુદાયના યોગદાનને પ્રોત્સાહન આપવાની દિશામાં બંને દેશો વચ્ચે સહિયોગની વધતી સંભાવનાઓની વાત કરી હતી.











# વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કુવૈતમાં ગલ્ફ સ્પીક લેબર કેમ્પની મુલાકાત લીધી

વડાપ્રધાન મોદીના કુવૈત પ્રવાસનો આજે બીજો દિવસ છે. કુવૈતના બાયાન પેલેસ ખાતે આજે તેમને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું. આ દરમિયાન કુવૈતના અમીર શેખ અલ સબાહ પણ હાજર હતા. પ્રથમ દિવસે તેમણે કુવૈતમાં ગલ્ફ સ્પીક લેબર કેમ્પની મુલાકાત લીધી હતી અને ભારતીય કામદારો સાથે વાતચીત કરી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કુવૈતમાં ગલ્ફ સ્પીક લેબર કેમ્પની મુલાકાત લીધી અને ભારતીય કામદારો સાથે વાતચીત કરી.

આ દરમિયાન પીએમ મોદીએ કહ્યું કે, ભારતમાં સૌથી સસ્તો ડેટા (ઈન્ટરનેટ) છે અને જો આપણે દુનિયામાં અથવા તો ભારતમાં ક્યાંય પણ ઓનલાઈન વાત કરવા ઈચ્છીએ તો તેની કિંમત ઘણી ઓછી છે. જો તમે વીડિયો કોન્ફરન્સિંગ કરો છો તો પણ તેની કિંમત ઘણી ઓછી છે. લોકોને ઘણી સગવડ છે, તેઓ દરરોજ સાંજે વીડિયો કોન્ફરન્સ દ્વારા તેમના પરિવારના સભ્યો સાથે વાત કરી શકે છે. વડા પ્રધાને કહ્યું કે હું વિકસિત ભારત ૨૦૪૭ વિશે વાત કરું છું કારણ કે મારા દેશના મજૂર ભાઈઓ જેઓ આટલા દૂરના સ્થળોએ કામ કરવા આવ્યા છે તેઓ પણ વિચારે છે કે તેમના ગામમાં આંતરરાષ્ટ્રીય એરપોર્ટ કેવી રીતે બનાવવું. આ આકાંક્ષા મારા દેશની તાકાત છે.

હું આખો દિવસ વિચારતો રહું છું કે આપણા ખેડૂતો કેટલી મહેનત કરે છે. આપણા મજૂરો કેટલી મહેનત કરે છે. જ્યારે હું આ બધા લોકોને મહેનત કરતા જોઉં છું ત્યારે મને લાગે છે કે જો તેઓ ૧૦ કલાક કામ કરે છે તો મારે પણ ૧૧ કલાક કામ કરવું જોઈએ. જો તેઓ ૧૧ કલાક કામ કરે છે તો મારે પણ ૧૨ કલાક કામ કરવું જોઈએ અને બીજું તમે તમારા પરિવાર માટે મહેનત કરો છો કે નહીં? હું મારા પરિવાર માટે પણ કામ કરું છું, મારા પરિવારમાં ૧૪૦ કરોડ લોકો છે, તેથી મારે થોડું વધારે કામ કરવું પડશે. પીએમ મોદીએ કહ્યું કે મારા માટે વિકાસનો અર્થ માત્ર સારા રસ્તા, સારા એરપોર્ટ, સારા રેલવે સ્ટેશન નથી. હું ઈચ્છું છું કે ગરીબમાં ગરીબના ઘરમાં પણ શૌચાલય હોવું જોઈએ. અમારું લક્ષ્ય ૧૧ કરોડ શૌચાલય બનાવવાનું છે. ગરીબોને કાયમી મકાનો હોવા જોઈએ. અત્યાર સુધીમાં ૪ કરોડ પાકાં મકાનો બનાવીને ગરીબોને આપવામાં આવ્યા છે, એટલે કે તેમાં ઓછામાં ઓછા ૧૫-૧૬ કરોડ લોકો રહેશે. હજુ ઘણું કરવાનું બાકી છે. હું દરેક ઘરમાં નળનું પાણી પહોંચાડવાનું કામ કરી રહ્યો છું. મારા માટે સૌથી મહત્વની બાબત છે ગરીબની ગરિમા અને સન્માન, તેને આ બધું મળવું જોઈએ. વડાપ્રધાન મોદીના કુવૈત પ્રવાસનો આજે બીજો દિવસ છે. કુવૈતના બાયાન પેલેસ ખાતે આજે તેમને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું. આ દરમિયાન કુવૈતના અમીર શેખ અલ સબાહ પણ હાજર હતા. શનિવારે સવારે લગભગ ૧૧.૩૦ વાગ્યે કુવૈત પહોંચ્યા. ૪૩ વર્ષ બાદ કોઈ ભારતીય વડાપ્રધાનની કુવૈતની આ પ્રથમ મુલાકાત છે. ભારત તરફથી, છેલ્લી વખત પૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધી ૪૩ વર્ષ પહેલા વર્ષ ૧૯૮૧માં કુવૈતની મુલાકાતે ગયા હતા. તત્કાલિન ઉપરાષ્ટ્રપતિ હામિદ અન્સારી ૨૦૦૯માં પશ્ચિમ એશિયાઈ દેશની મુલાકાત સમયે ત્યાં ગયા હતા.

### ભારત પ્રવાસ પર સૌથી પહેલા રમાશે ટીર૦ સીરીઝ

# ચેમ્પિયન્સ ટ્રોફીના શિડ્યૂલ પહેલા જ ઇંગ્લેન્ડની ટીમ જાહેર

। (એજન્સી) લંડન, તા.૨૨ ।

ઈંગ્લેન્ડ ક્રિકેટ બૉર્ડે (ECB) આવતા વર્ષની શરૂઆતમાં યોજાનારી ચેમ્પિયન્સ ટ્રૉફી ૨૦૨૫ માટે તેની ટીમની જાહેરાત કરી છે. આ સાથે જ ભારત પ્રવાસ માટે ODI અને T20 ટીમોની પણ જાહેરાત કરવામાં આવી છે.

જૉસ બટલર ભારત સામેની સીરીઝ અને ચેમ્પિયન્સ ટ્રૉફી માટે ઈંગ્લેન્ડની ટીમની કેપ્ટનશીપ કરશે. ફાસ્ટ બૉલર જોફ્રા આર્ચરને પણ બંને ટીમમાં જગ્યા મળી છે. તેમના સિવાય હેરી બ્રૂક, લિયામ લિવિંગસ્ટોન, આદિલ રાશિદ, જૉ રૂટ, ફિલ સૉલ્ટ અને માર્ક વૂડ જેવા સ્ટાર ખેલાડીઓ પણ ODI ટીમમાં સામેલ છે.

તમને જણાવી દઈએ કે ચેમ્પિયન્સ ટ્રૉફી આવતા વર્ષે ફેબ્રુઆરી-માર્ચમાં રમાશે. તેનું આયોજન પાકિસ્તાન કરે છે, પરંતુ ટૂર્નામેન્ટ હાઈબ્રિડ મૉડલ હેઠળ યોજાશે. ભારતીય ટીમ તેની તમામ મેચ અન્ય દેશમાં રમશે. ચેમ્પિયન્સ ટ્રૉફીનું શિડ્યૂલ હજુ આવ્યું નથી. પરંતુ તે પહેલા જ ઈંગ્લેન્ડે પોતાની ટીમની જાહેરાત કરી દીધી છે. ભારતના પ્રવાસ પર ઈંગ્લેન્ડની ટીમ પહેલા ૫ મેચની ૨૦ સીરીઝ રમશે. પ્રથમ મેચ ૨૨ જાન્યુઆરીએ કોલકાતામાં રમાશે. ટી-૨૦ બાદ ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ૩ મેચની વનડે સીરીઝ રમાશે.

ચેમ્પિયન્સ ટ્રૉફી પણ ODI ફોર્મેટમાં થશે. આવી સ્થિતિમાં આ સીરીઝ બંને ટીમો માટે પ્રેક્ટિસ બની રહી છે. સીરીઝની પ્રથમ વનડે ૬ ફેબ્રુઆરીએ નાગપુરમાં રમાશે.

ચેમ્પિયન્સ ટ્રૉફી અને ભારત સામેની ODI સીરીઝ માટેની અંગ્રેજી ટીમઃ જૉસ બટલર (કેપ્ટન), જોફ્રા આર્ચર, ગુસ એટકિન્સન, જેકબ બેથેલ, હેરી બ્રૂક, બ્રાઈડન કાર્સ, બેન ડકેટ, જેમી ઓવરટન, જેમી સ્મિથ, લિયામ લિવિંગસ્ટોન, આદિલ રશીદ, જૉ રૂટ, સાકિબ મહમૂદ, ફિલ સૉલ્ટ, માર્ક વુડ.

ભારત સામેની T20 સીરીઝ માટે અંગ્રેજી ટીમ : જૉસ બટલર (કેપ્ટન), રેહાન અહેમદ, જોફ્રા આર્ચર, ગુસ એટકિન્સન, જેકબ બેથેલ, હેરી બ્રૂક, બ્રેડન કાર્સ, બેન ડકેટ, જેમી ઓવરટૉન, જેમી સ્મિથ, લિયામ લિવિંગસ્ટૉન, આદિલ રશીદ, સાકિબ , ફિલ સૉલ્ટ, માર્ક વૂડ.

## ટ્રેનિંગ સેશન દરમિયાન કેપ્ટન રોહિત શર્મા ઈજાગ્રસ્ત થયો

। (એજન્સી) મેલબોર્ન, તા.૨૨ ।

ટીમ ઈન્ડિયા અને ઓસ્ટ્રેલિયાની વચ્ચે ચોથી ટેસ્ટ મેચ ૨૬થી ૩૦ ડિસેમ્બર સુધી મેલબર્નમાં રમાશે. પાંચ મેચોની ટેસ્ટ સિરીઝમાં ભારત અને ઓસ્ટ્રેલિયા હાલ ૧-૧ની બરાબરી પર છે. મેલબર્ન ટેસ્ટ પહેલા ટીમ ઈન્ડિયાને જોરદાર ઝટકો લાગ્યો છે. કપ્ટન રોહિત શર્માને લઈને એક ખરાબ સમાચાર મળી રહ્યા છે. રવિવારે મેલબર્ન ક્રિકેટ ગ્રાઉન્ડમાં ભારતના બીજા ટ્રેનિંગ સેશન દરમિયાન કેપ્ટન રોહિત શર્મા ઈજાગ્રસ્ત થઈ ગયા. મેલબર્ન ક્રિકેટ ગ્રાઉન્ડમાં રવિવારે નેટ્સમાં બેટિંગ દરમિયાન રોહિત શર્માના ડાબા ઘૂંટણમાં ઈજા થઈ હતી. રોહત શર્મા થ્રોડાઉન વિશેષજ્ઞ દયાના બોલનો સામનો કરી રહ્યા હતા.

### ભારતીય ટીમે જીત્યો એશિયા કપ

# ભારતીય ટીમે ફાઇનલમાં બાંગ્લાદેશને ૪૧ રને પછાડ્યું

। (એજન્સી) કુઆલાલંપુર, તા.૨૨ ।

ભારતીય ટીમે શાનદાર પ્રદર્શન કરતા અંડર-૧૯ મહિલા એશિયા કપ ૨૦૨૪નું ટાઇટલ જીતી લીધું છે. રવિવારે (૨૨ ડિસેમ્બર) કુઆલાલંપુરના બ્યુમાસ ઓવલ ખાતે રમાયેલી ફાઈનલ મેચમાં ભારતે બાંગ્લાદેશને ૪૧ રને હરાવ્યું હતું. ફાઈનલ મેચમાં બાંગ્લાદેશી ટીમને જીતવા માટે ૧૧૮ રનનો ટાર્ગેટ હતો, જેનો તે સફળતાપૂર્વક પીછો કરી શકી નહોતી. બાંગ્લાદેશની ટીમ માત્ર ૭૬ રનમાં સમેટાઈ ગઈ હતી. આ ટુર્નામેન્ટનું પ્રથમ વખત આયોજન કરવામાં આવ્યું છે. એવામાં ભારતીય ટીમે ખિતાબ જીતીને ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી હતી. મેચમાં ટોસ હાર્યા બાદ પ્રથમ બેટિંગ કરતા ભારતીય ટીમે ૭ વિકેટે ૧૧૭ રન બનાવ્યા.

ભારત તરફથી ઓપનર ગોંગડી ત્રિશાએ ૪૭ બોલમાં સૌથી વધુ ૫૨ રન બનાવ્યા. જ્યારે મિથિલા વિનોદ (૧૭ રન), કેપ્ટન નિક્કી પ્રસાદ (૧૨ રન) અને આયુષી શુક્લા (૧૦ રન) પણ બે આંકડા સુધી પહોંચવામાં સફળ રહ્યા. બાંગ્લાદેશ તરફથી ફરઝાના ઈસ્મિને સૌથી વધુ ચાર વિકેટ લીધી હતી. જ્યારે નિશિતા અક્તેર નિશીને બે અને હબીબા ઈસ્લામને એક સફળતા મળી હતી. જવાબમાં બાંગ્લાદેશની ટીમ ૧૮.૩ ઓવરમાં માત્ર ૭૬ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. વિકેટકીપર જુએરિયા ફિરદૌસે ૩૦ બોલમાં સૌથી વધુ ૨૨ રન બનાવ્યા જેમાં ત્રણ ચોગ્ગા સામેલ હતા. જ્યારે ઓપનર ફાહોમિદા ચોયાએ ૧૮ રન બનાવ્યા હતા. આ બે સિવાય અન્ય બાંગ્લાદેશી બેટ્સમેન બે આંકડા સુધી પહોંચી શક્યા ન હતા. ભારતીય ટીમ માટે લેફ્ટ આર્મ સ્પિનર આયુષી શુક્લાએ સૌથી વધુ ત્રણ વિકેટ લીધી હતી. સ્પિન બોલર સોનમ યાદવ અને પરુણિકા સિસોદિયાને પણ બે-બે સફળતા મળી હતી. વીજે જોશીથાને પણ એક વિકેટ મળી હતી.

# બાળલગ્નના આરોપમાં એક જ રાતમાં ૪૧૬ લોકોની ધરપકડ

। (એજન્સી) દીસપુર, તા.૨૨ ।

આસામની હિમંતા બિસ્વા સરમા સરકાર બાળલગ્ન સામે કડક કાર્યવાહી કરી રહી છે. બાળલગ્ન સામે શરૂ કરાયેલા અભિયાનના ભાગરૂપે, આસામ પોલીસે શનિવારે (૨૧મી ડિસેમ્બર) રાત્રે ૪૧૬ લોકોની ધરપકડ કરી હતી અને ૩૩૫ કેસ નોંધ્યા હતા. ધરપકડ કરાયેલા લોકોને રવિવાર (૨૨મી ડિસેમ્બર) કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. બાળલગ્નને લઈને મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર પોસ્ટ કરીને લખ્યું કે, આસામ બાળ લગ્ન સામેની લડાઈ ચાલુ રાખીશું. ગઈકાલે રાત્રે શરૂ કરવામાં આવેલા ઓપરેશનના ત્રીજા તબક્કામાં ૪૧૬ ધરપકડ કરવામાં આવી હતી અને ૩૩૫ કેસ નોંધાયા હતા. અમે આ સામાજિક દુષણને ખતમ કરવા માટે સાહસિક પગલાં લેવાનું ચાલુ રાખીશું.’ ૧૭મી જુલાઈના રોજ વિશ્વ આંતરરાષ્ટ્રીય ન્યાય દિવસના રોજ જાહેર કરાયેલા એક અહેવાલમાં જણાવાયું છે કે બાળલગ્નના કેસોમાં કાનૂની હસ્તક્ષેપ પર આસામ સરકારનો ભાર હવે દેશના બાકીના ભાગો માટે રોલ મોડેલ બની ગયો છે.

**મજબૂત વરસાદી સિસ્ટમ થશે એક્ટિવ | ક્રિસમસ પછી લગભગ 3 ત્રણ દિવસ સુધી ઠેર ઠેર અનેક જિલ્લાઓમાં વરસાદી ઝાપટા પડવાની આગાહી**

# ગુજરાતમાં કડકડતી ઠંડી વચ્ચે ધોધમાર વરસાદ ખાબકવાની કરાયેલી આગાહી

| (એજન્સી) અમદાવાદ, તા.૨૨ |

ગુજરાત રાજ્યમાં કડકડતી ઠંડી વચ્ચે હવે ધોધમાર વરસાદ પડી શકે એવી હવામાન વિભાગે આગાહી કરી દીધી છે. એટલે આ ઠંડીના ચમકારા વચ્ચે પલળવાની નોબત પણ આવી શકે છે. લાંબા સમયથી હવામાન નિષ્ણાંતો કહી રહ્યા છે કે અત્યારે ધોધમાર વરસાદ સાથે માવઠુ પણ પડી શકે છે. ત્રણ દિવસ સુધી ગુજરાત રાજ્યના ઉત્તર અને મધ્ય ભાગમાં માવઠુ પડી શકે છે. ઉલ્લેખનીય છે કે અમદાવાદથી લઈ કચ્છ અને સૌરાષ્ટ્ર સુધી ઠંડીનો ચમકારો જોવા મળ્યો છે. તેવામાં હવે અચાનક જો વાતાવરણમાં પલટો આવે અને વરસાદ પડવાની આગાહી થાય તો લોકોના જનજીવન પર પણ આની અસર થઈ શકે છે. હવામાન નિષ્ણાતોએ આગાહી કરી છે કે આગામી સમયમાં ક્રિસમસ પછી વાતાવરણમાં પલટો આવી શકે છે. એટલે ફરી એકવાર ગુજરાતમાં માવઠુ પડવાની શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે. ૨૩થી ૨૮ ડિસેમ્બર વચ્ચે ગુજરાત રાજ્યના અનેક જિલ્લાઓમાં વરસાદ ખાબકી શકે છે. અહીં વરસાદી ઝાપટા પણ પડશે અને ખાસ કરીને ૨૫, ૨૬ અને ૨૭ ડિસેમ્બર સુધી મોટાભાગના વિસ્તારોમાં ઠંડી વચ્ચે મેઘરાજા તોફાની બેટિંગ કરી શકે છે. દ.ભારતમાં અત્યારે ઈશાનનું ચોમાસું ચાલી રહ્યું છે. જેથી કરીને હવે બેક ટુ બેક વરસાદી સિસ્ટમ પણ સક્રિય થઈ રહી છે. અહીં એક મજબૂત વરસાદી સિસ્ટમ પસાર થવા જઈ રહી છે જેની અસર ગુજરાતમાં અને ઉત્તર ભારતના પણ ઘણા રાજ્યોમાં થઈ શકે છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના લીધે પણ ગુજરાતમાં અનેક જિલ્લાઓમાં મેઘરાજા ધબધબાટી બોલાવી શકે છે. બીજી બાજુ ઉત્તર ભારતમાં પણ આની અસરથી હિમવર્ષા થવાની સંભાવના છે.

આ તમામ પરિબળો પર નજર કરીએ તો મધ્ય અને ઉત્તર ગુજરાત તથા રાજસ્થાન પર આગામી સમયમાં એક સાયક્લોનિક સર્ક્યુલેશન બની રહ્યું છે. આના લીધે ગુજરાતનાં હવામાનમાં પલટો આવશે અને ઠેર ઠેર ઘણા વિસ્તારોમાં માવઠાનો વરસાદ પણ ખાબકી જશે. ક્રિસમસ પહેલા પણ ગુજરાતમાં ઠેર ઠેર વરસાદી માહોલ અને વાદળછાયુ વાતાવરણ જોવા મળી શકે છે. મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાતના ભાગોમાં પણ વાદળછાયુ વાતાવરણ થઈ જાય એમ લાગી રહ્યું છે. ૨૫, ૨૬ અને ૨૭ ડિસેમ્બરે ઘણા પ્રદેશોમાં માવઠુ પડી શકે છે. આની મોટાભાગની અસર રાજસ્થાન બોર્ડર પાસે આવેલા ગુજરાતના રાજ્યો પર પણ જોવા મળી શકે છે. વાવ, થરાદ, ધાનેરા, ઈડર, વડાલી, અમીરગઢ અને ઈકબાલગઢમાં માવઠાની તીવ્રતા વધુ રહેલી છે. આની સાથે જ સાબરકાંઠા, બનાસકાંઠા, મહેસાણા, પાટણમાં ત્રણેય દિવસ વરસાદી માવઠા પડવાની શક્યતાઓ રહેલી છે. અરવલ્લીમાં હળવો તથા સામાન્ય વરસાદ પડશે. ત્યારે અમુક વિસ્તારોમાં મધ્યમથી ભારે ઝાપટા પડે તેવી શક્યતા છે. મહીસાગરમાં લુણાવાડા આસપાસનાં વિસ્તારોમાં મધ્યમથી ભારે વરસાદી ઝાપટા પડી શકે છે. છોટાઉદેપુર, દાહોદ, ગોધરા જ્યારે અમદાવાદ-ગાંધીનગરમાં હળવા છૂટાછવાયા સામાન્ય વરસાદી ઝાપટા પડશે. ભરૂચ, ડાંગ, વલસાડ તથા કચ્છમાં પણ આ વાતાવરણમાં પલટાની અસર જોવા મળશે. અહીં વાદળછાયુ વાતાવરણ રહેશે અને વરસાદ પણ ખાબકશે. સૌરાષ્ટ્રમાં ભાવનગર, બોટાદ અને સુરેન્દ્રનગરમાં હળવાથી સામાન્ય તથા અન્ય કેટલાક વિસ્તારોમાં માવઠાનું વધુ જોખમ જોવા નહીં મળે.

## ન્યૂઝ બ્રિફ

### વડોદરામાં ફરી લાગી આગ, IOCLમાં બની આગની ઘટના

| (એજન્સી) વડોદરા, તા.૨૨ |

વડોદરાની IOCL રિફાઈનરીમાં ગઈકાલે ફરી એકવાર આગ લાગી છે. IOCL રિફાઈનરીમાં ૪૦ દિવસમાં બીજી આગની ઘટના છે. અગાઉ ૧૧ નવેમ્બરે થયેલા વિસ્ફોટમાં ૨ કામદારોના મોત થયા હતા. આ સમગ્ર મામલે જીલ્લા કલેકટરે તપાસના આદેશ આપ્યા હતાં. હજુ તો આ ઘટના ભુલાઈ નથી અને આ ઘટના કયા કારણોસર બની તે અંગેના રિપોર્ટ પણ એજન્સીઓ દ્વારા આપ વામાં આવ્યો નથી. ત્યારે આજે ફરી એકવાર આગનો બનાવ સામે આવ્યો હોવાનું જાણવા મળ્યું છે.

### લાંચ લેતા હેડ કોન્સ્ટેબલ અને TRB ના જવાન ઝડપાયા

| (એજન્સી) અમદાવાદ, તા.૨૨ |

અમદાવાદ શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં આવતા જતા વાહનચાલકોને પોલીસ, હોમગાર્ડ અને TRB ના જવાન અટકાવીને લાઈસન્સ, સીટબેલ્ટ, પી.યુ.સી., રોંગ સાઈડ, નો-પાર્કિંગ, ઓવર લોડીંગ વિગેરે જુદા જુદા બહાના હેઠળ વાહન ચાલકો પાસેથી મેમો નહીં આપવા બદલ રૂ.૧૦૦ થી રૂ.૨૦૦૦ સુધીની લાંચની માંગણી કરતા હોવાની માહિતી ACB ને મળી હતી.જેને આધારે પોલીસે એક ખાનગી વ્યક્તિને આયસર ગાડી લઈને મોકલ્યો હતો.

### બનાવટી આધારકાર્ડ બનાવી ગુનાહિત પ્રવૃતિ કરતી ગેંગ ઝડપાઈ

| (એજન્સી) અમદાવાદ, તા.૨૨ |

અમદાવાદમાં રહેતા એક સિનીયર સિટીઝને આ અંગે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. જેમાં તેમણે જણાવ્યું હતું કે ત્રણ મહિનાના સમયગાળામાં તેમના નામ-સરનામાનો ઉપયોગ કરીને કોઈ અન્ય વ્યક્તિના ફોટા વાળા આધારકાર્ડ, પાન કાર્ડ બનાવીને ટપાલ દ્વારા અલગ અલગ તારીખે તેમના ઘરે આવ્યા હતા. ઉપરાંત આ આધારકાર્ડમાંથી કોઈ આધારકાર્ડનો ઉપયોગ કરીને આરોપીઓએ કોટક મહિન્દ્રા બેક્રમાં ખાતુ ખોલાવીને તેમાં ગેરકાયદે ટ્રાન્ઝેક્શન પણ કર્યા હતા. ફરિયાદીના ઘરે બેક્ર ખાતાની ચેકબુક જતા તેમને આ અંગે જાણ થઈ હતી. જેને આધારે તેમણે પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

# અમદાવાદમાં લાયસન્સ વગર દવાઓ બનાવતી ફેક્ટરી ઝડપાઈ

## ન્યુટ્રાસ્યુટીકલ પ્રોડક્ટના નામે કામોત્તેજક એલોપેથીક ઘટકની મિલાવટ કરી એક્ષ્પોર્ટ કરવાનું કૌભાંડ ઝડપાયું

| (એજન્સી) અમદાવાદ, તા.૨૨ |

રાજ્યના ખોરાક અને ઔષધ નિયમન તંત્રના કમિશ્નર એચ.જી.કોશિયા એ જણાવ્યું છે કે,રાજ્યના નાગરિકોને જીવન જરૂરી દવાઓ અને ખોરાક શુદ્ધ અને ગુણવત્તાયુકત મળી રહે તે માટે તંત્ર અને રાજ્ય સરકાર કટીબદ્ધ છે. જેના ભાગરૂપેન્યુટ્રાસ્યુટીકલ પ્રોડક્ટના નામે કામોત્તેજક એલોપેથીક ઘટકની મિલાવટ કરી એક્ષ્પોર્ટ કરવાનું કૌભાંડ અને વગર પરવાને બનાવટી એલોપેથીક દવાનું ઉત્પાદન કરતી ફેકટરી ઝડપી પાડી ને આશરે રૂપિયા ૩૧ લાખનો ભેળસેળ વાળો અને નકલી દવાનો મુદ્દામાલ જપ્ત કરાયો છે.



તેમણે ઉમેર્યું કે, રાજ્યમાં દવાઓના નમુનાઓનું ચકાસણી કરી ભેળસેળ કરતા તત્વો સામે કાયદેસરની કડક કાર્યવાહી કરવામાં આવે છે અને ગેરકાયદેસર બનાવટી એલોપેથીક, આર્યુવેદિક, કોસ્મેટીક્સ અને ફુડ પ્રોડકટ બનાવટના વ્યકિત વિરૂદ્ધ કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. તેમણે ઉમેર્યુ કે, ઔષધ નિયમન તંત્રના અધિકારીઓ, ફલાઈંગ સ્કોડ (ટીમ લીડર) તથા તેમની ટીમ અને સેન્ટ્રલ ડ્રગ લાયસન્સીંગ ઓથોરીટી, CDSCOના ડ્રગ ઈન્સ્પેકટરોએ દરોડા પાડ્યા હતા. જેમાં M/s. Joinhub Pharma LLP ના મુખ્ય પાર્ટનર અહેમદ અબ્બાસ બાલોસપુરા, અબ્બાસ અલી બાલોસપુરા, સંકેત શાહ તથા પેઢીમાં ખરીદી સંભાળતા વ્યક્તિ પટેલ ભાવેશભાઈ તથા નઝર મહોમ્મદ સાઉદીની સઘન પુછપરછ કરી તેઓની Mondeal Heights, Ahmedabad ની ઓફિસ તથા તેઓના ચાંગોદર ખાતેના ગોડાઉન, બી-૧૨૭, કુંજ એસ્ટેટ, ચાંગોદર ખાતે દરોડા પાડી દવાના (1) Wholeshield Refire Cap. અને (2) Demex (Vitamin-D3) ના નમુના દ્વારા લઈ ચકાસણી માટે મોકલી આપવામાં આવ્યા છે અને રૂ.૧૧ લાખ કિંમતનો દવાનો જથ્થો કાયદેસરની કાર્યવાહી અર્થે આપી જપ્ત કરાયો છે. વધુમાં પેઢી રો મટીરીયલ, પેકીંગ મટીરીયલ ક્યાંથી ? અને કેવી રીતે લાવી છે અને આ પ્રકારે આવી કેટલી બનાવટનું ઉત્પાદન કેવી રીતે અને કોને કોને કરતાં હતા. તેની આગળની તપાસ હાથ ધરાઈ છે. તેમણે ઉમેર્યુ કે,ખોરાક અને ઔષધ નિયમન તંત્રના અધિકારીઓએ તાજેતરમાં ગાંધીનગર ખાતે વગર લાયસન્સે સ્પુરીયસ એલોપેથીક દવાનું ઉત્પાદન કરતી ડુપ્લીકેટ ફેકટરી મે. શ્રી હેલ્થકેર અને સુરત ખાતે કોસ્મેટીકની આડમાં એલોપેથીક દવા ઓનલાઈન એમેઝોનના માધ્યમથી બનાવટી દવા વેચાણ કરતી ફેક્ટરી પકડી પાડી તેમજ ભાવનગર ખાતે ઓનલાઈન એમેઝોનના માધ્યમથી બનાવટી કોસ્મેટીક બનાવટના કોઈપણ જાતના લાયસન્સ વગર ઉત્પાદન કરતી પેઢીઓ પર પાડેલા દરોડાથી લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડા કરનાર અને ગુનાહીત પ્રવૃતિમાં સંડોવાયેલા વ્યકિતઓમાં ફફડાટ ફેલાઈ ગયો છે.

**ટ્રક ડ્રાઈવરનું કેબીનમાં બેઠા બેઠા મોત**

# અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ વે પર કંપારી છુટી જાય તેવો અકસ્માત

| (એજન્સી) વડોદરા, તા.૨૨ |

સતત ટ્રાફિકથી ધમધમતા અમદાવાદ વડોદરા એક્સપ્રેસ વે ફરી રક્તરંજિત થયો છે. એક્સપ્રેસ વે પર નડિયાદ પાસે ભયાનક મોટો અકસ્માત સર્જાયો હતો. એસિડ ભરેલ ટેન્કર પાછળ ઓઈલના કેરબા ભરેલ ટ્રક અથડાયો હતો. આ અકસ્માતમાં ટ્રક ડ્રાઈવરનું ઘટના સ્થળે મોત નિપજ્યું છે. તો ટ્રકનો ક્લીનર ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા તાત્કાલિક એમ્બ્યુલન્સ દ્વારા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર, એસિડ ભરેલ ટેક્રર અને ઓઈલના કેરબા ભરેલ ટ્રક વડોદરાથી અમદાવાદ તરફ જઈ રહી હતી તે દરમિયાન નડિયાદની અરેરા સીમ પાસે આ અકસ્માત સર્જાયો હતો. અકસ્માત થતાની સાથે જ ટ્રક ડ્રાઈવર અને ક્લીનર બન્ને વ્યક્તિઓ ટ્રકના કેબિનમાં ફસાઈ ગયા હતા. અકસ્માતની જાણ થતા જ નડિયાદની ટીમ રેસ્ક્યુ ટેન્ડર વેન અને ફાયર ફાઈટર સાથે ઘટના સ્થળે પહોંચ્યા હતા. ફાયર બ્રિગેડની ટીમ દ્વારા ટ્રકના કેબીનમાં ફસાયેલ ડ્રાઈવર અને ટ્રકના ક્લીનરને બેટરી ઓપરેટેડ હાઈડ્રોલિક સ્પેડર કટર મદદથી ટ્રકના



કેબીનનું પતરું કાપી બહાર કાઢવામાં આવ્યા હતા. આ ઘટના વિશે નડિયાદ ફાયર બ્રિગેડના ફાયરમેન જયેશ પટેલે જણાવ્યુંક`, અકસ્માતના પગલે લગભગ એક કલાક સુધી નડિયાદથી અમદાવાદ તરફ જતા વાહન વ્યવહારને બંધ કરવામાં આવ્યો હતો. તો બીજી તરફ, અકસ્માત થતાની સાથે જ એસિડ ભરેલ ટેક્રર લીક થયું હતું. જેથી ફાયર વિભાગની ટીમ દ્વારા તાત્કાલિક એસિડને ડાયલ્યુટ કરવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. ત્યારબાદ મેઈન લેન બાજુથી વાહનવ્યવહાર શરૂ કરવામાં આવ્યો હતો.

**સાબરકાંઠાનો ચોંકાવનારો કિસ્સો**

# પિતા લોન ન ભરી શકતા રિકવરી કરનારાએ દીકરીને વેચી કાઢી

| (એજન્સી) સાબરકાંઠા, તા.૨૨ |

સાબરકાંઠામાં રહેતા શખસે લોન ન ભરી શકતા રિકવરી માટે આવેલા લોકો દીકરીનું અપહરણ કરી અને વેચી કાઢી હતી. આ નાની દીકરીને ત્રણ લાખ રૂપિયામાં રાજસ્થાનનાં એક ગામના રહેવાસીને આપી દેવાઈ હતી. લોન શાર્ક્સનો આવો નિર્દયતાપૂર્ણ ઘટનાક્રમ સામે આવતા ચકચાર મચી ગઈ છે. બાદમાં હિંમતનગર સીટી એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં આની ફરિયાદ કરાઈ હતી. જેથી પોલીસે પણ તપાસ આદરી અને આરોપીઓની સામે કડક કાર્યવાહી શરૂ કરી દીધી હતી.

આ ઘટનાની જાણ ૧૯ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ હિમતનગર સિટી એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં કરવામાં આવી હતી. પોલીસે અરવલ્લી જિલ્લાના મોડાસાના અર્જુન નાટ અને શરીફા નાટ તથા મહીસાગર જિલ્લાના બાલાસિનોર તાલુકાના દેવગામ ગામના લખપતિ નાટ સામે ગુનો નોંધ્યો હતો. ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર એ બી શાહે જણાવ્યું હતું કે એફઆઈઆર દાખલ કર્યાના કલાકોમાં જ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. આરોપીઓને શનિવારે કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા અને સાત દિવસના રિમાન્ડ મેળવ્યા હતા. શાહ દ્વારા દાખલ કરવામાં આવેલી એફઆઈઆર મુજબ, અર્જુન નાટે દીકરીના પિતા, જે રોજી મજૂરી કરતા હતા, તેમને નિર્ધારિત વ્યાજ દરે ૬૦,૦૦૦ રૂપિયા ઉછીના આપ્યા હતા. "વ્યાજની નિયમિત ચુકવણી કરવા છતાં, અર્જુન અને શરીફાએ તેની પાસેથી રૂ. ૩ લાખથી રૂ. ૪ લાખ સુધીની રકમની માંગણી કરી હતી. જ્યારે માંગ પૂરી ન થઈ, ત્યારે આરોપીઓએ તેના ઘરે તેના પર હુમલો કર્યો અને તેને કોરા કાગળો પર સહી કરવા દબાણ કર્યું હતું." ત્યારપછી ત્રણેયએ તેની સાત વર્ષની પુત્રીનું અપહરણ કરીને તેને રાજસ્થાનના અજમેર નજીકના એક ગામમાં ૩ લાખ રૂપિયામાં વેચી દીધી હતી. આ મામલો ત્યારે પ્રકાશમાં આવ્યો જ્યારે પીડિતાના પરિવારે પોલીસ પાસે જવાને બદલે બે દિવસ પહેલા કોર્ટમાં ફરિયાદ કરી. કોર્ટના આદેશ પર કાર્યવાહી કરીને, પોલીસે ૧૯ ડિસેમ્બરે કેસ નોંધ્યો અને તપાસ શરૂ કરી હતી. છોકરીને અજમેર નજીકના ગામમાં લઈ જવાઈ હોવાનું બહાર આવ્યું હતુ.

**ગુજરાતમાં નકલીની ભરમાર જોવા મળી રહી છે**

# સુરતમાં બાંધકામ માટે ઉપયોગમાં લેવામાં આવતો સિમેન્ટનો જથ્થો પણ ડુપ્લિકેટ પકડાયો

| (માહિતી) સુરત, તા.૨૨ |

ગુજરાતમાં છેલ્લા ઘણા સમયથી નકલીની બોલબાલા છે. નકલી વકિલ, નકલી જજ, નકલી પોલીસ, નકલી ધારાસભ્ય, નકલી સચિવ સાથે નકલી તબીબો મળી આવવાની ઘટનાનો પણ રાફડો ફાટ્યો છે. ત્યાં હવે નકલી સિમેન્ટના કારોબારનો પર્દાફાશ થયો છે. સુરતમાં હલકી ગુણવત્તાનો બ્રાન્ડેડ સિમેન્ટના નામે હલકી કક્ષાની સિમેન્ટનું વેચાણનો પર્દાફાશ થયો છે. જેમાં ખટોદરા પોલીસે સિમેન્ટની ૪૧૦ બોરી જપ્ત કરી છે. તેમજ બ્રાન્ડેડ સિમેન્ટની બોરીમાં ભળતી કંપનીનો સિમેન્ટ આપી ખેલ પાડવામાં આવ્યો હતો.

પોલીસે રૂપિયા ૧.૪૩ લાખની હલકી કક્ષાની સિમેન્ટ નો જથ્થો જપ્ત કર્યો છે. જેમાં ખટોદરા પોલીસે રાજેશ પટેલ સહિત બે લોકોની અટકાયત કરી છે. જેમાં બજારમાં નામાંકિત કંપનીના નામે હલકી ગુણવત્તાની સિમેન્ટ પધરાવવાનો ખેલ શહેરમાં ચાલી રહ્યાં છે. જેથી કોના પણ અસલીના નામે ભરોસો કરવો તેને લઈને લોકોમાં સવાલો ઉભા થયા છે.

# જસદણમાં ૨૯ વર્ષીય ઢગાએ ૧૪ વર્ષની સગીરાનું અપહરણ કર્યું

| રાજકોટ, તા.૨૨ |

જસદણમાં ૨૯ વર્ષીય ઢગાએ ૧૪ વર્ષની સગીરાનું અપહરણ કરીને અલગ અલગ જગ્યાએ લઈ જઈ અડપલા કર્યા હતા. આરોપી રોહિત પીઠવાને પાનનો ગલ્લો હોવાથી તરૂણી ત્યાં અવાર નવાર વસ્તુ લેવા જતી હતી. એ દરમિયાન આરોપીએ પરિચય કેળવી નજર બગાડી અપહરણ કર્યું હતું. હાલ જસદણ પોલીસે આરોપીની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. જસદણ પોલીસ મથકે અપહરણ અને પોક્સો સાહિતની કલમો સાથે ગુનો દાખલ થયો હતો સાથે પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, આરોપી રોહિત રમેશભાઈ પીઠવા (ઉ.વ ૨૯)ને જસદણમાં પાનનો ગલ્લો છે. ભોગ બનનાર આરોપીના પાનના ગલ્લા નજીકના વિસ્તારમાં રહેતી હતી. દોઢેક વર્ષ પહેલા સગીરા આરોપીની દુકાને કોઈ વસ્તુ લેવા આવી હતી. માસુમ સગીરાને જોઈ આરોપીની નિયત બગડી હતી. તેણે સગીરા સાથે પરિચય કેળવ્યો હતો. લલચાવી ફોસલાવી મોબાઈલ નંબરની આપલે કરી હતી. પછી ઈન્સ્ટાગ્રામ પર ચેટિંગ કરી પોતાની વાતચીતમાં સગીરાને ભોળવી હતી. લગ્નની લાલચ આપી બે દિવસ પહેલા આરોપી ૧૪ વર્ષીય સગીરાને ભગાડી અપહરણ કરી ગયો હતો અને સગીરા લાપતા થતા તેના પિતાએ જસદણ પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી. ભોગ બનનારની ઉંમર માત્ર ૧૪ વર્ષ હોય, બનાવની ગંભીરતા જોઈને જસદણ પોલીસે સહિત અલગ અલગ ટિમો દ્વારા તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. બાદમાં આરોપીના ઘરે અને દુકાને પણ તે મળી ન આવતા તે જ અપહરણ કરી ગયો છે તેની ખાત્રી કરી હતી. હ્યુમન સોર્સ અને ટેક્નિકલ સોર્સની મદદથી આરોપી અને સગીરાની શોધખોળ શરૂ કરાઈ હતી. દરમિયાન બંને જસદણ તરફ આવતા હતા ત્યારે મળી આવ્યા હતા.

